


જગદ્વંદ્ય વિભૂતિની વિદાય

ચિત્રકાર : બંસીલાલ વ

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



ચિત્રકાર : બંસીલાલ વર્મા

આદર્શ સૌ મમ પ્રતિાઘિતમાં મને જો

ફેબ્રુઆરી ૧૯૪૮
અંક ૨૯૦
કુમાર

ચિત્રો

કાવ્ય

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા ૧૪ શિલિંગ. છૂટક નકલના બાર આના.

મહાત્મા ગાંધીજીની જીવનવ્યાપી મહત્તા : જીવનનું કોઈ પણ અંગ, કોઇ પણ ક્ષેત્ર એવું નહિ,હોય જ્યાં મહાત્માજીના તેજસ્વી પ્રતિભા-સૂર્યના પ્રખર રશ્મિ પથરાયાં નહિ હોય. મહાત્માજી એટલે જીવનવ્યાપી-વિશ્વવ્યાપી વિભૂતિ. તેમની મહત્તાનો સંપૂર્ણ ક્યાસ કાઢવો એ મુશ્કેલ જ નહિ પણ અશક્યપ્રાય કાર્ય છે.નીચેના કોઠામાં આપેલી જીવનના મુખ્યમુખ્ય ક્ષેત્રોમાંની તેમની ચીરસ્મરણીય કામગીરી તેમનાં અગાધ બુદ્ધિમત્તા તથા ઉત્તુંગ મહત્તાનો જ નહિ પણ તેમના જીવનલક્ષી ઉદાત્ત તત્ત્વજ્ઞાનનો પણ કંઇક ઝાંખો ખ્યાલ વાચકોને આપશે.

સત્ય-અહિંસા

રાજકારણ

રાજકારણને તદ્દન નવું જ સ્વરૂપ આપ્યું. જગતભરની કચડાએલી ગુલામ પ્રજાને સત્યાગ્રહનું દિવ્યાસ્ત્ર આપી 'शठं प्रत्यपि सत्यम्' એમંત્રને રાજકારણમાં પણ સફળ-રીતે આચરી બતાવ્યો. પોતાની અતુલનીય સંગઠન-શક્તિવડે કૉંગ્રેસને કેવળ ભણેલાઓની સંસ્થા ન રાખતાં ખેડૂતો અને મજૂરોમાં પહોંચાડીને એક શક્તિશાળી સંસ્થા બનાવી. પ્રચંડ આંદોલનો વડે સુપ્ત પ્રજામાનસને જાગૃત કરી ગુલામોમાંથી મનુષ્યો સર્જ્યા અને મુરદાં-માંથી મરદો ઊભા કર્યા, એટલું જ નહિ પણ જવાહરલાલ, વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ, રાજાજી આદિ અનેક રત્નોને શોધી કાઢી, પાસા પાડી ઘડયા. ૯૦૦ વર્ષથી વિંખાઇ ગએલા હિંદનું એક રાષ્ટ્ર તરીકે સર્જન કર્યું અને છઠ્ઠા મહાભારત લડતોનું સફળ સેનાપતિપદ ધારણ કરી હિન્દને સ્વાતંત્ર્ય-શિખરે પહોંચાડયું.

અર્થશાસ્ત્ર

(૧) **ગ્રામોદ્ધાર** અને **ગ્રામોદ્યોગ :** દેશના અર્થશાસ્ત્રનું મધ્યબિંદુ જે શહેરો હતાં તે બદલીને હિંદના હૃદય જેવાં ગામડાંમાં કેન્દ્રિત કર્યું તથા ગંદકી અને પતનના અગર સમાં થઈ પડેલાં ગ્રામોને ગ્રામોદ્ધારના સમર્થ કાર્યક્રમવડે ઓજસ્વી બનાવવાનો માર્ગ ચીંધ્યો. તથા ભારતવર્ષનું કલાકૌશલ્ય એક કાળે જેને કારણે દુનિયાભરમાં જાણીતું હતું, પણ પાછળથી અંગ્રેજોની કુટિલ રાજનીતિએ જેને કચડીને નામશેષ કરી નાખ્યા તે ગામડાના નાનાનાના હાથઉદ્યોગોને ફરી ગ્રામોદ્યોગ સંઘ દ્વારા સજીવન કર્યા.

(૨) **રેંટિયો :** હિંદના કરોડોની બેકારી ટાળવાના અ-દ્વિતીય સાધન રેંટિયાની શોધ અને પ્રચાર. 'ચરખા સંઘ' સ્થાપી લાખોને અન્નનો કોળિયો પહોંચાડયો

(૩) **ખાદી :** જ્યાં પરદેશી કાપડની બોલબાલા હતી ત્યાં શુદ્ધ સ્વદેશી કાપડ તરીકે ખાદીની પ્રાણપ્રતિષ્ઠા કરી દેશના ધોરી નસ સમા એ ઉદ્યોગને ઉત્તેજન આપવા સાથે ખાદીને સત્ત્વશીલતા ને દેશસેવાનું પ્રતીક બનાવ્યું.

શરીરશાસ્ત્ર

(૧) **પહેરવેશ :** જ્યારે મોટા દેશહિતચિંતક નેતાઓ પણ પશ્ચિમી ઢબનો પોશાક પહેરવામાં સભ્યતા માનતા હતા તે કાળે સાદા દેશી પોશાકની સ્વ ઉદાહરણથી હિમા-યત કરી, લઘુતા ભોગવતી દેશની સંસ્કૃતિને બચાવી લીધી.

(૨) **કુદરતી ઉપચાર:** હિંદના કરોડો કંગાલ લોકોના ઔષધોપચાર માટે ઓછામાં ઓછે ખરચે અને છતાં અસરકારક રીતે કુદરતી સાધનો દ્વારા જ અનેક રોગો દૂર કરવાની નૂતન ઉપચાર પદ્ધતિ સ્વાનુભવ પછી પ્રજા આગળ મૂકી અને પ્રચારી.

(૩) **ખોરાક :** જીવનભર ખોરાકના પ્રયોગો કરતા રહી શાકાહારી ખોરાકની શ્રેષ્ઠતા સાબિત કરી ને હાથછડના ચોખા,હાથઘંટીનો લોટ આદિ સાત્ત્વિકવસ્તુઓની મહત્તા લોકોને સમજાવી. દેશને ખુવાર કરતી દારૂની બદી કાઢી.

સમાજશાસ્ત્ર

(૧) **હરિજન-ઉદ્ધાર :** સમાજના અસહ્ય વિરોધનો સા-મનો કરીને ગુલામ દશા ભોગવતા હરિજનો ને સમાજમા બરાબરીનું સ્થાન આપી હિંદુ સમાજ પરનું એ કલંક દૂર કરવામાં મોટો ફાળો આપ્યો.

(૨) **સ્ત્રી-ઉન્નતિ :** અત્યાર સુધી તિરસ્કૃત નજરે જોવાતા સ્ત્રી વર્ગને સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું એટલું જ નહિ પણ આજ સુધી ઘરની દીવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી-શક્તિનો દેશસેવાના પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમના પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં.

(૩) **હિંદુ-મુસ્લીમ ઐકય :** હિંદને ભરખી જતા કોમી દાવાનળના શાંતિ માટેના ઉપાય તરીકે પ્રતિકૂળ પરિસ્થિ-તિ છતાં હિંદુ-મુસ્લીમ ઐક્યનો માનવતાનો સંદેશ આપ-તા રહ્યા ને તેને માટે પોતાના પ્રાણ પણ હોડમાં મૂકયા.

શિક્ષણશાસ્ત્ર

(૧) **વર્ધા યોજના :** સો એક વરસથી ચાલી આવતી મૅકોલેની કારકુની શિક્ષણ પદ્ધતિને બદલી નાખી શ્રમની મહત્તા સ્વીકારતી તથા સમગ્ર જીવનની સર્વાંગીણ ઉન્નતિ સાધતી 'વર્ધા યોજના' (નવી તાલીમ) ની રચના કરી ને તેને અમલમાં લાવીને તેનું અસરકારકપણું સાબિત કર્યું

(૨) **ગુજરાતી સાહિત્ય:** પોતાના પત્ર 'નવજીવન' દ્વાર ગુજરાતી ભાષાની પંડિતી કિલષ્ટતા તથા આડંબર દૂર કરી તેમાં તળપદી સરળતા તથા ચૈતન્ય દાખલ કરીને 'ગાંધીયુગ'ની શરૂઆત કરી. જોડણીકોશ રચાવી ગુજ-રાતી ભાષાનું જોડણી-અંધેર દૂર કર્યું.

(૩) **પ્રૌઢશિક્ષણ :** દેશની નિરક્ષરતા નાબૂદ કરવા પ્રૌઢશિક્ષણનો તેજસ્વી નંદાદીપ પ્રગટાવ્યો.

(૪) **રાષ્ટ્રભાષા :** સ્વતંત્ર દેશમાં રાષ્ટ્રભાષાની અગત્ય ઓળખી લોકો સહજ રીતે સમજી શકે તેવી હિંદુસ્તાની નો દેશભરમાં પ્રચાર કરી દેશને રાષ્ટ્રભાષા આપી.

ધર્મ ને સંસ્કૃતિ

સમસ્ત જીવનમાં અનાસક્ત કર્મયોગ આદરી ગીતાના અધ્યાત્મવાદને જીવનમાં પ્રત્યક્ષ કર્યો. રાજકારણમાં ધર્મનું સફળ રીતે અવલંબન કરી બતાવી ધર્મમય રાજ-કારણનું નવું જ યુગપ્રવર્તક પ્રકરણ શરૂ કર્યું. ઉપવાસ જેવી શુદ્ધ ધાર્મિક બાબતનો રાજકારણમાં નૈતિક બળ તરીકે સફળ ઉપયોગ કરી નવતર ચીલો પાડયો. પરદેશી સત્તાના પ્રભાવે છેલ્લાં નવસો વર્ષથી 'લઘુતા' ભાવનાનો શાપ ભોગવી રહેલી પ્રજાને તેમાંથી મુક્ત કરી તથા હતપ્રભ થએલી આપણી સંસ્કૃતિને ફરી તેજસ્વી બનાવી જગત પર વિજય મેળવવા પ્રવૃત્ત કરી. પુસ્તકોમાં જ પડી રહેલા હિંદના અનન્ય તત્ત્વજ્ઞાનને જીવનમાં આચરી બતાવી તથા પ્રત્યેક પળ સત્ય અર્થાત્ ઈશ્વરના સાક્ષાત્કારમાં વિતાવી એક પયગંબર તરીકે નામના મેળવી.

હરિનો હંસલો

કોણે રે ફૂલ્યો ને કોણે વીંધિયો ?
કલંકાયો કોણે કીધા ઘા ?
કોણ રે અપરાધી માનવજાતનો
જેને સૂઝી અવળી મત આ ?
રુધિરે રંગાયો હરિનો હંસલો !

પાંખ રે ઢાળીને હંસો પોઢિયો,
ભોળોભાળો ધરણીને અંક;
કરુણાઆંજી રે એની આંખડી,
રામની રટણા છે એને કંઠ.
રુધિરે રંગાયો હરિનો હંસલો !

હિમાળે સરવર શીળાં લ્હેરતાં,
ત્યાંનો રે રહેવાસી આ તો હંસ;
આવી રે ચડયો'તો જગને ખાબડે,
જાળવી જાણ્યો ના આપણ રંક!
રુધિરે રંગાયો હરિનો હંસલો !

સાંકડાં ખોદ્યાં રે અંતરખાબડાં,
રચ્યો રે સરવર રુડાં સાફ;
આગરેનો અતિથિ આવે હંસલો,
આપણી વચાળે પૂરે વાસ.
રુધિરે રંગાયો હરિનો હંસલો !

બાલમુકુન્દ દવે

વૈષ્ણવ જન

આદર્શ માનવીનું આલેખન કરતું મહાત્માજીનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુ:ખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યા રે.

રડો ન મુજ મૃત્યુને !

"રડો ન મુજ મૃત્યુને ! હરખ માય આ છાતીમાં
ન રે !—કયમ તમે ય તો હરખાતાં ન હૈયામહીં ?
વીંધાયું ઉર તેથી કેવળ શું રક્તધારા છૂટી,
અને નહિ શું પ્રેમધાર ઊછળી અરે કે રડો ?
હતું શું બલિદાન આ મુજ પવિત્ર પૂરું ન કે ?
અધૂરપ દિઠી શું કૈં મુજ અક્ષમ્ય તેથી રડો ?
તમે શું હરખાત જો ભય ધરી ભજી ભીરુતા
અવાક અસહાય હું હૃદયમાં ફરી સત્યને
શ્વસ્યાં કરત ભૂતલે ? મરણથી છૂટ્યો સત્યને
ગળે વિષમ જે હતો કંઈક કાળા ડૂમો ! થયું
સુણો પ્રગટ સત્ય: વૈર પ્રતિ પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ !
હસે ઈશુ, હસે જુઓ સુક્રતુ, સૌમ્ય સંતો હસે."

"અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન."

(સંસ્કૃતિ) ઉમાશંકર જોષી

ગયા બાપુ !

મોટા ઘરનો મોભ તૂટ્યો આ ? કે વ્હાણનો કૂવા-થંભ ?
ફાટ્યો પ્હાડનો પ્હાડ હિમાલય ? કે આ કો ઘોર ભૂ-કંપ ?
બની જોગ ગાંધી વિનાની !
તૂટી હાય ! દાંડી ધરાની !

સાગર આખો ઘોર ખેડીને નાથ્યા ઝંઝાવાત,
ખરાબે લાવી પછાડી
મૃત્યુ, તેં નાવ અમારી !

ગયા બાપુ ! ઋત ગયું શું ? ગયાં પ્રેમ ને ત્યાગ ?
ગયા ગાંધી ! સત્ય ગયું શું ? ગયાં શીલ-સોહાગ ?
મનુકુળભાણુ ભુંસાયો ?
ધરાનો પ્રાણ હણાયો ?

(ગુજરાત સમાચાર) સ્નેહરશ્મિ



કોના સુણીને સૂર આંસુભીના
ગળી જતી વિશ્વની ઘોર હિંસા?
હલેચવા પાપ યુગો યુગોનાં
શું ઊતરી મૂર્તિમતી અહિંસા ?
(ફોટો · જગન મહેતા)

અંગો બધા સંયમથી રસેલાં,
કંગાલની હાયથકી ભીંજેલાં;
લંગોટીમાં કાય લઈ લપેટી,
ચાલે પ્રભુપ્રેરિત પ્રેમમૂર્તિ.

કંકાલને તાંડવનૃત્ય શીખવ્યાં,
મૃત્યુમહીં જીવન ઓળખાવ્યાં;
ને છૂટવા ભીષણ નાગચૂડથી
આપી તમે નિર્મળ પ્રેમબુટ્ટી.

(ઉમાશંકર)

મહાત્માજીનો દેહવિલય

બધી ઉપમાઓ ભોંઠી પડે છે. મહાન ઉલ્કાપાત થયો છે, કારમું વજ્ર ત્રાટક્યું છે. ભીષણ ધરતીકંપ થયો છે, એમ અમે તે રીતે આલેખવા પ્રયત્ન કરવા છતાં યે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અવસાનથી આવી પડેલી આપત્તિનો તથા માનવ જાતને પડેલી ખોટનો ખ્યાલ આપી શકાતો નથી.

આપણામાં એક કહેવત છે: 'લાખ મરજો, પણ લાખનો પાલનહાર ન મરજો' પણ આ તો લાખોના શું, આ દેશના ચાળીસ કોટિના પાલનહાર જ નહિ પણ તારણહાર હતા. પરાધીન બનેલા આ દેશ પરની ગુલામીની બેડી તોડી નાખીને તેના કોટિગણ માનવોની ઝંખના સમી આઝાદી એમના ખોળામાં લાવી આપીને એમણે દેશને તારી દીધો એમ કહીએ એ તો માત્ર ટૂંકી દૃષ્ટિનો ને ઊણો ઋણસ્વીકાર થયો. એમણે અપાવેલી રાજકીય આઝાદી એ તો એમના મહાનુભાવી જીવનકાર્યના એક પ્રતીક રૂપે ગણાય. એ 'તારણહાર' તો એ શબ્દના સાચા ને વિશાળ અર્થમાં તારણહાર હતા. છેક ઊગતી કુમાર વયથી 'સત'ના પાયા પર પોતાના જીવનનું ચણતર શરૂ કરીને ૭૮ વર્ષના એ લાંબા જીવનપટની એકએક પળને એમણે માત્ર આ દેશના જ નહિ, પરંતુ સમસ્ત માનવજીવનનાં જૂનાં ને કૃત્રિમ મૂલ્યોનું આમૂલ પરિવર્તન કરી નાખવામાં ખર્ચી તેની કાયાપલટ કરવાને ભગીરથ પ્રયત્ન કર્યો. પરાધીનતાની અંધિયાર અસર અને વિચારહીન પરંપરાની જડતામાં, કૃત્રિમ, છીછરું, નિસ્તેજ અને પાંગળું જીવન પરદેશી સત્તાના બોજ નીચે મૂગા ઢોરની માફક લાચારીથી વહ્યે જતી આ દેશની જનતાના જીવનસમસ્તને પોતાની શુચિ વિચારધારાથી જળબંબોળ ધોઈનાખીને એમણે જિંદગીના સ્વચ્છ પાટી ઉપર જાણે નવો પાઠ મંડાવ્યો. રોજિંદા પોશાકમાં બે આનાની ટોપીની સાદગી દાખલ કરવાથી માંડીને સતના પાયા પર પરિશુદ્ધ જગકલ્યાણક જીવનના આદર્શ સુધીના વિસ્તારી પટમાં આર્થિક, રાજકીય, નૈતિક ને આધ્યાત્મિક, બધાં જ પાસાંઓનું નવેસરથી ઘડતર કરીને એમણે દેશસમસ્તના જીવનને અવનતિની ખાઈમાંથી ઉગારી લીધું. એટલું જ નહિ પણ હિંસાના જાળામાં અટવાઈ રહીને ચિરશાન્તિને ઝંખતા જગતને ફરી એક વાર માનવપ્રેમ અને કરુણાનો સાચો રાહ પોતાના પ્રત્યક્ષ જીવનથી પ્રબોધ્યો.

અને એવા માનવમણિના વિભૂતિમય, પુણ્યશ્લોક જીવનનો આપણામાંના જ એક હીનભાગીએ ખૂન કરીને અંત આણ્યો!

'બુદ્ધ, ઇશુ અને મહાવીર પછી બે હજાર વર્ષે પ્રકટેલા, માનવ બંધુભાવ અને જગત્શાન્તિના એ સૌથી મોટા પ્રબોધક, માનવીમાત્રના મૂળભૂત હક્કોના પાયા ઉપર વ્યક્તિસ્વાતંત્ર્યનો જંગ ખેલનાર માનવજાતની આઝાદીના એ ધ્વજધારી, હજારહજાર વર્ષથી ગુમાવેલી આ વિશાળ ભૂમિખંડની આઝાદી એક પચ્ચીસી જેટલા ટૂંકા ગાળામાં હાંસલ કરી આપનાર ભારતરાષ્ટ્રના સર્જનહાર અને આ દેશના કોટિગણ માનવના એ રાષ્ટ્રપિતા, પ્રાર્થના કરવા જતા હતા ત્યાં (પોતાના દેશ બાંધવોનાં દિલમાં વ્યાપેલી ધિક્કારની લાગણી ઓસરી જઈને દેશમાંથી હિંસાવૃત્તિ નાબુદ થાય, એવી પોતાની રોજિંદી પ્રાર્થના કરવા જતા હતા ત્યાં!) એક ઘાતકી 'હિંદુ'ની ગોળીનો ભોગ થઈને મૃત્યુ પામ્યા. આવી વિભૂતિનો, આવા સમયે, ને આવી રીતે અંત આવે, એ પ્રસંગની કરુણતા અને કટુતા, વિધાતાનો એમાં રહેલો ક્રૂર કટાક્ષ વર્ણવવાને શબ્દો નથી. આજે ચોધાર આંસુએ વિલાપ કરી રહેલી દેશની જનતાનાં એ આંસુ પણ, પિતૃહત્યાના આ કારમા પાપનો ડાઘ, પેઢીનપેઢી સુધી પોતાના આત્મા પરથી ધોઈ નાખી શકવાનાં નથી.'

આ અંકની માધુકરીને મથાળે ઉતારેલો કવિ શ્રીધરાણીનો પ્રશ્ન ફરીફરીને મન આગળ ખડો થાય છે:

યુગેયુગે એક અલૌકિકાત્મા
આ વિશ્વના યજ્ઞમહીં ધરાશે ?
ન તોય ભૂખ્યો જગ દુષ્ટ આત્મા
તૃષા ત્યજી શાન્ત સુરમ્ય થાશે ?

નઠોર માનવજાત આ બે હજાર વર્ષ પછી પણ શું એની એ જ રહી છે? સોક્રેટિસને ઝેર દીધું, ઈશુને ક્રૂસ પર ચડાવ્યો, લિંકનને ગોળીએ દીધો, મહર્ષિ દયાનંદને ઝેર દીધું, ગાંધીજીને ગોળીએ દીધા. . . . .હજી યે કોઈને ક્રૂસ પર જડવા છે?

આ વેદના આજે પ્રત્યેક સમજુ દેશવાસીના દિલને વલોવી રહી છે. કવિ ઉમાશંકરે એ વેદનાને સાકાર કરતાં લખ્યું છે કે:

'અમે ન રડીએ પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.'

પણ આપણે હવે રડીને જ બેસી ન રહીએ. જીવન પરનું એ દૈન્યનું કલંક પ્રાયશ્ચિત્ત અને પુરુષાર્થના પાવક જળથી ધોઈ નાખીએ. માનવજાતના કલ્યાણ માટેની મહાનુભાવોની આ બલિદાન-પરંપરા આગળ આપણે હવે છેલ્લું પૂર્ણવિરામ મૂકવા મથીએ. એને માટેનો સ્પષ્ટ માર્ગ તો એ પ્રબોધી જ ગયા છે. આપણે તો માત્ર એ ચીલા ઉપર, પગલાંને નિશ્ચલ બનાવીને, હૃદયને શ્રદ્ધાથી મઢીને અને આંખને ધ્યેય પર જડી રાખીને આગળ જ ધપવાનું છે.

હવે

ગમે તેટલું દુઃખ થાય તો પણ તમારે બધાએ એ ભૂલવાનું નથી કે હવે તો આપણા બધાની કસોટી છે. આપણે બધા અડગ ઊભા રહીએ અને તે પણ આપણી હરોળમાં કોઈ પણ પ્રકારની ફાટફૂટ વિના મક્કમ રીતે. હિંદનો જે બોજ આપણે ઉપાડવાનો છે એ બેહદ છે. છતાં દિલ ન ખોતા, હિંમત ન હારતા. સૌ એકત્ર બની ખડા રહેજો અને ગાંધીજીએ અધૂરાં મૂકેલાં કાર્યને પૂરાં કરજો. (સરદાર વલ્લભભાઈ પટેલ)

પૂ. ગાંધીજીનાં પુણ્યસ્મરણો



લેખક

રવિશંકર રાવળ

૧૯૧૮માં મુંબાઈમાં મળેલી રાષ્ટ્રીય મહાસભાની બેઠક વખતે હું સ્વ. હાજીમહમદના માસિક 'વીસમી સદી'ના તંત્રમાં તેમના એક અંગત સાધન જેવો બની ગયો હતો. હું પોતે રાજદ્વારી વિષયોમાં કશો જ રસ ધરાવતો ન હતો; પણ મારી સ્કેચ કરવાની આવડત પર બહુ શ્રદ્ધા ધરાવતા એ મિત્રે પત્રકાર તરીકેનો પોતાનો પાસ મને આપી, એ મહાન રાષ્ટ્રસભામાં દરવાજેથી અંદર ધકેલ્યો ત્યારે પહેલી જ વાર એની વિશાળ મેદની જોઈ હું મૂંઝવણમાં પડી ગયો. પણ વ્યાખ્યાનમંચની પાસેના પત્રકારોના વિભાગમાં પહોંચીને એ જગ્યાએ જઈ મેં જ્યારે પેન્સિલ ચલાવવા માંડી ત્યારે અન્ય પત્રકારોએ બંધુકૃત્યથી બહુ મોખરે જવાની તક કરી આપી. વ્યાખ્યાનમંચ ઉપર આવતા કંઇક મહાન નેતાઓ ને વક્તાઓમાંથી મેં જાણીતાના આલેખો લીધા. તેમાં મેં આગ્રાની ધોળી ટોપી, શેરવાની ને સુરવાલ પહેરીને બેઠેલા, એ કૉંગ્રેસના પ્રમુખ સરઇમામહુસેનની પૃથ્વીરાજ જેવી આંકડા વાળેલી મૂછો અને પ્રભાવી જુસ્સાદાર ચહેરો મારી પેન્સિલ માટે પ્રેરક તત્ત્વો હતાં. લોકમાન્ય તિલક, સર દીનશા વાચ્છા, સુરેન્દ્રનાથ બૅનરજી, પંડિત માલવીયજી આદિ અગ્રગણ્ય અને મહાન નેતાઓ, એક લાંબા ટેબલ ઉપર પ્રમુખની બંને બાજુ બેઠા હતા. તેમાં ડાબી બાજુની હારમાં, છેક છેડે, કાઠિયાવાડી ફેંટો, અંગરખા અને ખેસવાળા પ્રૌઢ વયના એક દુબળા સૌમ્ય અને શાન્ત પુરુષ બેઠા હતા. તેમણે જમણો હાથ ચિંતન કરતા હોય એમ લમણે લગાડી ટેબલ પર ટેકવ્યો હતો. પૂરા પશ્ચિમી લેબાસમાં આવેલા મોટા ભાગના નેતાઓ વચ્ચે આ આકૃતિ વેદના અને પવિત્રતાની છાપ પાડી રહી હતી. અને એનો આ રાષ્ટ્રીય પોશાક ભારતની ગુલામી સામે મૂગો પોકાર કરી રહ્યો હતો. એ યુગમાં જાહેરમાં એવો દેશી પોશાક પહેરવો એ પણ મોટું હિંમતનું કામ ગણાતું; પણ એ તો સત્ત્વશુદ્ધિના બળ વડે આફ્રિકાની સત્યાગ્રહની લડત જીતી આવેલા મોહનદાસ કરમચંદ ગાંધી હતા. એના વિના આવી હિંમતભરી પહેલ બીજું કોણ કરે? મારી પેન્સિલે એમનો એક આછો સ્કેચ કરી લીધો જે હજુ સચવાયો છે. (જુઓ ઉપર) દીનબંધુ ઍન્ડ્રુઝ પણ તેમની સાથે હતા અને તે પણ સફેદ પહેરણ ને પહોળો પાયજામો પહેરીને બેઠા હતા. સાંજે હું મંડપ છોડી નીકળ્યો તે વખતે હાજીમહમ્મદ દરવાજે રાહ જોતા જ ઊભા હતા. પહેલી ઝડપે તેમણે મારી સ્કેચબૂકની માગણી કરી મને એક બાજુ લઇ ગયા. તેમણે પ્રસંગના મહત્ત્વને વિચારી પ્રમુખનો સ્કેચ ફાડી લીધો અને પરબાર્યો બ્લૉક કરાવવા લઇ ગયા. ગાંધીજી એ વખતે એટલા બધા તટસ્થ અને નિષ્ક્રિય લાગતા હતા કે હિંદના પત્રકારો પણ તેમની માન્યતા કે કાર્ય પ્રતિ આકર્ષાયા નહોતા.

૧૯૧૯માં મેં અમદાવાદને મારું જીવનકાર્યનું કેન્દ્ર બનાવ્યું તે વેળા ગાંધીજીએ કોચરબ આગળ સ્વ. બૅરિસ્ટર જીવણલાલ વરજરાયના બંગલામાં મુકામ નાખેલો. મારા પરમ સ્નેહી, મુ. ડૉ. હરિપ્રસાદ રોજ સાંજે તેમની પાસે જતા. એ બધા રોજ વાતો, ચર્ચાઓ તથા વિરોધ પણ કરતા. એક વખત રીચીરોડના ફુવારા આગળ તેમણે, લાંબો કોટ, ધોતિયું અને ફેલ્ટની ગોળ ટોપી પહેરેલા, મોટી આંખોવાળા, ગંભીર વદનવાળા અને ધીમી ચાલે ચાલતા, બેઠા બાંધાના એક પ્રૌઢ પુરુષની ઓળખાણ કરાવી. તેઓ એ વખતના જાણીતા બૅરિસ્ટર શ્રી વલ્લભભાઈ પટેલ હતા. શ્રી વલ્લભભાઈ ને ગુજરાત કલબ આગળથી છૂટા પડી ગયા ને અમે કોચરબ સુધી ચાલતા ગયા. ગાંધીજીના આશ્રમ-બંગલામાં ખાસ કંઇ સાધનો નહોતાં. ત્યાં તેમણે એક શાળા શરૂ કરી હતી, જેમાં પોતે પણ ભણાવતા ને શિક્ષણના અખતરા કરતા. ચાલુ કેળવણીની કેટલીયે ખામીઓ તેમને સૂઝી આવી હતી ને તે પરથી એક નવી જ યુનિવર્સિટી કાઢવાનો નિર્ણય કરી ચૂક્યા હતા. એ બધી વાતો

(અનુસંધાન પૃ. ૫૫ મે)



૧૯૨૨માં અમદાવાદમાં રાજદ્રોહના ગુનાસર કેસ ચાલીને પહેલી સજા થઇ ત્યારનું દૃશ્ય (સ્કેચ : ર. મ. રા.)

વિશ્વામિત્રી

એક રેડિયો રૂપક

રેડિયો–રૂપક, એ નાટકના વિશાળ ક્ષેત્રનું જ એક વિશિષ્ટ અંગ ગણાવા માંડયું છે. એના આયોજન માટે ચોક્કસ નિયમો ઘડાતા આવે છે. અનુભવ અને અભ્યાસને લીધે એ દિશામાં કંઈક હું પણ શીખી શકયો છું, શીખું છું. આ એક પ્રયત્ન છે, પ્રકાર છે. આ જાતિમાં વિવિધ પ્રકાર સંભવી શકે છે. એ વિષે લખવા બેસીએ તો એક અલાયદો ગ્રંથ બને.

આ ત્રીસ મિનિટનું રેડિયો–રૂપક છે. રંગભૂમિ માટે તે ૪૫ મિનિટનું એકાંકી રહેજે થઈ શકે. આ રૂપકમાં ઉપયોગમાં લેવાએલા મંત્રો માટે હું શ્રી હરિહરપ્રસાદ ભટ્ટ, શ્રી શંકરપ્રસાદ શાસ્ત્રી અને શ્રી અમૃતલાલ શાસ્ત્રીનો આભારી છું.

—ચં૦

ચન્દ્રવદન મહેતા

પ્રવચક : વિશ્વામિત્રી...

[જલતરંગમાં સા રી ગ મ પ ધ ની સા.]

પ્રવચક : એક રેડિયો–રૂપક : લેખક ચન્દ્રવદન મહેતા. [જલતરંગની એક ગત : ૩૦ સેકન્ડ]

નદી : કેવો રળિયામણો પ્રદેશ છે! અરે ઊડી જાઓ! ઊડી જાઓ! હં હં! પંખીઓ બીચારાં! ઊડી ગયાં. ગગનમાં ઘૂમતાં મારી સામે તિરસ્કાર વર્ષાવતાં હો એમ જાણે પાંખોના ફફડાટ શાને કરો છો? ગ્રીષ્મના ઘામ ધખતા અઘોર તપશે ત્યારે ઠેઠ ઠારવા જલપાન કરવા તો મારે જ કાંઠે આવશો ને?

—ના, તરુવર! એમ કંપો નહિ. લ્યો, તમારી પ્રદક્ષિણા કરીને જાઉં. હું કંઇ ગંગા નથી, કે નથી પેલી વિશાળહૃદયા બ્રહ્મદેશની પદ્મા; હું તો નાની ઝરણી છું, સ..ર..ર...ર, સરતી, પણ સરિતા નહિ. ઓ મા! આ તો કોઇ રાક્ષસને પણ ભુલાવે એવી ભયંકર શિલા! હવે કેમ આગળ વધાશે? જાણે આડો પડયો ડુંગરો! અરે ભગવાન! પ્રદક્ષિણા પણ કેટલી કરું?

વિશ્વામિત્ર : બસ, તો અહીં જ થંભી જા, બાલે!

નદી : કોઇ બોલ્યું–કોણ છો તમે? કોણ બોલ્યું? ના...આ...રે. એકાંતમાં ભ્રમ પણ કેવાકેવા ઉદ્ભવે છે! અહીં આવા નિર્જન સ્થળમાં તે વળી કોણ આવવાનું હતું? અરે! પણ આ અહીંથી હવે હું આગળ કેમ જઈશ? મારો માર્ગ રૂંધાઈ જ ગયો લાગે છે. આવા ડુંગરા કોરવાનું કંઈ મારામાં સામર્થ્ય નથી. ઓ ભગવાન! હું શા માટે આ માર્ગે ઢળી?

વિશ્વામિત્ર : મનોબલ હોય તો ડુંગરા પણ ડોલી જાય, વત્સે!

નદી : પુન: એ પ્રતિઘોષ! એ અહીં કોણ છે—મને એકલીને આવું કહેનાર?

વિશ્વામિત્ર : મારી પાછળપાછળ વહી આવ.

નદી : પણ કયાં આવું? તમે છો કોણ? હું તો અહીં કોઇને દેખતી પણ નથી. મને શીદ ભયભીત કરો છો, ડરાવો છો?

વિશ્વામિત્ર : તારે આગળ કયાં જવું છે?

નદી : કયાં શું વળી? જ્યાં નદી ભળે ત્યાં. હું તો મારા સાગરને શોધવા નીકળી છું.

વિશ્વામિત્ર : પણ પથ પારખ્યા વિના જ કંથ શોધવા નીકળી છે?

નદી : કંથની વાત તો નથી જાણતી, પણ સાગરવર આખરે મળશે એવી અંતરને પૂરી પ્રતીતિ છે. એટલે તો સરી નીકળી છું.

વિશ્વામિત્ર : માર્ગનો વિચાર કર્યા વિના? અનાયાસ? એમ જ?

નદી : મને મારો ઇપ્સિત વર મળશે જ એવી મને દૃઢ શ્રદ્ધા છે. એ જ મારું આહ્લાદક આશ્વાસન છે.

વિશ્વામિત્ર : અને તારો સાગરવર નહિ મળે તો કુમારી રહેશે?

નદી : ના, મારે કુમારાં નથી રહેવું. સરસ્વતીને એમ જ કુમારાં રહેવાના કોડ હતા, અને મરુભોમમાં કયાંયે અલોપ થઇ ગઇ! ધરતીમાં સમાઇ ગઈ કે સ્વર્ગે ઊડી ગઇ, કોણ જાણે! પણ પંડિતોને એ જ્ઞાનસંપન્ન ધરતી જોઇજોઇ નિશ્વાસ મૂકી બોલતા મેં સાંભળ્યા છે: अत्र लुप्ता सरस्वती!

વિશ્વામિત્ર : બાલા! છે તો નાની, પણ વિદ્યાભ્યાસંગિની લાગે છે!

નદી : પણ શું કરું વિદ્યાને? આ જુઓને, ભલભલાની પણ હિંમત હણી લે એવો આ માર્ગ આડો ડુંગરો! તમે યે કેવા છો? વાતબળે ગૂંથી અંતરની કથની જાણી લીધી, પણ તમે કોણ છો એ તો કંઇ કહેતા જ નથી. કયાં છો, કયાંથી બોલો છો? કે અગોચર રહીને મને છેતરો છો? હવે હું કયાં જાઉં? સામી છાતીએ શિલાફાંસલે હું ફસાઇ પડી! ઓ રે! મને તો અકળામણ થાય છે. ઓ ભગવાન! ઓ દેવ! ઓ...ઓ... ઉંહ...ઉંહ...

[છેલ્લાં બે વાકયો રહે ત્યારથી ધીમેધીમે જલતરંગ શરૂ કરવું નિ સા...નિ સા...ધ નિ સા...ધ નિ સા... (૪૫ સેકન્ડ)]

નદી : હા...આ...શ! આ શું? અનાયાસ, સહસા, ડુંગરા ડોલ્યા અને માર્ગ મોકળા થયા! ધન્ય વિધિ! કેવો રમ્ય અને વિશાળ ધરાતલનો પ્રદેશ! રમતી રસળતી દોડયા જ કરું! અરે! પણ આનંદના ઓઘમાં ડુંગર બે ભાગમાં વ્હેંચાઈ ગયો એનો તો અનુગ્રહ સ્વીકારવાનું પણ ભૂલી ગઈ. લાવ પાછી જાઉં!

વિશ્વામિત્ર : ના, મારી સાથેસાથે ચાલ્યા કર!

નદી : પણ તમે છો કોણ? કેમ આમ અગોચર રહીને વાતો કરો છો? મને દર્શન તો આપો!



વિશ્વામિત્ર : બાલે!

નદી : આ—ઓ—તમે તો...આપ આપને પ્રણામ કરું છું.

વિશ્વામિત્ર : ચિરંજીવ હો, વત્સે!

નદી : આપના આશીર્વાદથી બહુ આનંદ થયો ભગવન્! અને દર્શનથી તો એથી યે અધિક. પણ હું એકલી ચિરંજીવી બનીને શું કર

વિશ્વામિત્ર: તારું સૌભાગ્ય ફલદાયી નીવડો, બાલે!

નદી: કૃતાર્થ થઇ, મહાપુરુષ! આપના દર્શનથી મને અત્યંત આનંદ થયો; પણ આપ આ લાટ પ્રદેશે?—

વિશ્વામિત્ર: ઓહો! તે તું મને ઓળખી પણ ગઇ?

નદી: ગાધીપુત્ર કૌશિકની પરાક્રમકથાઓ તો ભારતવર્ષમાં અસંખ્ય જીભે સાંભળી છે. અને જેના નામ માત્રથી દેવો પણ કંપે છે એવા મહર્ષિ વિશ્વામિત્રને કોણ નહિ ઓળખે?

વિશ્વામિત્ર: તારું કલ્યાણ હો, બાલા!

નદી: આપની જ કૃપાથી ત્યારે તો આ ડુંગરાએ માર્ગ મોકળો કરી આપ્યો હશે! મહાભાગ! તપોધન! આપનો—

વિશ્વામિત્ર: બાલા! તેં તારો માર્ગ નિશ્ચિત કરી લીધો છે—

નદી: ના...આ...રે! શી રીતે કરું? હજી તો હું ધરતીને ખોળે પ્રસરું છું ત્યાં તો અચિન્ત્યો મેં આપનો આદેશ સાંભળ્યો.

વિશ્વામિત્ર: અને તને જરા યે ડર ના લાગ્યો?

નદી: ના, મને પણ એ નથી સમજાતું. આપના આદેશમાં દૂર-દૂરથી મારું કોઇ આત્મીય બોલાવતું હોય એવું લાગ્યું. આપનાં વચન સાંભળી ગદ્ગદિત થઈ ગઇ. આપની આજ્ઞાનુસાર હું સરવા લાગી.

વિશ્વામિત્ર: હં હં!

નદી: એટલું જાણતી હતી કે સાભ્રમતી પણ આ દિશા તરફ વળ્યાં હતાં, તથા સૂર્યપુત્રી તપતી પણ. અને પ્રાતઃસ્મરણીય નર્મદાજીની કથા તો પ્રખ્યાત જ છે. મને જરા મહીસાગરનો ભય હતો.

વિશ્વામિત્ર: કેમ?

નદી: કોણ જાણે, મનમાં એવી આશંકા જ થયા કરતી કે એની સમીપ જઇશ તો એ એના ઉન્માદથી ઝડપી જ લેશે, એટલે તો એકલી અટૂલી આ બાજુ ઢળી. અને આપ મળ્યા, અને આ બાજુ વળી.

વિશ્વામિત્ર: હં હં! હં હં!

નદી: હૈયે કોડ તો અનેક હતા કે પ્રભાસતીર્થે જઇ ભગવાન સોમનાથનાં દર્શન કરું, અથવા સીધી દક્ષિણ દિશાએ જઇ કન્યાકુમારીને મળું. વ્યાસતીર્થ તો માતા નર્મદાએ પોતે જ પાવન કર્યું, એટલે ભગવાન ભૃગુ કે મુનીન્દ્ર માર્કંડેયના આશ્રમે જઈ પ્રણિપાત કરવાની ધન્ય પળ તો મારા ભાગ્યમાં ક્યાંથી જ હોય?

વિશ્વામિત્ર: બાલપણમાં પણ ઠીક સંસ્કાર અને ઘટિત જ્ઞાન પામી લાગે છે!

નદી: ખરું કહું તો એ આપનો જ પ્રતાપ છે. હું જાણું છું કે હું તો છું નાની. મારું ગજું કેટલું? પતિતપાવની ગંગા જેટલું મને કંઇ ઓછું જ સદ્ભાગ્ય સાંપડવાનું હતું—કે કોઇ ભગીરથ આવીને મને દોરવી જવાનો હતો?

વિશ્વામિત્ર: (હસીને) વત્સે! એવી વસ્તુનો સંતાપ નહિ કરવો.

નદી: ના...આ...રે! સંતાપ શું કરે? ને તે પણ આપ સરખા મહર્ષિના સાન્નિધ્યમાં? પણ આપ આ ગુર્જર દેશે ક્યાંથી, એ તો કહ્યું જ નહિ?

વિશ્વામિત્ર: વિચાર તો ભૃગુઆશ્રમે પરિક્રમણ કરી વ્યાસતીર્થ જઇ પહોંચવાનો હતો. પણ માર્ગે તને ભાળી અને હું આ દિશામાં દોરાયો. અને વળી લાટ પ્રદેશની કીર્તિ ક્યાં અજાણી છે?

નદી: હા, મને પણ કોઇકે કહેલું હતું કે કેવાં પવિત્ર તીર્થો અને કેટલા પ્રાચીન આશ્રમો અહીં ઉપસ્થિત છે! કોણ કહેતું હતું કે વરદા, શાંતિદા અને મોક્ષદા ભૂમિ તો અહીં જ છે?

વિશ્વામિત્ર: હા, છે; ના...હતી. ભાવિની વાત તો કોણ જાણે—પણ જરા ઘડીભર થોભજે હં, હું...

નદી: આ તો સાચે જ અદ્ભુત! એટલામાં એ ક્યાંયે અલોપ થઈ ગયા! હું કેટલી નિશ્ચિંત હતી, અને એ ચાલ્યા ગયા. તપસ્વીઓનું તો ભલું જ પૂછવું! આવે અને અલોપ પણ થઇ જાય. હવે તે હું આગળ ક્યાં વધું? ઓ ભગવાન!

શૂદ્રી: દેવી જેવાં દેખાતાં ઓ તમે! એમ આંખો મીચીને કોનું ધ્યાન ધરો છો?

નદી: હેં? કોણ? તેં એને જોયા?

શૂદ્રી: કોને જોયા? હું તો તમને જોઈ રહી છું. આપનું નામ?

નદી: મારું નામ! સાચું કહું? મારે કંઈ નામ જ નથી. અને મને વળી નામની શી જરૂર? પણ કહે, તેં એમને જોયા?

શૂદ્રી: મેં તો કોઇને જોયા નથી. તમને દૂરથી આવતાં દેખીને હું તમારી સમીપ યાચના કરવા આવી છું.

નદી: યાચના? મારી પાસે આપવા જેવું તો કશું જ નથી.

શૂદ્રી: ના, ઘણું છે. આપશો?

નદી: પણ તમે છો કોણ, તે તો કહો! પછી અપાય એવું હશે તો જરૂર આપીશ

શૂદ્રી: તે પહેલાં આપ કોનું ધ્યાન ધરતાં હતાં તે મને નહિ કહો?

નદી: ધ્યાન તો નહોતી ધરતી; પણ એકાએક એ અંતર્ધ્યાન થઈ ગયા એનું રહસ્ય ઉકેલવા મથી રહી હતી.

શૂદ્રી: એ કોણ?

નદી: કુશવંશોત્પન્ન મહાતપસ્વી ગાધીપુત્ર વિશ્વામિત્ર—

શૂદ્રી: મહર્ષિ વિશ્વામિત્ર! એ અહીં હતા?

નદી: હા. એ મને અહીં સુધી તો લાવ્યા; અને પછી તો એકાએક અલોપ પણ થઇ ગયા.

શૂદ્રી: કલ્યાણી! કેટલા શુભ સમાચાર ત્યારે તમે મને આપ્યા? હું છું સૂર્યવંશી ઇક્ષ્વાકુ કુળે ઉત્પન્ન થએલા નિબંધન રાજાના પુત્ર સત્યવ્રતની ધર્મપત્ની. દૈવવશાત્ મારા પતિએ બ્રહ્મર્ષિ વસિષ્ઠની ગાય એક દિવસ ભૂલમાં કાપી નાંખી, એથી શાપિત થયા.

નદી: એ તું શું કહે છે? ખરેખર?

શૂદ્રી: દેશે દુષ્કાળ હતો. મહર્ષિ વિશ્વામિત્ર તપ કરવા ગયા હતા. એમનાં પત્ની તથા પુત્રો અમારે આશરે હતાં, એમને અમે એ કપરા સંજોગોમાં નિભાવ્યાં, એમ કરતાં આ ભૂલ થઇ ગઈ.

નદી: એને એ શો શાપ હતો?

શૂદ્રી: કે મારા પતિ સત્યવ્રત અહીં અરણ્યમાં ચાંડાળ થઇ રહે. એને બધાં ત્રિશંકુ કહીને સંબોધે છે.

નદી: ઓ ભગવાન!

શૂદ્રી: દેવી! મારી કથા હજી અધૂરી છે. રાજપુત્ર સત્યવ્રતે પછી તો તપ કીધાં, યજ્ઞકાર્યો આદર્યાં. ચાંડાલ કર્મકાંડ કરી જ ન શકે એમ કહી બ્રાહ્મણોએ એમને અત્યંત વિરૂપ અને શ્યામ રંગના બનાવી મૂક્યા છે. પિશાચથી યે ભયંકર એમનું સ્વરૂપ બનાવી દીધું છે.

નદી: અને તું એની પડખે રહી સેવા કરે છે?

શૂદ્રી: આર્યસ્ત્રીનો યથાર્થ ધર્મ હું પાળી રહી છું. છતાં એ છે ચાંડાલ; અમે શૂદ્ર. અમને યજ્ઞકાર્ય કરવાનો અધિકારે ય નહિ. દેવી! આપનું પવિત્ર જળ માથે ચઢાવી, આપનાં શરણમાં...

નદી: ના, ના. તું ધીરજ રાખ. મહર્ષિ વિશ્વામિત્ર આ કથાથી પરિચિત છે?

શૂદ્રી: હું કંઈ જ જાણતી નથી. એમના જેવા મહાજ્ઞાની એથી અજાણ્યા હોય એમ તો કેમ બને?

નદી : હશે જ. પણ એ ય ક્યાં છે? હમણાં અહીં હતા અને અંતર્ધ્યાન થઇ ગયા. પણ તું શાંત થા. એ જરૂર તમારું શ્રેય કરશે જ.

શૂદ્રી : આ જુઓ દેવી! તમે અહીં આવ્યાં એટલે આટલા દર્ભાંકુરો ફરીથી પાંગર્યા. નહિ તો આ યજ્ઞભૂમિ મરુભૂમિ જેવી પડી હતી. કોઇ અમારે પડખે ઊભું રહેતું નથી. કોઈ અમને કર્મકાંડ કરાવતું નથી. અરેરે! આ તો અમે કર્મે ચાંડાળ થયા; પણ જન્મે ચાંડાળ હોય એની તે શી ગતિ થતી હશે? ઓ દૈવ! દુર્દૈવ!

નદી : શાન્ત થા, બહેન! શાન્ત થા. અરે! આ શો ચમત્કાર!

શૂદ્રી : અરે! ધરતી રસાળ થતી જાય છે, વૃક્ષો નવપલ્લવ ધરે છે.

નદી : દૂર દૂર મહર્ષિ જ દેખાય છે—કેટલા ભવ્ય દેખાય છે! તું મારી સાથેસાથે આગળ આવ. . . .

[પહેલાં જલતરંગની એક સરસ ગત—પછી ધીમેધીમે યજ્ઞોચ્ચાર]

હોતાદિ સંઘ : ॐ प्रजापतये स्वाहा । ॐ इन्द्राय स्वाहा ।
ॐ अग्नये स्वाहा । ॐ सामाय स्वाहा ।

વિશ્વામિત્ર : હું કૌશિક, ગાધીપુત્ર વિશ્વામિત્ર, મારા સો વર્ષના તપના બલે સ્વર્ગાધિપતિ ઈન્દ્રને અહીં પૃથ્વીતટે મારી સાથે સંવાદ કરવા આહ્‌વાન કરું છું.

હોતાદિ સંઘ: भो इन्द्र इहागच्छ । इह तिष्ठ । ॐ. . .

વિશ્વામિત્ર : अहम् ब्रह्मास्मि । હું કૌશિક, ગાધીપુત્ર વિશ્વામિત્ર દ્યૌ પૃથિવી વચ્ચેના વિસ્તીર્ણ અવકાશને દિગ, કાલ અને અંતરથી ભેદવા સંકલ્પ કરું છું; અને દેવાધિદેવ ઈન્દ્રને આકાશવાણી દ્વારા સંવાદમાં અનુકૂળ થવા આહ્‌વાન કરું છું.

હોતાદિ સંઘ : इन्द्रं आवाहयामि ।

વિશ્વામિત્ર : હું સોમવંશી પુરૂરવાના પુત્ર વિજયના કુળના કુશિક રાજાનો પ્રપૌત્ર, કુશાંબુ રાજાનો પૌત્ર અને ગાધી રાજાનો પુત્ર, વિશ્વામિત્ર, મારા તપોબલના સામર્થ્યે દેવોના દેવ ઈન્દ્રને આહ્‌વાન કરું છું.

ઈન્દ્ર : વિશ્વામિત્ર! મિથ્યા સાહસ કરવાનું કશું જ પ્રયોજન નથી. રાજા સત્યવ્રત અથવા ત્રિશંકુને પોતાના કર્મે ચાંડાલનું પદ પ્રાપ્ત થયું છે. ચાંડાલ સ્વર્ગમાં પ્રવેશી શકશે નહિ. મિથ્યા પ્રયાસ કરવાનો કશો અર્થ નથી.

ત્રિશંકુ : મહર્ષિ વિશ્વામિત્ર! મારા કર્મનું ફળ મેં ભોગવ્યું છે. મારાં પાતકો માટે મેં પ્રાયશ્ચિત્તો કર્યાં છે. કઠિન અને કષ્ટસાધ્ય એવા મહાયજ્ઞો કરવા મેં પ્રયત્નો કર્યાં છે. છતાં કોઈ બ્રાહ્મણ મારા કર્મકાંડમાં સહભાગી થવા તત્પર નથી, મારા યજ્ઞોમાં પુરોહિતપદે બિરાજવા રાજી નથી.

ઈન્દ્ર : વિશ્વામિત્ર! ચાંડાલને યજ્ઞ કરવાનો અધિકાર નથી. વિના અર્થ આવા મમત્વને પોષવામાં કંઇ સાર નથી.

ત્રિશંકુ : પ્રભો! મહર્ષિ વિશ્વામિત્ર! ચાંડાલ સિવાય સૌ કોઇ બ્રાહ્મનમુક્ત થઈ શકે છે! હું શાપિત ચાંડાલ, આ જન્મમાં મારી એકે ય માર્ગે મુક્તિ નથી.

વિશ્વામિત્ર: મઘવા! દેવાધિદેવ ઇન્દ્ર! આ ન્યાય નથી, અન્યાય છે. સ્વર્ગની લક્ષ્મી, સ્વર્ગની સમૃદ્ધિ, સ્વર્ગનું ઐશ્વર્ય, સમસ્ત મનુકુલને માટે સાધ્ય હોવાં જોઈએ—સાધ્ય છે.

ઇન્દ્ર : સ્વર્ગના યમ-નિયમોની ચર્ચા કરવી તમને માનવીઓને ઉચિત નથી. વિશ્વામિત્ર, આ ત્રિશંકુનું પ્રલોભન મમત્વથી ભરેલું છે. એને પુષ્ટિ આપવી એ અર્થહીન છે.

ત્રિશંકુ : મહર્ષિ! મેં સો યજ્ઞો કર્યાં છે. મેં અનેક પ્રકારની પ્રાયશ્ચિત-વિધિ કરી છે, મેં વર્ષો સુધી વિધવિધ જાતનાં તપો આદર્યાં છે. એના કોઈ પણ ફળનો મને અધિકાર નથી? સંચિત સત્કર્મોનું કંઇ જ શુભ ફળ નથી?

વિશ્વામિત્ર : શચિપતિ મહેન્દ્ર! ચાંડાલની ગતિએ પામેલા આ જાતકનાં સર્વ સંચિત ફળને આધારે હું આપને વિનંતિ કરું છું કે એને સ્વર્ગમાં પ્રવેશ કરવાની અનુમતિ આપો.

ઇન્દ્ર : વિશ્વામિત્ર! તે નહિ બની શકે. ઉપરાંત, આ ચાંડ લ ત્રિશંકુને સદેહે સ્વર્ગનું સુખ ભોગવવું છે. દેહ તો ક્ષર છે, તે તમ જેવા વિદ્વાન તો જાણો છો. સ્વર્ગમાં સદેહે નિવાસ કરવો એ અશક્ય, અસંભવિત, અકલ્પ્ય યોગ છે. એટલે આ દુરાગ્રહ ત્યજી દેવો ઉત્તમ છે, અને આ વિષયમાં સંવાદ હું હવે બંધ કરું છું.

વિશ્વમિત્ર : મઘવા! દેવેન્દ્ર! મહેન્દ્ર! સ્વર્ગાધિપતિ ઈન્દ્ર!

[ઈન્દ્રનો પ્રતિધ્વનિ તિરસ્કારયુક્ત હાસ્ય–દૂરથી]

શૂદ્રી : એ ભવ્ય મૂર્તિ તે મહર્ષિ વિશ્વામિત્ર?

નદી : હા, હમણાં જરા શાન્ત રહેજે.

શૂદ્રી : એમનાં દર્શન કરી કૃતાર્થ થઈ. ઘણે કાળે મેં એમને નિહાળ્યા. જઇ એમનાં ચરણોમાં શિર ઢાળું?

નદી : ના, હમણાં નહિ. પ્રસન્ન ચિત્તે એ જ તને આશીર્વાદ આપશે. પણ હમણાં શાન્ત રહેજે. મહર્ષિ મહાગંભીર મનોમંથનમાં છે. ઈન્દ્રે એમનું અપમાન કર્યું લાગે છે.

શૂદ્ર : કેવું ભવ્ય સ્વરૂપ, અને કેટલી દિવ્ય કાન્તિ! ખરેખર તપનો પ્રભાવ જ અદ્‌ભુત છે!

નદી : અને અદ્‌ભુત છે એમનું મનોબલ. કેવા ઝટ લઇને મારી સમીપથી ક્ષણવારમાં અહીં આવી શૂદ્રને સહાય કરવા તત્પર થઈ ગયા! અંતર અને કાલ—બન્ને પર એમણે વિજય મેળવ્યો લાગે છે.

શૂદ્રી : કોઈપણ મુનિવર્યનું આવું પ્રચંડ સ્વરૂપ મેં તો કદી યે ન્યાળ્યું નથી. કંઇ ભયંકર બનશે એવું મને લાગે છે.

નદી : તું હમણાં શાન્ત જ રહે અને જોયા કર. મહર્ષિની ચિંતન-સમાધિ આળસ મરડી પ્રજ્જ્વલિત થતી હોય એમ લાગે છે.

વિશ્વામિત્ર : વત્સે!

નદી : આપે મને બોલાવી, મહાભાગ?

વિશ્વામિત્ર : પવિત્ર અને નિર્મલ જલથી વહેતી બાલ સરિતા! મલિન અને રસહીન થએલી આ ભૂમિને તારાથી ફરી શકાય ત્યાં સુધી ફરીને સ્વચ્છ કર, પવિત્ર કર, સજીવન કર. એને ફલદ્રુપ કરી ફૂલોથી સુવાસિત કર, નાનાવિધ મંજરીઓથી નવપલ્લવિત કર, ઉદાર હૃદયના પુરુષોથી વિભૂષિત કર.

નદી : જેવી આજ્ઞા!

વિશ્વામિત્ર : અને રાજા ત્રિશંકુ! પેલો સ્રુવ લાવ. તારું યજ્ઞકાર્ય કરવા કોઇ તત્પર નથી થતું, તો ચિંતા ન કરીશ. હું તારો અધ્વર્યુ થઇશ. ઋત્વિજો! યજ્ઞના ઈન્ધનને બલિ અર્પી સચેતન કરો અને યજ્ઞકાર્યનો પ્રારંભ કરો.

હોતાદિ સંઘ : ॐ भु: स्वाहा । ॐ भुव: स्वाहा । ॐ स्व: स्वाहा । ॐ भूर्भुव: स्व: स्वाहा ।

વિશ્વામિત્ર : હું વિશ્વામિત્ર! સર્વે ઋષિઓને પ્રારંભેલા યજ્ઞકાર્યમાં ઉપસ્થિત થવા નિમંત્રું છું, યજ્ઞભાગ સ્વીકારવા આમંત્રણ કરું છું. પધારો. . . . ઋષિવરો, મુનિવરો, તપોધનો, પધારો!

એક અવાજ : યજ્ઞનો કરનાર શૂદ્ર છે ને યજ્ઞ કરાવનાર ક્ષત્રિય છે. દેવો યજ્ઞભાગ સ્વીકારશે નહિ. બ્રાહ્મણો ત્યાં પધારશે નહિ. આવા યજ્ઞથી ત્રિશંકુ સ્વર્ગમાં કદી જશે નહિ.

300

અગાઉ જાહેર કર્યા મુજબ આવતા ડિસેમ્બરે કુમારનું પચીસમું વર્ષ પૂરું થઈને તે અંક તેનો ૩૦૦મો અંક બનશે, જે, કુમારે શરૂ કરેલી અભિનવ પ્રણાલિ અનુસાર (તેના અગાઉના ૧૦૦મા ને ૨૦૦મા અંકોની માફક) વિશિષ્ટ સંગીન અને સમૃદ્ધ વાચન તથા ચિત્રસામગ્રીથી સભર અને દળદાર બનશે. આવતા ડિસેમ્બર સુધીનું પૂરું લવાજમ વસૂલ આપનાર ગ્રાહકોનો જ આ અંક પર હક્ક રહેશે

બીજો અવાજ : મતિભ્રષ્ટ વિશ્વામિત્ર ! બ્રાહ્મણ સિવાય અન્ય કોઈ યજ્ઞ કરાવી શકે નહિં, એ નિયમનો તમે ભંગ કરો છો.

વિશ્વામિત્ર : ઋષિવરો ! દૈવને અધીન છે જન્મ. પણ મારે અધીન છે પૌરુષ. શૂદ્ર પણ સંકલ્પ કરે તો બ્રહ્મને પામી શકે છે. હું પૌરુષથી અશક્યને શક્ય બનાવીશ. ઋત્વિજો મંત્રકાર્યનો આરંભ કરો.

હોતાદિ સંઘ : ॐ अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजं। होतारं रत्नधातमम् ।

વિશ્વામિત્ર : હું કૌશિક, ગાધીપુત્ર વિશ્વામિત્ર, અહીં કોઇ ઋષિમુનિ ઉપસ્થિત થયા નથી છતાં, મારા પોતાના તપના બળે ત્રિશંકુને સ્વર્ગે જવા સંકલ્પ કરું છું.

હોતાદિ સંઘ : असौ स्वर्गाय लोकाय स्वाहा ।

વિશ્વામિત્ર : વિશુદ્ધ મનથી નિત્યે, રાખીને ચિત્ત નિર્મળ
ધર્યું જો બ્રહ્મનું ધ્યાન, ફલો તો તપનું બલ.

હોતાદિ સંઘ : ॐ तपसे स्वाहा ।

વિશ્વામિત્ર : અને એ તપના યોગે, ત્રિશંકુ સ્વર્ગ લોકમાં
પ્રવેશો, સહસા ઈન્દ્ર, સત્કારો માગીને ક્ષમા!

નદી : આંખો મીંચીને શું ઊભી છે ? મહર્ષિના તપોબલનું સામર્થ્ય તો જો ! જો, જો ! ત્રિશંકુ સ્વર્ગ પ્રતિ પ્રયાણ......

શદ્રી : ઓ ભગવાન ! હવે–

ઇન્દ્ર : વિશ્વામિત્ર ! અતિ નિંદ્ય, સ્વર્ગે શૂદ્ર નહિ વસે,
આવ્યો એવો પુનઃ પાછો, અરે તું જા ધરા વિશે.

શદ્રી : ઓ મા ! આ તો આકાશમાંથી અવળી ગતિએ પાછા પડવા લાગ્યા ! હવે શું થશે ?

નદી : શાન્ત રહે, તેં હજી મહર્ષિ વિશ્વામિત્રનો પ્રતાપ પ્રમાણ્યો નથી. જો તો ખરી ! એમની તેજસ્વી મુદ્રા અને એમનું ભવ્ય રુદ્ર સ્વરૂપ ! હમણાં જ જાણે શિવજી ત્રીજું નેત્ર ખોલશે !!

ત્રિશંકુ : મને તારો, હે મહર્ષિ ! મને ઉગારો ! મારું કોઈ રક્ષણ કરો ! હે પ્રભુ !!

વિશ્વામિત્ર : દેવાધિદેવ હે ઈન્દ્ર, સ્વીકારો ત્યજીને મદ
ઈન્દ્ર : મુનિ કો દી બને એના, ત્યજો આ હઠ, હુંપદ.
વિશ્વામિત્ર : દેવાધિદેવ હે ઈન્દ્ર ! અન્યાય ઘોર આ કરો.
ઈન્દ્ર : વિશ્વામિત્ર! અનાચાર, મહા ભૂંડો શું આચરો?
વિશ્વામિત્ર : ઉન્માદિની વદો વાણી, નથી સાર મહાભય.
ઇન્દ્ર : વિશ્વામિત્ર! ત્યજો ગર્વ, મગત્વે જાણજો ક્ષય!
વિશ્વામિત્ર : અસ્પર્શ્ય સ્વર્ગ શું એવું પ્રવેશે ન તપોધન ?
ઈન્દ્ર : રવિશા શોભતા દેવ સંભવે કદી લાંછન ?
નિર્મળ જળમાં ધૂલિ સુવર્ણે લોહમેખલા ?
હિમે છાયા ગિરિશૃંગે, સંભવે શ્યામળી શિલા?

વિશ્વામિત્ર : ઉદ્ધર ! ઉદ્ધર ! સ્વર્ગે !
ઇન્દ્ર : વ્યોમે તું અહીં થંભજે !
વિશ્વામિત્ર : ઉદ્ધર દેવમાર્ગે તું,
ઇન્દ્ર : થંભી અધોમુખી થજે !
વિશ્વામિત્ર : ઉદ્ધર સ્વર્ગલોકે તું
ઈન્દ્ર : દુર્ગંત વસમી થજો
વિશ્વામિત્ર : ઉદ્ધર ! ઉદ્ધર ! રાજા,
ઈન્દ્ર : મસ્તકે અવળું હજો !
કરો વાદ મુનિ મિથ્યા, કોપાગ્નિ પ્રગટ્યો મમ,
એક ક્ષણે થશે ભસ્મ, ભૂંડો આ મતિવિભ્રમ.

હોતાદિ સંઘ : ॐ अग्नये स्वाहा ।

વિશ્વામિત્ર : વિશુદ્ધ મનથી નિત્યે, રાખીને ચિત્ત નિર્મળ
ધર્યું જો બ્રહ્મનું ધ્યાન, મળો એ તપનું ફલ.
એકાગ્ર, એકચિત્તે વા, કર્યું જો તપ આકરું,
હસ્તે જલ, ધરી મંત્રે, સંકલ્પ દૃઢ હું કરું.

હોતાદિ સંઘ : ॐ ब्रह्मणे स्वाहा ।

વિશ્વામિત્ર : ઓંકારે હતી એવી, એક શબ્દથકી સ્ફૂરી,
નવા એ પંચભૂતોની, રચું છું સૃષ્ટિ હું ફરી.

હોતાદિ સંઘ : ॐ पृथिव्यै स्वाहा ।

વિશ્વામિત્ર : ઉદ્ભવો ઉદ્ભવો સૃષ્ટિ, સપ્તર્ષિ ધ્રુવમંડળ,
ઉદ્ભવો ઉદ્ભવો તારા, નક્ષત્રો ગ્રહમંડળ.

હોતાદિ સંઘ : ॐ अन्तरीक्षाय स्वाहा । ॐ अग्नये स्वाहा ।

વિશ્વામિત્ર : ઉદ્ભવો નવલું સ્વર્ગ વિના વર્ગ નવું જગ
નવો ઇન્દ્ર સૃજું છું હું, વળી સૃષ્ટિ નવો યુગ.
ઇન્દ્ર : થંભો થંભો મુનિશ્રેષ્ઠ, થંભો રે હે મહાબલ,
ત્રિશંકુ સ્વર્ગને ઇષ્ટ પ્રમાણ્યું મેં તપોબલ.
વિશ્વામિત્ર : નથી શૂદ્ર, ન કો શ્રેષ્ઠ, પંચભૂતે મહાકુલે,
ત્રિશંકુ પત્ની સંગાથે, સ્વર્ગે વા નવમંડળે
પ્રવેશી પામજો સિદ્ધિ, વાણી મેં ઈન્દ્રની સુણી,
ઈન્દ્ર : કોપે છે દેવતા સર્વે, કોપાગ્નિ સંહરો મુનિ !

નદી : લે જા, તૈયાર થા. રાજા ત્રિશંકુ સાથે તારાં સત્કર્મોને



લઇને તને મેં સ્વર્ગ મળ્યું અને શૂદ્રનું કલંક ટળ્યું

શૂદ્રો: કેવો ચમત્કાર! એ પણ હવે પહેલાંના જેવા જ સુંદર અને તેજસ્વી દેખાવા લાગ્યા! લાવ વ્હેલી જઈને મહર્ષિનાં ચરણોમાં ઢળી પડું.

નદી: ગાંડી, એ જ અહીં આવ્યા, તેને—

વિશ્વામિત્ર: તમારું કલ્યાણ થાઓ. મારું નવું સ્વર્ગ એટલું જ અચળ છે મારાં રચેલાં નક્ષત્રો પણ એટલાં જ અવિનાશી છે બ્રહ્માએ રચેલા જ્યોતિશ્ચક્રના માર્ગેથી બહાર આકાશમાં તે સ્થિર રહેશે. તું દિવ્ય દેહ ધારણ કરી દેવ જેવો જ અમર રહેશે. જાઓ, તમારું કલ્યાણ થાઓ!

હોતાદિ સંઘ: ॐ पूर्णादर्वीपरापतसुपूर्णापुनरापत वस्नेववन्त्रीक्रीणावहा इषमूर्ज शतक्रतो स्वाहा।

[જલતરંગ એક ગત: ૬૦ સેકન્ડ]

નદી: કેવું ધન્ય જીવન!

વિશ્વામિત્ર: કોનું?

નદી: બન્નેનું. શૂદ્ર ત્રિશંકુને આપના યોગે સ્વર્ગ મળ્યું અને તમે જીવનને પરાક્રમોથી ભર્યું.

વિશ્વામિત્ર: અને તારું નહિ?

નદી: હા. મારું યે ખરુંસ્તો. ગંગાને તો ભગીરથ મળ્યા, અને એણે એને દોરવી લઈ પિતૃઓ તાર્યાં; પણ મને તો વિશ્વામિત્રે દોરવી અને સદાકાળને માટે શૂદ્રોને તાર્યા!

વિશ્વામિત્ર: અને યાવચ્ચન્દ્રદિવાકરૌ તું વહેતી રહેશે વહેતી રહેશે ત્યાં સુધી તારી નિકટવર્તિની ભૂમિ ઉપર શૂદ્રોનો ઉદ્ધાર થશે. શૂદ્રો નીચ એવો ભેદ કલિયુગે પણ નહિ રહેશે.

નદી: મને આટલી નાનકડીને પણ તમે કેટલી ધન્ય અને ચિરસ્મરણીય બનાવી!

વિશ્વામિત્ર: પુત્રી!

નદી: મને તમે 'પુત્રી' કહી? આ તે કેવું મારું અહોભાગ્ય!

વિશ્વામિત્ર: હા અહીં મારો આશ્રમ હતો. ત્યાં એકદા મારી એક ગાય સુરભિ પાસેના ખાડામાં પડી ગઈ અને તે પાતાળે પહોંચી. અનેક કષ્ટો વેઠી એને મેં બહાર કાઢી.

નદી: ઓ...હો! કથા તો સુંદર લાગે છે!

વિશ્વામિત્ર: પૃથ્વીના માનદંડ સમા હિમાલય પાસે જઈ મેં એક ટુકડો માગ્યો એણે પાવકાચલ વડે એ ખાડો પૂર્યો.

નદી: પણ પેલી સુરભિ ગાયનું શું થયું?

વિશ્વામિત્ર: ગાય ન નીકળી, પણ એને ત્યાંથી સરિતા રૂપે નીસરતી જોઈ. અને હું...

નદી: અને તમે એને દોરવી લઈ આવ્યા. પેલી વાત ખરી ત્યારે! દીકરી અને ગાય, જ્યાં દોરે ત્યાં જાય. પિતાતુલ્ય વિશ્વામિત્ર! હું આપને પ્રણામ કરું છું

વિશ્વામિત્ર: કલ્યાણ હો તારું, વત્સે! હું દોરવી લઇ આવ્યો તે તને ન ગમ્યું?

નદી: ગમ્યુંસ્તો! કેવા છો તમે? એમ વાતજાણે ગૂંથી તમારે આશરે અહીં છેક મારા સાગરવર પાસે દોરવી આવ્યા. પુત્રી કહી એટલે ઉપકાર પણ શી રીતે માનવો? હં! ત્યારે મારું નામ સુરભિ?

વિશ્વામિત્ર: ના; ભગીરથે દોરવેલી ગંગા ભાગીરથી કહેવાઇ તેમ તું મારી સાથે આવી એટલે વિશ્વામિત્રી નામે પ્રખ્યાત થશે.

નદી: વિશ્વામિત્રી! ખરેખર મને તો એ નામ બહુ જ ગમ્યું.

વિશ્વામિત્ર: પુત્રી વિશ્વામિત્રી! આ રહ્યો તારો સાગરવર. એને ખોળે ઢળે તે પહેલાં એક ક્ષણ ઊભી રહે તને મનગમતું તારે કંઇ માગવું છે?

નદી: શું માગું? છેક પાતાળથી પૃથિવીના પાલવ સાગરના ખોળા સુધી સંસ્કાર પોષી, અમરત્વ અર્પી દોરવી લઇ આવ્યા; જીવનવહેણ ધન્ય કીધું હજી શું માગું? પુત્રી છું તો હું કંઇક કહું?

વિશ્વામિત્ર તારો અધિકાર છે.

નદી: તમે શૂદ્ર ત્રિશંકુને સ્વર્ગનું સુખ અપાવ્યું; નવી સૃષ્ટિ રચવાનું સામર્થ્ય પ્રત્યક્ષ કરી દાખવ્યું; તમે કષ્ટ વેઠી તપ સેવ્યાં, તો તમે જ એ નવી સૃષ્ટિના અધિષ્ઠાતા થઇ જાઓને!

વિશ્વામિત્ર: વત્સલા! મને સ્વર્ગની આકાંક્ષા નથી. હું તો મોક્ષને વાંછું છું.

નદી: કેવું રહસ્યમય સત્ય! સુવર્ણમય પાત્રે આવાં જ સત્યો નિગૂઢ ઢંકાએલાં રહેતાં હશે? ભગવાન! પ્રણામ!

વિશ્વામિત્ર: તારો મોક્ષ આ સાગર સાથે મંગલ સંગમ થાય એ જોવા ઉત્સુક, તને આશીર્વાદ આપવા જો પેલા ઋત્વિજો, હોતાઓ, યોગીઓ અને શૂદ્રો આ બાજુ દોડયા આવે. ઈન્દ્ર એના અતિથિગણ સાથે અંતરીક્ષમાં ઊડતા આવે. તારું કલ્યાણ હો, પુત્રી વિશ્વામિત્રી!

નદી સિવાય બધા: ॐ शतं भवति शतायुर्वै पुरुषः शतेन्द्रिय आयुरेवेन्द्रियं वीर्यवान्द्यन्धत्ते।

જ્ઞાન પિપાસા

બનારસ હિંદુ યુનિવર્સિટીના પદવીદાન સંમેલનમાં સ્નાતક પછીની ઉચ્ચ પદવી મેળવનાર વિદ્યાર્થીઓમાં એક વિદ્યાર્થી એવો હતો કે જેણે પોતાના કૉલેજ જીવન દરમ્યાન પોતાના શિક્ષણખર્ચ અને ભરણપોષણ માટે રિક્ષા ખેંચવાનો ધંધો કર્યો હતો. મૅટ્રિક થયા પછી એણે કૉલેજ શરૂ કરી. પોતાના ધંધા માટે શોધ કરી પણ એકે ય કામ જડયું નહિ. આથી પોતાનો અભ્યાસ ચાલુ રાખવાના ઇરાદે તેણે એક રાત્રે રિક્ષા ભાડેથી લઇને હાંકવાનું શરુ કર્યું. અને કૉલેજના પોતાના છ વર્ષના અભ્યાસકાળ દરમિયાન તે ચાલુ રાખ્યું. રિક્ષાના ભાડાના પૈસા ચૂકવ્યા બાદ તેની રોજની સરેરાશ ચોકખી આવક લગભગ ત્રણ રૂપિયાની રહેતી હતી. ('ગુજરાત સમાચાર'માંથી)

આઝાદી-સ્મારક આગગાડી

અવિશ્રાંત લડત તથા અનેક મુસ્કેલીઓ પછી પોતે મેળવેલા અમૂલ્ય ખજાના જેવા સ્વાતંત્ર્યનું અમેરિકન સરકાર પોતાની પ્રજાને અનેકરીતે વારંવાર ભાન કરાવ્યા જ કરે છે હમણાં એક અભિનવ નુસખો તેણે અજમાવ્યો છે. તેણે એક 'આઝાદી સ્મારક આગગાડી' (Freedom Train) તૈયાર કરી છે. આ આગગાડીમાં દેશના ૧૦૦ જેટલા મહત્ત્વના ઐતિહાસિક દસ્તાવેજો જેવા કે 'બિલ ઑવ્ રાઇટ્સ', 'સ્વાતંત્ર્યની જાહેરાત' તથા 'અમેરિકાના રાજ્યબંધારણની મૂળ પ્રત' વગેરે મૂકવામાં આવ્યાં છે. આ આગગાડી કુલ ૩૩,૦૦૦ માઈલનો પ્રવાસ કરતી અમેરિકાના પ્રાંતેપ્રાંતમાં ફરશે. દરેક સ્ટેશને પ્રત્યેક અમેરિકનને આ અમૂલ્ય મૂળ પ્રતો જોવાની મળશે. આમ કરવાથી જે સિદ્ધાંતોને કારણે અમેરિકા દેશને તથા પ્રત્યેક અમેરિકનને જે આઝાદી મળી છે તેની પ્રજા-માનસ પર ઘેરી છાપ પાડી શકાશે, એટલું જ નહિ પણ સ્વાતંત્ર્યની સાચી કીમત તેમને સમજાશે. હિંદે પણ આવી પ્રણાલિઓ દ્વારા પ્રજાને સ્વાતંત્ર્ય-સભાન કરવાની બહુ જરૂર છે.

રોજિંદા જીવનમાં
વિજ્ઞાનનો ફાળો
નિરૂપતી લેખમાળાનો
૧૨ મો હપતો

કેટલાક ઉપયોગી ગૅસિઝ વાયુઓ

લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ એમ એસસી. પીએચ. ડી.

રેલ્વે સ્ટેશન પર પડેલાં લોઢાનાં મોટાં સિલિન્ડર (પીપ) કોણે નહિ જોયાં હોય? નાનાં ગામોમાં પણ આવાં સિલિન્ડર સોડા વૉટર બનાવનારાઓ મંગાવે છે અને તેમાં ભરેલો કાર્બન ડાયૉકસાઈડ વાયુ પાણીમાં મેળવીને સોડા વૉટર અને એવાં બીજાં પીણાં તૈયાર કરે છે. અન્ય વાયુઓનાં પણ આવાં સિલિન્ડર મળે છે. આવા વાયુઓમાં હાઇડ્રોજન, ઑકસિજન, નાઇટ્રોજન, હેલિયમ, ક્લોરિન સલ્ફર ડાયૉકસાઇડ, ઍમોનિયા, નાઇટ્રસ ઑકસાઇડ, ઍસિટિલીન, અને બીજા ઘણાનો સમાવેશ થાય છે. આ વાયુઓ જુદીજુદી રીતે અનેક ખપમાં આવે છે. ઉદ્યોગોમાં વાયુઓની આ ઉપયોગિતા વૈજ્ઞાનિકો અને ઈજનેરોના સહકારનું પરિણામ છે અને આધુનિક રાસાયનિક ઈજનેરીની તે એક મહાન ફતેહ છે. વાયુઓ દ્રવ્યનું સાદામાં સાદું રૂપ છે અને આધુનિક યાંત્રિક સંસ્કૃતિમાં મનુષ્યે એ વાયુઓ પર પ્રભુત્વ મેળવવામાં જે કલ્પનાતીત સફળતા પ્રાપ્ત કરી છે, તે આ યુગની એક મહાન ઘટના છે. જે વાયુઓ અત્યાર સુધી નકામા ગણાતા તે હવે આપણા જીવનમાં અનેક રીતે ઉપયોગી થઈ પડ્યા છે.

ઉપર દર્શાવેલા ઉપયોગી વાયુઓના બે વિભાગ કરી શકાય: પ્રથમ વિભાગમાં પહેલા ચાર વાયુઓ (હાઇડ્રોજન, ઑકસિજન, નાઇટ્રોજન ને હેલિયમ) આવે અને બીજા વિભાગમાં બાકીના બધા. વાયુઓને ઠંડા પાડી દબાણમાં રાખવાથી તેઓ પ્રવાહી સ્વરૂપ ધારણ કરે છે. આ રીતે પ્રથમ વિભાગના વાયુઓને પ્રવાહી રૂપમાં લાવવા મુશ્કેલ કામ છે; જ્યારે બીજા વિભાગના વાયુઓનું સહેલાઈથી પ્રવાહી રૂપ કરી શકાય છે. પ્રથમ વિભાગના વાયુઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ લોઢાનાં મોટાં પીપમાં ભરીને મોકલવામાં આવે છે. પણ તેથી તેનું ખર્ચ વિશેષ પડે છે, કારણ કે વાયુના પ્રમાણમાં પીપનું વજન વધી જાય છે; જ્યારે બીજા વિભાગના વાયુઓને પ્રવાહી બનાવી દૂરનાં સ્થળોએ થોડા ખર્ચે મોકલી શકાય છે. એ વાયુઓના અનેકવિધ ઔદ્યોગિક ઉપયોગો ઉપરાંત ઍમોનિયા અને સલ્ફર ડાયોકસાઈડ તો રેફ્રિજરેટરો (શીતવાહક યંત્ર)માં ગરમી ઓછી કરવાના સાધન તરીકે ખૂબ વપરાય છે. બરફ બનાવવા માટે પાણીને ઠંડુ પાડવા પણ ઍમોનિયાનો ઉપયોગ થાય છે.

હવે આ વાયુઓના વિવિધ ઉપયોગો જોઇએ. હાઇડ્રોજન વાયુ ઍમોનિયાની બનાવટમાં, વેજીટેબલ ઘીની બનાવટમાં, કોલસામાંથી પેટ્રોલની બનાવટમાં અને એવા બીજા ઉપયોગી પદાર્થોની બનાવટમાં ખૂબ વપરાય છે. હાઇડ્રોજનને હવા અથવા ઑકસિજનની સાથે મેળવી, એ મિશ્રણને યોગ્ય રીતે બાળવાથી ખૂબ ગરમી પેદા થાય છે. આને આકસી–હાઇડ્રોજન-જ્યોત કહેવામાં આવે છે. તે જ્યોતની ઉષ્ણતા લગભગ ૨૮૦૦ ડિગ્રી હોય છે. અને તેની ગરમીમાં પ્લૅટિનમ ધાતુ જેવી ઊંચા ઉષ્ણતામાને પીગળતી ધાતુઓ પણ ઓગળી જાય છે. વળી હાઇડ્રોજન ખૂબ હલકો વાયુ હોવાથી બલૂનમાં ભરવામાં કામ આવે છે. પણ તેમાં કેટલીક વાર જોખમ રહેલું છે, કારણ કે હાઇડ્રોજન સહેજ અગ્નિ લાગતાં એકદમ સળગી ઊઠે તેવો દહનીય (combustible) વાયુ છે. આ જોખમ દૂર કરવા બલૂન માટે હવે હેલિયમ વાયુનો ઉપયોગ કરવામાં આવે છે, કેમકે હેલિયમ બીજા કોઈ પણ પદાર્થ સાથે રાસાયનિક સંયોજન કરી શકતો નહિ હોવાથી તે સળગવાની ભીતિ રહેતી નથી. ઈ. ૧૯૩૭માં હાઇડ્રોજનથી ભરેલા હિંડેન્બુર્ગ' વિમાન પર આવેલી ભયાનક આફત કોને યાદ નહિ હોય?

ઑકસિજન વાયુ સ્વતંત્ર અવસ્થામાં આપણા વાતાવરણમાં રહેલો છે અને હાઇડ્રોજનની સાથે સંયુક્ત અવસ્થામાં પાણી રૂપે. મનુષ્ય આદિ જીવસૃષ્ટિનું આપણી પૃથ્વીપર અસ્તિત્વ તે જ ટકાવી રાખે છે. એટલે જ તે પ્રાણવાયુ તરીકે ઓળખાય છે. ખાધાપીધા વિના માણસ રહી શકે, પણ શ્વાસ લીધા વિના ન જીવી શકે. અને આપણી શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં ઑકિસજન જ મુખ્ય ભાવ ભજવે છે.

ઈ. ૧૭૭૨માં શીલે (Scheele) નામના સ્વીડિશ રસાયનિકે સૌ પહેલો ઑકસિજન વાયુ વાતાવરણમાંથી જુદો પાડયો હતો. હવામાં બીજા વાયુઓના મિશ્રણ સાથે તેનું પ્રમાણ ૨૩ ટકા છે. સમુદ્રના પાણીમાં તે ખૂબ થોડા પ્રમાણમાં છે, પરંતુ એ જૂજ પ્રમાણ પણ દરિયાઈ પ્રાણીઓનું જીવન ટકાવી રાખે છે. એસિટિલીન વાયુ સાથે ઑકસિજન મેળવીને તૈયાર કરેલા મિશ્રણને સળગાવવાથી પુષ્કળ ગરમી પેદા થાય છે, એ જ્યોતને ઑકસી–ઍસિટિલીન જ્યોત કહેવામાં આવે છે ને તેનો ઉપયોગ ગજવેલ-પોલાદના કકડા સાંધવામાં (વેલ્ડિંગ કરવામાં) યા તેના પાટડાને કાપવામાં થાય છે. લોઢું કાઢવામાં હવાને બદલે ઑકસિજન અમુક પ્રમાણમાં ભઠ્ઠીમાં દાખલ કરવાથી કોલસાનો બચાવ થાય છે. ઑકસિજન ઔષધમાં પણ ઉપયોગી છે. ગંભીર સ્થિતિના દર્દીનો શ્વાસોચ્છ્વાસ ટકાવવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. વળી પ્રવાહી બનાવેલો ઑકસિજન કોલસાની ભૂકી સાથે મેળવીને સ્ફોટક પદાર્થ તરીકે ઈજનેરી કામમાં વપરાય છે. ઑકસિજન હવામાં હોવાથી હવાને દબાણમાં રાખી ઠંડી પાડવાથી હવાની સાથે તે પણ પ્રવાહી બને છે, અને પછી પ્રવાહી હવાને ફરી ધીમેધીમે ઊડવા દેવાથી હવાના અન્ય અંશોમાંથી ઑકસિજન જુદો પાડી શકાય છે. તેના બીજા ભાગ નાઇટ્રોજનને જુદો એકઠો કરવામાં આવે છે અને તેનો ઉપયોગ ઍમોનિયાની બનાવટમાં કે વિદ્યુત્‌શક્તિ દ્વારા નાઈટ્રિક ઍસિડની બનાવટમાં થાય છે.

આવી રીતે ઑકસિજન અને નાઇટ્રોજન કાઢી લીધા પછી હવાનો જોકે બહુ જ થોડો ભાગ બાકી રહે છે, પણ એટલી થોડી હવામાંયે પાંચ વાયુઓ અત્યંત અલ્પ પ્રમાણમાં આવેલા છે. તેમાં આર્ગન નામનો એક વાયુ હોય છે જે વીજળીના ગોળામાં ભરવા માટે વપરાય છે. આ ઉપરાંત હવાના એ બાકી રહેલા ભાગમાં હેલિયમ, નિયોન, ક્રિપ્ટન અને ઝિનોન જેવા વિરલ વાયુઓ અત્યંત જૂજ પ્રમાણમાં હોય છે. તેમનો ઉપયોગ 'નિયૉન સાઈન' તરીકે જાહેરાતની નવી ને જાણીતી રીતમાં કરવામાં આવે છે. પાતળી કાચની નળીઓના જુદાજુદા આકારો કે અક્ષરો બનાવી, તેમાંથી હવા કાઢી લઇ, દબાણ ઓછું કરીને તેમાં આ વાયુઓ ભર્યાં બાદ તેને વિજળી સાથે જોડવાથી તેમાંથી જુદાજુદા રંગનો પ્રકાશ નીકળે છે. નિયૉન વાયુમાંથી રાતો, આર્ગનમાંથી વાદળી, ક્રિપ્ટન ને ઝિનોનમાંથી આછો વાદળી ને હેલિયમમાંથી કીરમજી રંગનો પ્રકાશ નીકળે છે.

હેલિયમ વાયુ વાતાવરણમાં અત્યંત જૂજ પ્રમાણમાં છે. સૂર્ય ઉપર પણ તેનું અસ્તિત્વ છે: પૃથ્વીથી ઘણે ઊંચે સ્ટ્રેટોસ્ફીઅરમાં

પનરવો

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ. એસ.સી.



લોકમાન્યતામાં જેને ઈંદ્રના બગીચાનું વૃક્ષ હોવાનું માન મળ્યું છે એવા આ પનરવા વિષે પુરાણમાં એવો ઉલ્લેખ છે કે એક વખત કૃષ્ણ ભગવાન ઈંદ્રના બગીચામાંથી પનરવાનાં ફૂલ લાવેલા અને તેની માલિકી માટે રૂકૂમિણી તથા સત્યભામા વચ્ચે કજીઓ થએલો. ત્રણ પર્ણવાળું પનરવાનું પાન હિંદુ ત્રિમૂર્તિ (વચલું વિષ્ણુ, જમણી બાજુનું બ્રહ્મા અને ડાબી બાજુનું શિવ)નું પ્રતીક પણ મનાય છે,

પનરવાને લોકો પાંડેરવો પણ કહે છે. મરાઠીમાં તેને માંગારા અને અંગ્રેજીમાં તેનાં સુંદર પરવાળાં જેવાં રાતાં ફૂલોને લીધે તેને 'Indian Coral Tree' કહે છે. પનરવાનું શાસ્ત્રીય નામ 'ઇરીથ્રીના ઇન્ડીકા' (Erythrina Indica Lam) છે. તેનાં ઉત્પત્તિસ્થાન હિંદ અને બ્રહ્મદેશના દરિયાકાંઠાનાં જંગલો, આંદામાન અને નીકોબાર ટાપુઓ તથા જાવા ને પોલીનેશીઆ. હિંદમાં થાણા, કોંકણ, ઉત્તર કાનડા અને મલબારનાં જંગલોમાં આ વૃક્ષ ખૂબ જોવામાં આવે છે ને તેનાં સુશોભિત ફૂલો માટે દેશમાં પણ ઠેરઠેર તે ઉગાડવામાં આવે છે.

પનરવાનું ઝાડ ૫૦ થી ૬૦ ફીટ ઊંચું થાય છે: તેની છાલ પાતળી, રાખોડી રંગની, લીસી અને ચળકાટવાળી હોય છે અને થડ તેમજ શાખાઓ પર નાના કાળા રંગના પહોળી પડખીવાળા કાંટા હોય છે. તેનાં પાન સંયુક્ત, ૬ થી ૧૨ ઇંચ લાંબાં અને ૪ થી ૮ ઇંચ લાંબી દાંડીવાળાં હોય છે. દરેક પાન ત્રણ નાનાં પાંદડાંનું બનેલું હોય છે, જેમાં વચલું પાંદડું સૌથી મોટું હોય છે. પાનની દાંડી અને પાન કાંટા રહિત હોય છે. પાન કુમળાં હોય છે ત્યારે તે પર રેસા હોય છે, પરંતુ મોટાં થતાં રેસા રહિત બને છે. શરદ ઋતુમાં બધાં પાન ખરી પડે છે તે વખતે વૃક્ષ તદ્દન કદરૂપું દેખાય છે.

પનરવાનાં ફૂલોનો ઉદ્ભવકાળ ફેબ્રુઆરી અને માર્ચ. વસંત ઋતુ બેસતાં જ, હજી નવાં પાન ફૂટયાં યે ન હોય ત્યાં તો પરવાળાં જેવાં ચળકતાં રાતાં અસંખ્ય મોટાં ફૂલો શાખાઓના અંતભાગે ઝુમખાંબંધ દેખા દે છે. આ અસંખ્ય ચળકતાં અને એકલાં રાતાં ફૂલોને લીધે જ પનરવો, ખાખરા તથા શીમળાનાં વૃક્ષોની માફક દૂરથી રાતોચોળ દેખાય છે અને વસતને રંગતી તેની શોભા અવર્ણનીય બની રહે છે. વળી પનરવાનાં ફૂલોમાં ઝાકળનું પાણી ભરાઈ રહે છે તે પીવા સવારમાં જાતજાતનાં પક્ષીઓ જ્યારે આવે છે ત્યારે તથા એ ફૂલમાં મધ જેવો મીઠો રસ હોય છે તે ચૂસવા પતંગીઆં, ભમરા અને મધમાખી ફૂલની આસપાસ આમતેમ ઊડયાં જ કરતાં હોય ત્યારે તો દેખાવ ઘણો સુંદર બની જાય છે.

પનરવો શિંબી વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ (શીંગ) ૫ થી ૧૨ ઈંચ લાંબી ને બન્ને છેડે અણીદાર હોય છે. શરૂમાં તે લીલી હોય છે. પરંતુ મેથી જુલાઈ સુધી તે પાકે છે ત્યારે કાળા રંગની થાય છે. તેમાં ૪ થી ૧૨ બીજ હોય છે ને શીંગ બીજથી એવી સંકડાએલી હોય છે કે તેમાં કેટલાં બીજ છે તે બહારથી જ જોઈને કહી શકાય છે. બીજ લંબગોળ, લીસાં ને રંગે ઘેરાં રાતાં અગર ઘેરાં જાંબુડાં હોય છે. પનરવો બીજ તેમજ કાપકલમ બંનેથી ઊગે છે ને દરિયાકાંઠાની રેતાળ જમીન તેને વધુ માફક આવે છે.

પનરવો ઉપયોગી વનસ્પતિ છે. તેની છાલ રંગના તેમજ ચામડાં કમાવવાના કામમાં વપરાય છે. તેમાંથી નીકળતા આછા પીળા રંગના રેસાનાં દોરીદોરડાં બનાવાય છે. તેનાં સુકાએલાં રાતાં ફૂલોને ઉકાળતાં રાતો રંગ મળે છે તે રંગવામાં વપરાય છે. તેનું લાકડું વજનમાં હલકું (એક ઘનફૂટનું વજન લગભગ ૧૮ થી ૨૬ રતલ) ને નરમ હોય છે જેનો ઉપયોગ-તલવારની મ્યાનો, ચાની પેટીઓ, રમકડાં, હોડકાંનાં હલેસાં વગેરે બનાવવામાં થાય છે. નાગરવેલ તેમજ દ્રાક્ષ અને કાળાં મરીના વેલાને આધાર આપવા માટે આ વૃક્ષનો ખાસ ઉપયોગ થાય છે અને તે હિંદમાં ઘણા જૂના કાળથી જાણીતો છે. જાવામાં તેની છાયા નીચે કૉફીનું વાવેતર થાય છે.

ઘરગથ્થુ ઉપયોગ પણ પનરવાના ઘણ છે. તેનાં કુમળાં પાનની કઢી બને છે. ત્રિચીનાપલ્લીમાં તેનાં પાન ઢોરના ચારા માટે વપરાય છે. હિંદી-ચીનમાં તેનાં પાન બગડેલા માંસનાં પડીકાં બાંધવા વપરાય છે સામોઆ ને પાસિફિકના બીજા ટાપુઓમાં તો લોકો પનરવાનાં ફૂલોના ઉદ્ગમ પરથી ઋતુઓના ફેરફારની ગણત્રી કરે છે.

આયુર્વેદમાં પનરવાનાં મૂળ, છાલ તેમજ પાનનો ઔષધ તરીકે ઉપયોગ ગણાવ્યો છે સુશ્રુતે તો જોકે સર્પદંશની સારવાર માટે પણ પનરવાનો ઉપયોગ સૂચવેલો છે પરંતુ કાયસ અને મહસ્કરે પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે કે તેનાં મૂળ, છાલ કે પાન સર્પદંશ માટે તદ્દન બીનઅસરકારક છે પનરવાની છાલ તેમજ પાનનું રાસાયનિક અન્વેષણ થએલું છે અને તેમાં 'ઈરિથ્રીન નામનું તત્ત્વ હોવાનું માલૂમ પડયું છે.

પનરવાની ધોળી ને રાતી એ જાત થાય છે જેમાંની ધોળી જાત જવલ્લે જ મળે છે અને તે મુંબાઈ પાસે સાલ્સીટમાં ઊગે છે

નવાં પુસ્તકો

કલાને ચરણે : ગુજરાત, હિંદુસ્તાન તથા દેશવિદેશની સ્થાપત્યની તથા ઈતર ખ્યાતનામ કલાકૃતિઓના સહૃદય પરિચય તથા વિવેચન અને ભારતેતર દેશો ચીન, ઈરાન વગેરેની કલા તથા નૃત્યકલાને સમજાવતા લેખોનો સંગ્રહ : લેખક—ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, મુખ્ય વિક્રેતા-જીવન સાહિત્ય મંદિર, મુંબાઈ, ૪-૮-૦

પ્રલોભન : જાપાન ઇરાન ઈંગ્લંડ સ્પેન આદિ વિદેશના સાહિત્ય માંથી ચૂંટેલી વિવિધ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ : સંપાદક-'શિવમ્ સુન્દરમ્', પ્ર૦ આદર્શ પુસ્તક ભંડાર, અમદાવાદ, ૩ ૦-૦.

રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવનની તવારીખ

મહાત્માજીના મહાસાગર જેવા વિસ્તીર્ણ જીવનને ચરિત્રની અંજલિમાં સમાવવું એ અશક્યપ્રાય કાર્ય હોવાથી નીચે તેમના જીવનના મહત્ત્વના પ્રસંગો ને અગત્યના કાર્યોને આવરી લેતી તવારીખી નોંધ આપી છે જે તેમના સમગ્ર જીવનની સિલસિલાબંધ માહિતી રજૂ કરે છે.

૧૮૬૯, ૨જી ઑક્ટોબર : કાઠિયાવાડના ટેકીલા મુત્સદ્દી ઉત્તમચંદ (ઓતા)ગાંધીના પુત્ર પોરબંદરના દીવાન કરમચંદ(કબા)ગાંધીને ત્યાં તેમનાં ચોથી વારનાં પત્ની પૂતળીબાઈથી વૈષ્ણવ કુટુંબમાં જન્મ. પિતાનાં ત્રણ પુત્રી અને ત્રણ પુત્રોમાં સૌથી નાના પુત્ર.

૮૭૬ : પોરબંદરથી પિતાશ્રી રાજસ્થાનિક કોર્ટના સભ્ય થઈ રાજકોટ જતાં તેમની સાથે રાજકોટ ગયા ને ત્યાં પ્રાથમિક શાળામાં દાખલ થયા. ત્યાં શરમાળ ને સત્યપ્રિય વિદ્યાર્થી તરીકે ખ્યાતિ.

૮૮૧ : રાજકોટની હાઈસ્કૂલમાં પ્રવેશ. 'શ્રવણપિતૃભક્તિ' અને 'હરિશ્ચંદ્ર' નાટકની ઊંડી અસર. સત્યવાદી થવાનો સંકલ્પ.

૧૮૮૩:ગોકુલદાસ મકનજી નામના વેપારીનાં પુત્રી કસ્તુરબા સાથે લગ્ન.

૧૮૮૪-૮૫ : બીડી પીવાનો તથા દેખાદેખીએ માંસ ખાવાનો પ્રયોગ કર્યો, પણ માતાપિતાને છેતરવાના દુઃખે છોડી દીધો. સત્યપ્રિય અને નિખાલસ જીવનનો બીજક પ્રસંગ. વચેટ ભાઈને ચોરી કરવામાં કરેલી મદદ માટે અસહ્ય પશ્ચાત્તાપ થતાં પિતાજીને ચિઠ્ઠી લખી દોષ કબૂલ કર્યો. પિતાજીનાં અશ્રુબિંદુઓએ તેમને વીંધ્યા ને અહિંસાનો પહેલો સચોટ પદાર્થપાઠ શીખ્યા. અપકારનો બદલો ઉપકારથી વાળવાનો શામળભટ્ટનો જાણીતો છપ્પો આ અરસામાં જીવનનું સૂત્ર બન્યો. માંદા પિતાજીની મનઃપૂર્વક સેવા. ૧૬ મે વર્ષે પિતાજીનું મૃત્યુ.

૧૮૮૭ : મૅટ્રિક પસાર કરીને ભાવનગર સામળદાસ કૉલેજમાં પ્રવેશ. પણ પ્રથમ સત્ર પછી અભ્યાસ છોડી બૅરિસ્ટરના અભ્યાસ માટે ઈંગ્લંડ જવાનો નિર્ણય. તેથી જ્ઞાતીશેઠે નાતબહાર મૂકયા.

૧૮૮૮ સપ્ટેમ્બર : ઇંગ્લંડ પહોંચ્યા; જ્યાં માંસ, મદિરા તથા સ્ત્રીસંગથી દૂર રહેવાની માતાને આપેલી પ્રતિજ્ઞા ઘણી અગવડ તથા મુશ્કેલીઓ વેઠીને પણ પાળીને અભ્યાસ કર્યો. ધાર્મિક વાચનમાં ગીતાની ભારે અસર. રહેણીકરણી, ખોરાક, ધર્મ આદિ બાબતોમાં વિવિધ અનુભવો તથા અખતરા. ખર્ચ જેમ બને તેમ ઓછું કરવા જુદી ખોલી રાખી હાથે રાંધવાનું શરૂ કર્યું તથા ગાડીભાડું બચાવવા રોજનું ૮-૧૦ માઈલ ચાલવાનું રાખ્યું. અંગ્રેજી પાકું કરવા લંડનની મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. શાકાહારીઓનું એક મંડળ સ્થાપી તેના મંત્રી બન્યા.

૧૮૯૧ જૂન : બૅરિસ્ટરની ડિગ્રી મેળવી હિંદ પાછા ફર્યા.

૧૮૯૩ એપ્રિલ : મુંબાઇમાં વકીલાત જમાવવી મુશ્કેલ લાગવાથી રાજકોટ ગયા. કાઠિયાવાડના ખુશામત અને કાવાદાવાના ઝેરી વાતાવરણથી અકળાઇ પોરબંદરની એક મેમણની પેઢીના દક્ષિણ આફ્રિકામાં ચાલતા મોટા મુકદ્દમામાં મદદ કરવાની નોકરીની તક મળતાં ત્યાં જવા ઊપડયા.

૧૮૯૪ : નાતાલની કોર્ટમાં સૌ પહેલા હિંદી વકીલ તરીકે પ્રવેશ. યુરોપિયનો તરફથી હિંદીઓના ડગલે ને પગલે થતા અપમાનનો જાત અનુભવ. પહેલા વર્ગની ટિકિટ હોવા છતાં કેવળ રંગભેદને કારણે આગગાડીમાંથી ઉતારી મૂકવામાં આવ્યા. સિગરામમાં પણ અન્યાયનો વિરોધ કરતાં સખત માર. હિંદીઓનાં દુઃખો દૂર કરવાનો નિશ્ચય. પોતાના અસિલના કેસમાં બંને પક્ષો આખરે ખુવાર થઈ જશે એમ લાગવાથી કાળજતૂટ મહેનત કરીને કેસ ઘરમેળે પતાવવાની સલાહ આપી જે અનુસાર પંચથી નિકાલ થયો. એમાં તેમના અસીલ જીત્યા. તે કેસ પૂરો થયે ઘર તરફ આવવા તૈયાર થયા, પણ એ જ અરસામાં હિંદીઓના મતાધિકાર ખૂંચવી લેવાનો કાયદો સરકાર કરતી હોવાથી લોકોએ આગ્રહ કરી તેના વિરોધ માટે રોકી રાખ્યા. વિરોધ પ્રદર્શન તરીકે દસ હજાર સહીઓવાળી જંગી અરજી મોકલી.

૧૮૯૪ મે : હિંદીઓનાં હિતની રક્ષાર્થે નાતાલ ઇંડિયન કૉંગ્રેસ સ્થાપી.

૧૮૯૬ નવેમ્બર : થોડો વખત હિંદ આવીને ફિરોજશાહ મહેતા, લો૦ ટિળક તથા ગોપાળ કૃષ્ણ ગોખલેને મળી દ. આફ્રિકાની સ્થિતિ સમજાવીને 'લીલા ચોપાનિયા' વડે હિંદભરમાં દક્ષિણ આફ્રિકાને લગતો પ્રચાર કરી કુટુંબ સાથે પાછા ફર્યા.

૧૮૯૭ જાન્યુઆરી ૧૩મી : ડરબન બંદરે ઊતરતાં જ ઉશ્કેરાએલા અંગ્રેજ ટોળાંનો હુમલો. સખત માર પડયો, પણ બચી ગયા. કોઈના પર પણ કામ ચલાવવાની ઉદાર દિલે સાફ ના પાડી.

૧૮૯૯ : બોઅર વિગ્રહમાં અંગ્રેજ સૈનિકોની શુશ્રૂષા કરવા હિંદી સ્વયંસેવકોની એક ટુકડી ઊભી કરીને વરસતી ગોળીઓ વચ્ચે છ અઠવાડિયાં સુધી હિંમતભરી કામગીરી બજાવી ચાંદ મેળવ્યા.

૧૯૦૧ : હિંદ પાછા આવવા નીકળતાં મળેલી અનેક કિંમતી ભેટની વસ્તુઓ જાહેર કામ માટે આપી દઇ તેનું ટ્રસ્ટ કર્યું. હિંદ પાછા આવી કલકત્તા ખાતેની મહાસભામાં સ્વયંસેવક બનીને સેવાઓ આપી. મુંબાઇમાં સ્થિર થયા ન થયા ત્યાં—

૧૯૦૨ : દક્ષિણ આફ્રિકામાં હિંદી વિરોધી કાયદો ઘડાતાં, તેનો સામનો કરવા નિમંત્રણ કરતો હિંદીઓનો તાર આવતાં પાછા ગયા.

૧૯૦૩ : ટ્રાન્સવાલની સુપ્રીમ કોર્ટમાં ઍટર્ની તરીકે દાખલ થયા. ટ્રાન્સવાલ બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશનની સ્થાપના, જેના હિંદ આવતાં સુધી માનદ મંત્રી તથા કાયદાના સલાહકાર રહ્યા.

૧૯૦૪ : દક્ષિણ આફ્રિકાના હિંદીઓમાં અસ્મિતા તથા સંગઠન સાધી તેમનો અવાજ રજૂ કરવા 'ઇન્ડિયન ઓપિનિયન' સાપ્તાહિક શરૂ કર્યું. જોહાનિસબર્ગમાં પ્લેગ ફાટી નીકળતાં જીવના જોખમે સેવાકાર્ય માટે ઑસ્પિટલ ખોલી ગોરાઓની પણ પ્રશંસા મેળવી.

૧૯૦૫ : રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ' પુસ્તકની એટલી ઊંડી છાપ પડી કે તેમાંના વિચારો મૂર્તિમાન કરવા તથા શીલ ને તપભર્યા સાધનાજીવન માટે ડરબનમાં ફીનિક્સ આશ્રમની સ્થાપના.

૧૯૦૬ : ઝુલુ બળવા વખતે 'સારવાર પથક' ઊભું કરી ગોરાઓ તથા ગરીબ હબસીઓની છ અઠવાડિયાં સુધી ખડે પગે ચાકરી કરી. જીવનભર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાનો સ્પષ્ટ નિર્ણય.

૧૯૦૬ સપ્ટેમ્બર ૧૧ : કાળા 'એશિયાટિક કાયદા' સામે સર્વસ્વ હોમી દેવાના જોહાનિસબર્ગમાં વિરાટ સભા આગળ હજારો હિંદીઓ સાથે સોગંદ.

૧૯૦૬ ઑક્ટોબર થી ડિસેમ્બર : એ કાળા કાયદા અંગેનું હિંદીઓનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા ઇંગ્લંડ ગયા, પણ સફળતા ન મળી.

૧૯૦૭ : કચડાએલી પ્રજાને દિલાસારૂપ નીવડેલા, આજસુધી અજ્ઞાત પણ પાછળથી દુનિયાભરમાં પ્રખ્યાત થએલા એવા નવતર 'સત્યાગ્રહ' આંદોલનની રચના અને શરૂઆત. વરસની ૫-૬

હજારની કમાણીવાળી વકીલાતને ત્યજી દઇ બચેલી બધી રકમ દાનમાં આપી દઈ ત્યાગી જીવનનો સ્વીકાર કર્યો.

૧૯૦૮ જાન્યુઆરી ૧૦ : ૪૮ કલાકમાં ટ્રાન્સવાલ છોડી જવાના સરકારના હુકમનો ભંગ કરતાં બે માસની જેલ. પણ પાછળ હજારો હિંદીઓએ કાયદાનો ભંગ કરી જેલો ભરી દીધી.

૧૯૦૮ જાન્યુઆરી ૩૦ : ટ્રાન્સવાલના સર્વાધિકારી જનરલ સ્મટ્સે કેદીના વેશમાં જ તેમને મુલાકાત માટે બોલાવ્યા. કાળો કાયદો રદ કરવાની શરતે સમાધાન થતાં છુટકારો.

૧૯૦૮ ફેબ્રુઆરી ૮ : સમાધાનથી સંતોષ ન પામેલા તથા અફવાઓથી ઉશ્કેરાએલા પઠાણોનો પ્રાણઘાતક હુમલો; પણ બચી ગયા. પકડાએલા હુમલાખોર પર કેસ ચલાવવાની ના.

૧૯૦૮ ઑગસ્ટ ૧૬ : જનરલ સ્મટ્સે થએલા કરારનો ભંગ કરતાં ફરીથી બમણા ઉત્સાહથી સત્યાગ્રહની શરૂઆત.

૧૯૦૮ ઑક્ટોબર ૧૫: ધરપકડ અને બે માસની સખત મજૂરીની કેદ. છૂટચા; ફરી જેલ. જેલમાં ચોર ડાકુઓ સાથે કાળજાતૂટ શારીરિક મહેનત અને નિઃસત્ત્વ ખોરાકનું સેવન કરવાં પડયાં.

૧૯૦૯ જૂન ૨૩ : વાટાઘાટ કરવા ઈંગ્લંડ રવાના; પણ નિરાશા.

૧૯૦૯ નવેમ્બર : દક્ષિણ આફ્રિકા પાછા ફર્યા. રસ્તામાં, શકવર્તી સિદ્ધાંતો પ્રબોધતી પુસ્તિકા 'હિંદ સ્વરાજ' ૯ દિવસમાં લખાઈ.

૧૯૧૦ મે ૩૦ : વકીલાતને તિલાંજલિ આપી જોહાનિસબર્ગ પાસે પરમ મિત્ર કૅલનબેકે આપેલી ૧૧૦૦ એકર જમીન પર ટૉલ્સ્ટૉય ફાર્મની સ્થાપના. સત્યાગ્રહીઓનાં સ્ત્રી બાળકોને ત્યાં રાખી આદર્શ સત્યાગ્રહી બનાવવા તાલીમ આપવા માંડી.

૧૯૧૨ : યુરોપિયન પહેરવેશ તથા દૂધનો પરિત્યાગ; માત્ર ફળો પર નિર્વાહ કરવાનો પ્રયોગ. સત્યાગ્રહીઓનો કેસ સરકાર આગળ રજૂ કરવા આવેલા ગોખલેનો ઠેરઠેર ભવ્ય સત્કાર.

૧૯૧૩ : આશ્રમની બે વ્યક્તિઓના નૈતિક પતન માટે અઠવાડિયાનો ઉપવાસ અને ૪ માસ કેવળ એક વખત જ આહાર લઇને રહ્યા. ફરી ૧૪ દિવસના (ત્રીજા) ઉપવાસ.

૧૯૧૩ નવેમ્બર ૬ : હિંદીઓ પરનો ૩ ડૉલરનો ટૅક્સ રદ કરવાના વચનનો સરકારે ભંગ કરવાથી ફરી સત્યાગ્રહની શરૂઆત. ૫૦૦૦ ઉપરાંત સ્ત્રીપુરુષ તથા બાળકો સાથે નાતાલમાંથી ૩૬ માઈલ દૂર આવેલા ટ્રાન્સવાલમાં જંગી કૂચ અને ધરપકડ.

૧૯૧૩ નવેમ્બર ૯ : ૧ વરસની સખત મજૂરીની કેદ; સરઘસમાંનાં ઈતર હજારો સ્ત્રીપુરુષોની ધરપકડ.

૧૯૧૩ ડિસેમ્બર ૧૮ : પણ સરકારે નમતું મૂકી છોડી મૂકચા.

૧૯૧૪ જાન્યુઆરી ૧૪: જનરલ સ્મટ્સ સાથે સંધિ. સર્વ માગણીઓ મંજૂર. કાળો કાયદો ગયો, ૩ પાઉન્ડનો કર ગયો. ગેરકાયદેસર કરાવાએલાં હિંદીઓનાં લગ્નો કાયદેસર ઠર્યાં. સત્યાગ્રહના દિવ્યાસ્ત્રનું અસરકારકપણું જગતને પ્રતીત થયું.

૧૯૧૪ જુલાઈ : દક્ષિણ આફ્રિકાનું પોતાનું કાર્ય પૂરું થતાં માંદગી ભોગવી રહેલા ગોખલેને મળવા વિલાયત ગયા.

૧૯૧૪ ઑગસ્ટ : પહેલું મહાયુદ્ધ ફાટી નીકળતાં અંગ્રેજ સરકારને મદદ કરવા હિંદી સારવાર દળની સ્થાપના. પણ તબિયત ઘણી સખત બગડવાથી તે કામ પડતું મૂકવું પડયું.

૧૯૧૫ જાન્યુઆરી : હિંદ પાછા ફર્યા; યુદ્ધસેવાઓ માટે સરકાર તરફથી કૈસરે હિંદ સુવર્ણચંદ્રક મળ્યો.

૧૯૧૫ ફેબ્રુઆરી : વીરમગામની જકાતબારીની હાડમારી દૂર કરાવી. રવીન્દ્રનાથે પહેલી જ વાર 'મહાત્મા' તરીકે સંબોધ્યા. ખોરાક પર વધુ મર્યાદા. અંધારા પહેલાં જમી લેવાનો તથા ભોજનમાં પાંચ વસ્તુ કરતાં વધુ ન લેવાનો નિર્ધાર.

૧૯૧૫ મે ૨૫ : અમદાવાદમાં સાબરમતીને કાંઠે કોચરબ વાડીમાં જીવણલાલ બૅરિસ્ટરના મકાનમાં પચીસ સ્ત્રીપુરુષો સાથે સુપ્રસિદ્ધ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના.

૧૯૧૭ : હિંદમાંથી પાંચ વર્ષના કરારે દ૦ આફ્રિકા આદિ ઠેકાણે મજૂરો મોકલવાની ગિરમીટની પ્રથા રદ કરવા વીજળિક ઝુંબેશ. સરકારે ઢરી જઇ ગિરમીટનો કાયદો રદ કર્યો. હિંદમાં પહેલો વિજય.

૧૯૧૭ એપ્રિલ : ચંપારણ (બિહાર)માં ગળીનાં કારખાનાંના પીડિત મજૂરોની સ્થિતિનો અભ્યાસ કરવા ગયા; ધરપકડ અને છુટકારો; ગુલામસમ મજૂરોની સ્થિતિની તપાસ કરવા નિમાએલી તપાસ સમિતિમાં નિમણૂક ૭ માસ સુધી સતત પ્રયત્ન કરી તેમને ગોરા માલિકોના જુલમોમાંથી છોડાવી વિજય મેળવ્યો.

૧૯૧૮ જાન્યુઆરી-માર્ચ; અમદાવાદમાં મજૂરો ને મિલમાલિકોમાં પગાર વિષે પડેલા ઝગડામાં મજૂરોનો પક્ષ લઇ હડતાળ પડાવી. તેમાં કેટલાક મજૂરો ઢીલા પડેલા દેખાતાં હડતાળના ૧૮મે દિવસે ઉપવાસ શરૂ. ઉપવાસને ત્રીજે દિવસે લવાદ નિમાઇને મજૂરોની માગણી મંજૂર થઈ. હિંદમાં ત્રીજો મહાન વિજય. જગ-ખ્યાત મજૂર મહાજનની સ્થાપના. પાક નિષ્ફળ જવાથી મહેસૂલ મોકૂફ રખાવવા ખેડા જિલ્લામાં સત્યાગ્રહ. સરકારને નમતું આપી મહેસૂલમાં રાહત આપવી પડી.

૧૯૧૮ એપ્રિલ ૨૭ : પહેલા મહાયુદ્ધમાં સરકારને મદદ કરવાનો વિચાર કરવા વાઈસરૉયે બોલાવેલી યુદ્ધ-પરિષદમાં હાજરી અને હિંદુસ્તાનીમાં ભાષણ; સરકારને યુદ્ધમાં મદદ કરવાનો નિર્ણય. સૈન્યભરતી માટે ખેડા જિલ્લામાં પ્રવાસ.

૧૯૧૯ ફેબ્રુઆરી ૨૮: જીવલેણ માંદગીમાંથી ઊઠતાં જ 'કાળા કાયદા' તરીકે નામચીન બનેલા રૉલેટ બિલ વિરુદ્ધ સત્યાગ્રહની પ્રતિજ્ઞા.

૧૯૧૯ એપ્રિલ ૬: એ કાળા કાયદા સામે સત્યાગ્રહના શ્રી ગણેશ કરી હિંદના રાજકીય ઇતિહાસમાં પ્રથમ વાર દેશ વ્યાપી જબ્બર હડતાળ પડાવી. હિંદની પહેલી રાષ્ટ્રવ્યાપી લડતનાં મંડાણ. તેમનાં જપ્ત થએલા પુસ્તક 'હિંદ સ્વરાજ'નું છૂટથી બેકાયદે વેચાણ.

૧૯૧૯ એપ્રિલ ૮ : પંજાબમાં પ્રવેશબંધીના હુકમનો ભંગ કરવા જતા રસ્તામાં દિલ્હી આગળ ધરપકડ; મુંબાઈ લાવી છોડી મૂકચા. હિંસાત્મક પગલાં ભરતા ટોળાને શાંત રહેવાનો ઉપદેશ.

૧૯૧૯ એપ્રિલ ૧૩ : પંજાબમાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ. આથી વાઇસરૉય પાસે પરવાનગી માગીને પંજાબ ગયા અને ૩ માસ સુધી ૨૦૦૦ જેટલા સાક્ષીઓની નિષ્પક્ષ રીતે તપાસ કરીને અમલદારોનાં કાળાં કૃત્યોને પ્રકાશમાં આણ્યાં.

૧૯૧૯ એપ્રિલ ૧૪ : ઠેરઠેર થએલાં હિંસાત્મક તોફાનોના વિરોધમાં ત્રણ દિવસના ઉપવાસ. સત્યાગ્રહ બ બત પોતે ઉતાવળ કરીને હિમાલય જેવડી ભૂલ કર્યાની નડિયાદમાં કબૂલાત.

૧૯૧૯ એપ્રિલ ૧૮ : સત્યાગ્રહ મોકૂફ રાખ્યો.

૧૯૧૯ સપ્ટેમ્બર : ઈન્દુલાલ યાજ્ઞિકના 'નવજીવન' માસિકને સાપ્તાહિક બનાવી તેના તંત્રીપદેથી ગુજરાતમાં નવજીવનનો સંચાર.

૧૯૧૯ ઑક્ટોબર ૮ : હિંદભરના યુયુત્સુ નવયૌવનને ઘડતા તથા માર્ગદર્શન બતાવતા પ્રખ્યાત 'યંગ ઇન્ડિયા' નામના અંગ્રેજી અર્ધ સાપ્તાહિકના તંત્રી બન્યા.

૧૯૧૯ નવેમ્બર ૨૪: અખિલ હિંદ ખિલાફત પરિષદના પ્રમુખપદેથી હિંદુ મુસ્લીમ એકતાના પ્રતીક સમી ખિલાફત ચળવળ શરૂ કરી.

પરદેશી કાપડનો બહિષ્કાર તથા અસહકારનો પ્રારંભ.

૧૯૧૯ ડિસેમ્બર : મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા સ્વીકારી લેવાની કૉંગ્રેસને સલાહ. ઈતર નેતાઓનો વિરોધ છતાં તેમનો ઠરાવ પસાર.

૧૯૨૦ ઑગસ્ટ ૧ : વાઈસરૉયને કાગળ લખી, કૈસરે હિંદ ચંદ્રક તથા બોઅર અને ઝુલુ યુદ્ધ સમયની સેવાઓ અર્થે મળેલા પદકો સરકારી અત્યાચારના વિરોધ રૂપે પાછા મોકલી આપ્યા.

૧૯૨૦ સપ્ટેમ્બર : સરકારની નીતિનો વિરોધ કરવા તથા સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા માટે તેમણે પ્રબોધેલા અસહકારના નવા કાર્યક્રમનો કૉંગ્રેસના ખાસ અધિવેશને સ્વીકાર કર્યો.

૧૯૨૦ નવેમ્બર : રાષ્ટ્રીય કેળવણી તથા મુક્ત વાતાવરણ માટે જાણીતી ગુજરાત વિદ્યાપીઠની અમદાવાદમાં સ્થાપના.

૧૯૨૦ ડિસેમ્બર : કૉંગ્રેસના બંધારણ માટે સૂચવેલા સુધારાઓનો સ્વીકાર, જે આજ સુધી ચાલુ છે. અહિંસક માર્ગે સરકારનો સામનો કરી સ્વરાજ્ય મેળવવાના તેમના ઠરાવનો નાગપુર કૉંગ્રેસ દ્વારા સ્વીકાર. દેશભરમાં અસહકારનો તેજસ્વી જુવાળ. ઠેરઠેર પરદેશી કાપડની હોળીઓ, શાળા કૉલેજો બંધ, સરકારી નોકરીમાંથી સેંકડોનાં રાજીનામાં.

૧૯૨૧ એપ્રિલ : કૉંગ્રેસના ૧ કરોડ સભ્યો બનાવવાનો, ૧ કરોડ રૂપિયાનું 'ટિળક ફંડ' ઉઘરાવવાનો તથા ૨૦ લાખ ચરખા ગુંજતા કરવાનો વિરાટ કાર્યક્રમ શરૂ કરી એક જ વર્ષમાં પાર પાડ્યો.

૧૯૨૧ નવેમ્બર : પહેરણ ટોપી પહેરવાનું છોડી દઇ એકલો ટૂંકો કચ્છ પહેરવાનો નિર્ણય.

૧૯૨૧ ડિસેમ્બર : કૉંગ્રેસ દ્વારા સંપૂર્ણ સત્તાની ધુરા તેમને સોંપાઈ.

૧૯૨૨ ફેબ્રુઆરી ૧ : ખેડુતોમાં પણ અસહકારનો જુવાળ ફેલાવવા બારડોલીમાં નાકરનો સત્યાગ્રહ શરૂ કરવાની પોતાની ઇચ્છા વાઇસરૉયને જણાવી; પણ—

૧૯૨૨ ફેબ્રુઆરી ૫ : ચૌરીચૌરા (યુક્ત પ્રાંત)માં ટોળાંએ ૨૧ પોલીસ અને ૧ સબ-ઈન્સ્પેક્ટરને બાળી મૂકવાથી સત્યાગ્રહ ચળવળ મોકૂફ અને પ્રાયશ્ચિત્ત રૂપે ૫ દિવસના ઉપવાસ.

૧૯૨૨ માર્ચ ૧૦ : ધરપકડ; અને તા. ૧૮મીએ ૬ વર્ષની કેદ મળી.

૧૯૨૪ જાન્યુઆરી ૧૨ : એપેન્ડિસાઇટિસ માટે પૂનાની ઑસ્પિટલમાં ડૉ. મેડકના હાથે સફળ શસ્ત્રક્રિયા કરવામાં આવી.

૧૯૨૪ ફેબ્રુઆરી ૫ : બિનશરતી છુટકારો. જુહુમાં થોડો કાળ આરામ.

૧૯૨૪ સપ્ટેમ્બર ૧૮ : દેશભરમાં ફાટી નીકળેલો કોમી દાવાનળ શાંત કરવા દિલ્હીમાં હિંદુમુસ્લિમ ઐક્ય માટે ૨૧ દિવસના ઉપવાસ.

૧૯૨૪ ડિસેમ્બર : બેલગામમાં ભરાએલી કૉંગ્રેસના પ્રમુખપદે.

૧૯૨૫ સપ્ટેમ્બર : લાખો ગરીબોને રેંટિયાદ્વારા રોજી આપતા અખિલ હિંદ ચરખાસંઘની સ્થાપના. રેંટિયાનો ગામડે ગામડે પ્રચાર.

૧૯૨૫ નવેમ્બર ૨૪ : આશ્રમવાસીઓના અપકૃત્યના પ્રાયશ્ચિત્ત માટે ૭ દિવસના ઉપવાસ; 'આત્મકથા' લખવાની શરૂઆત.

૧૯૨૮ ફેબ્રુઆરી : બારડોલીમાં સરકારે વધારેલા મહેસૂલ સામે તેમના માર્ગદર્શન નીચે સરદાર વલ્લભભાઈ પટેલે નેતૃત્વ લઈ કરેલો વિખ્યાત ટેકીલો સફળ સત્યાગ્રહ

૧૯૨૮ ડિસેમ્બર : ૧૯૨૯ના અંત સુધી જો ડોમિનિયન સ્ટેટસ ન આપવામાં આવે તો પછી પૂર્ણ સ્વરાજની લડતની હિમાયત કરતો તેમનો ઠરાવ કૉંગ્રેસમાં પસાર થયો.

૧૯૨૯ ડિસેમ્બર ૩૧ : લાહોર ખાતે કૉંગ્રેસ અધિવેશનમાં તેમની સૂચનાથી પૂર્ણ સ્વરાજની હિમાયત, ને તે માટે લડતની જાહેરાત.

૧૯૩૦ ફેબ્રુઆરી : કૉંગ્રેસ મહાસમિતિએ સવિનય ભંગ માટે તેમને સર સેનાપતિ નીમ્યા. લડતનો કાર્યક્રમ નક્કી થયો.

૧૯૩૦ માર્ચ ૨ : કૉંગ્રેસની માગણીઓ કબૂલ ન રખાય તો મીઠાનો કાયદો તોડવાના પોતાના મક્કમ સંકલ્પની જાણ કરતો ખુલ્લો પત્ર વાઇસરૉયને લખ્યો.

૧૯૩૦ માર્ચ ૧૨ : દાંડીના દરિયાકાંઠે જઈ મીઠાનો કાયદો તોડવા માટેની ૭૯ સત્યાગ્રહીઓ સાથેની ઐતિહાસિક 'દાંડીકૂચ'નો સાબરમતી આશ્રમથી પ્રારંભ. ૨૫ દિવસ બાદ ૨૪૧ માઈલની મુસાફરી કરીને દાંડીને દરિયાકિનારે પહોંચ્યા. આ કૂચથી આખા દેશને રાષ્ટ્રોદ્રેકથી સળગાવી મૂક્યો.

૧૯૩૦ એપ્રિલ ૬ : દાંડીના કાંઠેથી મીઠું ઉપાડીને સરકારના જુલમી કાયદાનો ભંગ કરી દેશ સમસ્તમાં કાયદાભંગનો મંત્ર ફૂંક્યો.

૧૯૩૦ મે ૫ : ધારાસણાના મીઠાના અગર પર ધાડ લઇ જવાનો વિચાર સરકારને જણાવતાં ધરપકડ ને વગર કેસ ચલાવ્યે કેદ. હિંદવ્યાપી હડતાળ; એક વર્ષમાં ૧ લાખ મનુષ્યોનું જેલગમન.

૧૯૩૧ જાન્યુઆરી ૨૬ : જેલમાંથી બિનશરતી છુટકારો.

૧૯૩૧ ફેબ્રુઆરી-માર્ચ : વાઇસરૉય લૉર્ડ અરવિન સાથે અનેકવાર મંત્રણા, જેને પરિણામે સુપ્રસિદ્ધ ગાંધી–અરવિન કરારો થયા.

૧૯૩૧ ઑગસ્ટ ૨૯ : બીજી ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમેવ પ્રતિનિધિ તરીકે ઇંગ્લંડ ગમન.

૧૯૩૧ ડિસેમ્બર ૨૮ : નિષ્ફળ ગોળમેજીનો 'ઝેરનો કટોરો' પી પાછા ફર્યા. હિંદને કિનારે ઊતરતાં જ સરકારના અત્યાચાર માટે વાઈસરૉય પાસે જવાબ માંગી લડત શરૂ કરવાની જાણ કરી.

૧૯૩૨ જાન્યુઆરી ૪ : ધરપકડ અને કેસ ચલાવ્યા વિના કેદ. દેશભરમાં સભા, સરઘસ તથા હડતાળ. સરકારી દમનનો કોરડો.

૧૯૩૨ સપ્ટેમ્બર ૨૦ : કોમી ચુકાદામાં હરિજનોને અલગ મતાધિકાર આપવા સામે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા.

૧૯૩૨ સપ્ટેમ્બર ૨૬ : માગણીનો સ્વીકાર થતાં ઉપવાસ છોડ્યા.

૧૯૩૩ ફેબ્રુઆરી ૧૧ : 'હરિજન' સાપ્તાહિક અંગ્રેજીમાં અને 'હરિજન સેવક'-હિંદીમાં શરૂ કરાવ્યાં.

૧૯૩૩ મે ૮ : હરિજનોની અનેક હાડમારીઓ નિવારવા ૨૧ દિવસના ઉપવાસ શરૂ કર્યા. તે જ દિવસે બીનશરતી છૂટકારો.

૧૯૩૩ મે ૯ : સવિનય ભંગની લડત ૬ અઠવાડિયાં માટે મોકૂફ.

૧૯૩૩ મે ૨૯ : ઉપવાસનો સફળ અંત.

૧૯૩૩ જુલાઈ ૨૬ : અમદાવાદ-સાબરમતીનો સત્યાગ્રહ આશ્રમ દેશના યજ્ઞમાં હોમી દીધો; જે પાછળથી હરિજન સેવક સંઘના કાર્ય માટે સોંપી દેવાને કારણે હરિજન-આશ્રમ બન્યો.

૧૯૩૩ જુલાઇ ૩૦ : સવિનય ભંગ ફરી જાગ્રત કરવા ૩૩ અનુયાયીઓ સહિત અમદાવાદથી રાસ મુકામે કૂચ કરવાના પોતાના વિચારની મુંબાઈ સરકારને ખબર આપી.

૧૯૩૩ જુલાઇ ૩૧ : પણ રાતના જ અમદાવાદમાં રણછોડભાઇ શેઠને ત્યાંથી ધરપકડ અને એક વરસની સાદી જેલની સજા.

૧૯૩૩ ઑગસ્ટ ૧૬ : અસ્પૃશ્યતા-નિવારણની પોતાની પ્રવૃત્તિ ચલાવવા માટેની સગવડો સરકારે બંધ કરવાથી ઉપવાસ શરૂ કર્યા.

૧૯૩૩ ઑગસ્ટ ૨૩ : ૭ દિવસ બાદ સરકારે છોડી મૂક્યા.

૧૯૩૩ નવેમ્બર ૭ : હરિજન-ઉદ્ધાર માટે હિંદભરમાં પ્રવાસ શરૂ. રસ્તામાં અજમેરમાં સ્વયંસેવકોએ એક સનાતની સાથે અઘટિત વ્યવહાર કરવાથી તેના પ્રાયશ્ચિત્ત રૂપે ૭ દિવસના ઉપવાસ.

૧૯૩૪ સપ્ટેમ્બર ૧૭ : ગ્રામોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, હાથઉદ્યોગ ઈત્યાદિ રચનાત્મક કાર્ય માટે ૧લી ઑક્ટોબરથી રાજકારણ-

















ઉપર : પિતૃસેવક 'મનુ'-મોહનદાસ, રાજકોટ હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારે; વચ્ચે : ઉપલી હાર-વિલાયતમાં બૅરિસ્ટરીનો અભ્યાસ કરતા ત્યારે, તથા દક્ષિણ આફ્રિકામાં ઍટર્ની તરીકે વકીલાત કરતા હતા ત્યારે; વચલી હાર-ઝુલુ વિગ્રહ વખતે શુશ્રૂષા ટુકડીના નાયક તરીકે, તથા ફીનિક્સ આશ્રમમાં હતા ત્યારે.

વચ્ચે : છેલ્લી હાર-હિંદ આવ્યા પછી કાઠિયાવાડી પોષાકમાં; અમદાવાદમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના ને રેંટિયા તથા ખાદીના ઉદ્ગમ પછી નવા સાદા પોષાક-ખાદીના પહેરણ ને ટોપી-માં; ઉપર દક્ષિણ આફ્રિકામાં ગિરમિટિયાઓ માટેની લડત વેળાએ સત્યાગ્રહીના પોશાકમાં.



ઈ. ૧૯૩૦ના મેની પાંચમી તારીખે ધરાસણાના મીઠાના અગર પર ધાડ લઈ જવાની યોજના માટે ધરપકડ થઈ તેને આગલે દિવસે ૪થી તારીખે કરાડી ગામની કુટિરમાં 'યંગ ઇન્ડિયા'નું લેખનકાર્ય કરતા. (ફોટો • ચાંદારીકર)



ઈ. ૧૯૩૨માં ગોળમેજી પરિષદ વખતે ઇંગ્લંડમાં





ાવાદમાં ૧૯૩૬ના સાહિત્ય સંમેલન વખતે ચિત્રપ્રદર્શન જોતા (ફોટો · નરેન
ાણી બાજુ : સેવાગ્રામની પોતાની કુટિરમાંથી બહાર નીકળતા; નીચે : પંડિત
ાલ નહેરુ સાથે ગંભીર મંત્રણાગાં ડૂબેલા : પાછળ મંત્રી પ્યારેલાલ જણાય છે.



માંથી નિવૃત્ત થવાની જાહેરાત. હરિજનોની સેવા માટે હરિજન સેવક સંઘની સ્થાપના. બંધ પડેલા ગુજરાતી 'નવજીવન' અઠવાડિક ને બદલે 'હરિજનબંધુ'ની શરૂઆત.

૧૯૩૪ ડિસે. ૧૪: હિંદનાં સાત લાખ ગામડાંમાં વસેલા ખેડૂતોને રોજી આપવા તથા મૃત:પ્રાય થએલા ગૃહ-ઉદ્યોગોને સજીવ કરવા અખિલ હિંદ ગ્રામોદ્યોગ સંઘની શરૂઆત.

૧૯૩૬ એપ્રિલ ૩૦: ગ્રામોદ્ધાર કેવો હોય તે મૂર્તિમંત કરી આદર્શ ગામડાની રચના કરવા મધ્ય પ્રાંતમાં વર્ધા પાસેના એક ગામડા સેગાંવ (સેવાગ્રામ)માં પોતાનું વડું મથક સ્થાપવાનો નિર્ધાર.

૧૯૩૭ ઑક્ટો૦ ૨૨: વર્ધા ખાતે મળેલી શિક્ષણ પરિષદના પ્રમુખપદેથી હસ્તોદ્યોગ દ્વારા શિક્ષણ આપવાની પોતાની અભિનવ યોજના (વર્ધા યોજના જે પાછળથી 'નઇ તાલીમ' તરીકે જાણીતી થઈ)ની જાહેરાત.

૧૯૩૯ માર્ચ ૩: રાજકોટમાં પ્રજા લડત અંગે થએલા કોલકરારનો ત્યાંના દીવાન વીરાવાળાએ ભંગ કરવાથી રાજકોટ રાજ્યે આપેલાં વચનો પળાવવા આમરણાંત ઉપવાસની શરૂઆત. પણ વાઈસરૉયે દરમ્યાનગીરી કરવાથી ૭મી માર્ચે ઉપવાસ છોડયા.

૧૯૪૦ જુલાઈ-સપ્ટેમ્બર: શરૂ થએલા બીજા મહાયુદ્ધની બાબતમાં ચર્ચા કરવા વાઇસરૉયનું આમંત્રણ આવવાથી મળ્યા.

૧૯૪૦ ઑક્ટો.: વાણી-સ્વાતંત્ર્ય તથા બીજા હક્કો પર તરાપ મારતા જુલમી કાયદાઓના વિરોધ તરીકે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ. 'હરિજન'માંનું લખાણ પ્રથમ સરકારે તપાસી લીધા પછી જ પ્રસિદ્ધ કરવાનો હુકમ કરવાથી 'હરિજન' પત્રો બંધ કર્યાં.

૧૯૪૧ ડિસે૦ ૩૦: તેમની વિનંતિથી તેમને કૉંગ્રેસના નેતા તરીકે કારોબારીએ નિવૃત્ત કર્યા

૧૯૪૨ જાન્યુ૦ ૧૮: 'હરિજન' પત્રો ફરી શરૂ થયાં.

માર્ચ ૨૭: હિંદને સ્વરાજ્ય આપવા અંગે વાટાઘાટો કરવા આવેલા સર સ્ટેફર્ડ ક્રિપ્સને મળ્યા; પાછળથી તેની દરખાસ્તો ઘણી અપૂર્ણ અને 'આગોતરી તારીખના ચેક' જેવી છે એમ જાહેર કર્યું.

મે: હિંદને તેના નસીબને ભરોંસે છોડી જવા (કિવટ-ઇન્ડિયા)ની બ્રિટિશ સરકારને જગજાહેર સલાહ.

ઑગસ્ટ ૮: કૉંગ્રેસની મહાસમિતિ આગળ 'હિંદ છોડો'ની ચળવળનો અર્થ સમજાવી તેને માટે 'કરેંગે યા મરેંગે'નો નિર્ધાર રજૂ કરતું શકવર્તી ભાષણ. આખરી લડત માટે પ્રજાને હાકલ.

ઑગસ્ટ ૯: ધરપકડ અને પૂનાના આગાખાન મહેલમાં કેદ.

ડિસે. ૩૧: ત્યારબાદ દેશભરમાં થએલાં જબ્બર તોફાનોની જવાબદારી અંગે વાઈસરૉય સાથે પત્રવ્યવહાર. 'ચોર કોટવાલને દંડે' એ ન્યાયે વાઇસરૉયે તોફાનોની બધી જવાબદારી તેમને માથે ઓઢાડી.

૧૯૪૩ ફેબ્રુ૦ ૧૦: સરકારના આ હડહડતા જુઠાણા સામે પ્રભુના દરબારમાં ન્યાય તોળવવા ૨૧ દિવસના ઉપવાસ, જે ૩ જી માર્ચે સફળતાથી પૂરા કર્યા.

૧૯૪૪ ફેબ્રુઆરી ૨૨: જીવનસંગિની કસ્તુરબાનું જેલમાં અવસાન.

મે ૬: તેમની તબિયત બગડતાં જેલમાંથી બિનશરતી મુક્તિ.

સપ્ટેમ્બર ૯થી૨૭: જનાબ ઝીણા સાથે હિંદુમુસ્લિમ પ્રશ્ન અને પાકિસ્તાન બાબત મંત્રણા. પણ તેમાં નિષ્ફળતા.

ઑક્ટો૦ ૨: ૭૫ મી વર્ષગાંઠે કસ્તુરબા સ્મારક માટે ૧ કરોડ ૧૦ લાખની થેલી અર્પણ થઇ.

ઑક્ટો૦ ૨૮: રચનાત્મક કાર્ય કરવા કૉંગ્રેસીઓને હાકલ.

૧૯૪૫ જૂન ૨૫: સિમલા પરિષદ શરૂ થઈ, જેમાં કૉંગ્રેસના સલાહકાર તરીકે ભાગ લીધો.

૧૯૪૬ ડિસેમ્બર: ૧૬મી ઑગસ્ટના મુસ્લિમ લીગના સીધા પગલાના દિવસે થએલા હુમલાખોરી અને આગકતલને પરિણામે પૂર્વ બંગાળમાં નોઆખલીમાં દુ:ખી લોકોને સાન્ત્વન આપવા તથા હિન્દુમુસ્લિમ ઐક્ય સ્થાપવા મહાયાત્રા શરૂ કરી. ગામડે ગામડે નીડરતા ને શાંતિનો સંદેશ આપતા પગપાળા ફરી વળ્યા.

૧૯૪૭ માર્ચ ૩૦: દિલ્હીમાં આગમન; એશિયાઈ પરિષદ આગળ હિંદનો અલૌકિક પયગામ જગતને આપતું યાદગાર ભાષણ.

એપ્રિલ ૧૧: પૂર્વ બંગાળના પ્રત્યાઘાતોથી તોફાન કરી ઊઠેલા બિહારમાં શાંતિ-પ્રવાસ કરવા જવાનો નિર્ણય

એપ્રિલ ૧૫: કોમી દાવાનળની શાંતિ માટે ગાંધી-ઝીણા અપીલ.

મે ૫: હિંદ એકદમ છોડી જવાની બ્રિટનને સલાહ.

મે ૬: ઝીણા સાથે ફરી મંત્રણા. દેશવિચ્છેદનની યોજના તથા દ્વિરાષ્ટ્ર સિદ્ધાન્ત સ્વીકારવાની ના.

મે ૨૫: હિંદના નકશાને બિલકુલ ન ફેરવતાં બધી સત્તા લોકસભાને સોંપી દેવાની ત્રિમંત્રી મંડળને સલાહ.

જૂન ૨: કોઇ પણ સંજોગોમાં હિંદને અખંડ જ રાખવાનો આગ્રહ.

જૂન ૩: હિંદને હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં વહેંચી દઈને ૧૫મી ઑગસ્ટે હિંદને સ્વતંત્ર કરવા ઠરાવતી કૉંગ્રેસ અને લીગ બંને પક્ષે સ્વીકારેલી ત્રિમંત્રી મંડળની યોજના બહાર પડી. કૉંગ્રેસ સામે બળવો ન કરવાની સલાહ.

ઑગસ્ટ ૧૫: મહાત્માજીના અવિશ્રાંત શ્રમ તથા અદ્વિતીય નેતાગીરીને પરિણામે દેશ (વિભાગાએલો છતાં)આઝાદ બન્યો.

સપ્ટે. ૧: કલકત્તામાં કોમી ગાંડપણ શાંત કરવા ઉપવાસ, જે ૭૩ કલાક બાદ શાંતિ સ્થપાતાં છોડયા અને થોડા દિવસ બાદ દિલ્હીમાંના એવા ગાંડપણથી ત્યાં ગયા.

૧૯૪૮ જાન્યુ. ૧૩: દેશ કોમી ગાંડપણ ત્યજી દઈ સ્વસ્થતા ધારણ કરે તે માટે દિલ્હીમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ પર ઊતર્યા. ૫ દિવસ બાદ નેતાઓની કોમી એખલાસ સ્થાપવાની ખાત્રી પછી ઉપવાસ છોડયા.

જાન્યુ. ૨૦ બૉંબ ફેંકી તેમને મારી નાખવાનો નિષ્ફળ પ્રયાસ; હુમલાખોરને માફી આપી.

જાન્યુ. ૩૦ સાંજની પ્રાર્થના સભામાં જતાં, તેમના ઉપર હિંદુમહાસભાવાદી મહારાષ્ટ્રી નથુરામ વિનાયક ગોડસેએ રાઇફલ વતી હીચકારો હુમલો કર્યો. ૩૫ મિનિટ બાદ ૫-૪૦ વાગ્યે મૃત્યુ.

'કશા બાહ્યાધિકારના ટેકા વિના હિંદની પ્રજાના નેતા; જેમની સફળતા કશી ચાલાકી કે હુન્નરી તરકીબો ઉપરના કાબૂ પર નહિ પરંતુ કેવળ તેમની વ્યક્તિમત્તાના પ્રતીતિકર સામર્થ્ય પર નિર્ભર છે એવા રાજનીતિજ્ઞ; બળના પ્રયોગને સદા તુચ્છકારતા આવેલા વિજયી લડવૈયા; મનોદૃઢતા તથા અસ્ખલિત સુસંગતિથી સજ્જ એવા પ્રજ્ઞ, અને જેમણે પોતાની સઘળી શક્તિ પોતાની પ્રજાનાં ઉદ્ધાર તથા બહેતરી પાછળ ખર્ચેલી છે નમ્ર એવા આદમી;—એવા એક પુરુષ, જેમણે એકાદ અદના માનવીના ગૌરવપૂર્વક યુરોપની પાશવતાનો સામનો કર્યો છે, અને એ રીતે સર્વદા શ્રેષ્ઠતાને વર્યા છે. સંભવ છે કે, આવતી પેઢીઓના કદાચ એ માન્યામાં પણ ભાગ્યે જ આવે કે આવો કોઈક પુરુષ કયારે યે આ પૃથ્વી પર સદેહે વિચરતો હતો.'

(આલબર્ટ આઇન્સ્ટાઈન)



૧૯૨૦માં અમદાવાદ ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે કવિવર રવીન્દ્રનાથ ઠાકુર સાથે.

(અનુસંધાન પૃ. ૪૧થી ચાલુ) હું ઉપરટપકે સાંભળી રહ્યો હતો. પણ ડાક્તર તો એમની ઘણા નિકટ હોવાથી તેમણે ઘણા વિચારો ચર્ચ્યા.

પછી તો સત્યાગ્રહ આશ્રમ બંધાતો ગયો. 'નવજીવન' શરૂ થયું અને તેનું કામકાજ ઉઠાવવા સ્વામી આનંદ, જુગતરામ દવે વગેરે મારું જૂનું મિત્રમંડળ આવી પહોંચ્યું. ખેતરોની વચ્ચેનો આશ્રમ, ત્યાંની ઉદ્યોગશાળા, એ બધું અમદાવાદને માટે ક્રાન્તિજીવન હતું. પણ તેની સાત્ત્વિકતા અને તાજગી સૌને અસર કરતાં. સામયિકોમાં 'નવજીવન' પણ નવતર હતું. પ્રજાજીવનને તત્કાલની જરૂરી બાબતો ઉપર, ગામડિયો પણ સમજી શકે એવી ઘરગથ્થુ ભાષામાં તે ચાલતું. છતાં આનંદશંકરભાઇ અને કવિ નાનાલાલ જેવા પણ તેમાં લખતા. નવજીવનના એ પ્રારંભકાળમાં ગાંધીજીએ એકબે લેખો માટે ચિત્રો કરવાનું મને સોંપેલું. એ ચિત્રો શોભા માટે નહિ. પણ વસ્તુને વધુ સરળ સ્વરૂપ આપવા માટે જ કરવાનાં હતાં. તે પૈકી દુઃખી ભારતમાતાનું ચિત્ર તેમને ગમેલું.

એવામાં અમદાવાદમાં છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ ભરવાનું ઠર્યું; એ વેળા નૉબેલ પ્રાઈઝના વિજેતા કવિવર ટાગોરની પ્રતિભાથી ઘણા તરુણ ગુજરાતીઓ મુગ્ધ બનેલા, એટલે પરિષદ ઉપર માનનીય મહેમાન તરીકે આવીને તેઓ ઉદ્‌ઘાટનનું વ્યાખ્યાન આપે એવો પ્રસ્તાવ આવ્યો. પણ એવા જગન્માન્ય વિદ્વાનને નિમંત્રણનો પત્ર કોણ લખે? ડૉ. હરિપ્રસાદે ગાંધીજી આગળ એ વાત મૂકી, એટલે ગાંધીજી કહે: 'એમાં શું? આપણે લખીએ. પણ તેઓની રાજવંશી જેવી વ્યવસ્થા કરનાર યજમાન શોધો.' એ કાળમાં શેઠ અંબાલાલ સારાભાઇના ઘરમાં જ સાહિત્ય અને કલાને કંઇક સમાદર થઇ શકે એટલી તેમની વિદ્યાભિરુચિ હતી; એટલે ડૉ. હરિપ્રસાદે સ્વ. કરુણાશંકર માસ્તર દ્વારા એ વાત સૌ. શ્રીમતી સરલાદેવી સારાભાઇને પહોંચાડી. તેમણે એ વાત વધાવી લીધી ને ગાંધીજીના આમંત્રણથી કવિવર સાહિત્ય પરિષદ પર અમદાવાદ આવ્યા. એ વખતે ગાંધીજી ખાદીનું પહેરણ, ટૂંકું ધોતિયું અને માથે ખાદીની ટોપી પહેરતા. પરિષદ અંગે કવિએ લાલ દરવાજે મોટી જનમેદની આગળ 'નવયુગની વસંત બેઠી છે' એ વિષય પર અંગ્રેજીમાં પ્રેરક વ્યાખ્યાન આપ્યું. લોકોને તેનું ગુજરાતી કરી સમજાવવાની માગણી થતાં સૌ વિદ્વાનોને તે અશક્ય લાગ્યું. એટલે ગાંધીજી ઊભા થયા ને સાદી ભાષામાં શાળા શિક્ષકની ઢબે તેનો સાર-અર્થ કરી બતાવી લોકોને સંતોષ આપ્યો.

અમદાવાદમાં એક રાત્રે સ્વામી આનંદ કવિ નાનાલાલની પેન્સિલથી લખેલી એક હાથપ્રત લઈ મારે ત્યાં આવ્યા ને કહ્યું: 'કવિએ હૃદયના પૂરા સંવેદનથી ગાંધીજીની ૫૦મી જન્મ જયંતી નિમિત્તે 'ગુજરાતનો તપસ્વી' નામનું એક અદ્‌ભુત કાવ્ય લખ્યું છે અને તે 'વીસમી સદી' માં પ્રકટ કરવાનું છે. મેં હાજીમહમ્મદ સાથે વાત કરી છે, પણ તે માટે ગાંધીજીની એક છબિ જોઈએ. છબિ તો તે પાડવા દેતા નથી, ને પહેલાંની છબિ ચાલે નહિ; એટલે તમે તેમનો સ્કેચ કરી આપો. તે માટે હું બાપુજીની રજા મેળવીશ.' આવી તકનો લાભ કોણ ન લે? આશ્રમ જઇને ગાંધીજીના ખાટલાની એક બાજુ હું બેસી ગયો. તેમનું બધું કામ ખાટલા પર જ થતું. ગાંધીજી એક પગ લટકતો રાખી બીજા પગના ગોઠણ ઉપર કાગળો રાખી 'નવજીવન' ના લેખો લખી રહ્યા હતા, પણ મારા કામ માટે જોઇતી સ્થિરતા ભાગ્યે જ રહેવી. છતાં મેં મહેનત કરી સ્કેચ પૂરો કર્યો, જે 'વીસમી સદી' માં છપાયો છે.






ડૉ. હરિપ્રસાદ દેસાઇ શ્રી પુષ્કર ચંદરવાકર શ્રી યશોધર ન. મહેતા

—પાછલા વર્ષના ચન્દ્રક-ધારકો—

ઈ. ૧૯૪૭નો કુમાર-ચન્દ્રક

શ્રી બલવંતરાય ઠાકોર, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
તથા શ્રી અનન્તરાય રાવળના નિર્ણાયક મંડળે
૧૯૪૭ના વર્ષમાં 'કુમાર'માં આવેલાં મૌલિક સાહિત્ય-સર્જનો પૈકી
શ્રી રાજેન્દ્ર શાહને તેમનાં કાવ્યો માટે
આપવા ઠરાવ્યો છે, એ જાહેર કરતાં અમને આનંદ થાય છે.



શ્રી રાજેન્દ્ર શાહ

ફોટોગ્રાફી ઉપર તો એમને ઘૃણા હતી; પણ તે તો ખાસ કરીને સસ્તી પ્રસિદ્ધિનો મોહ ઉપજાવનારી હોવાને માટે જ. એટલે મેં એક વાર સ્વામી આનંદ મારફત વિનંતી કરીને તેમની સામે બેસીને તેમનું તૈલચિત્ર કરવાની અનુમતિ મેળવી. કૅનવાસ, રંગો વગેરે લઈને હું આશ્રમે ગયો અને તેમના ખંડમાં એક ખૂણે બેઠો. તેમણે મને ચેતવણી આપી કે આ કામમાં પોતે કોઈ જાતનો સહકાર કે સંયમનો ભોગ આપી શકશે નહિ. 'તમારે માટે ઘણું સાંભળ્યું છે. તો તમારી કળા અજમાવી જુઓ!' ચાર કલાક સુધી મેં એ મુદ્રાઓ બદલતી મૂર્તિ ઝડપવાને પીંછીના દાવ અને પેંતરાથી કૅનવાસ પર રંગ ઘુમાવ્યા કર્યા અને એક સ્વરૂપ ઉપજાવ્યું. અલબત્ત, એ સજીવ ચૈતન્યમૂર્તિ આગળ તો એ ફિક્કું જ લાગે ને? એ કૅનવાસ ચિત્ર મેં ગુજરાત વિદ્યાપીઠને ભેટ આપ્યું છે.

૧૯૨૨માં હું શેઠ અંબાલાલ સારાભાઈનાં બાળકોનો કલાશિક્ષક બન્યો હતો. એ અરસામાં ગાંધીજીને રાજદ્રોહના ગુનાસર પહેલા કેદ કર્યા. ગાંધીજી ને તેની તીવ્ર લોકલાગણી સરકાર જાણતી હોવાથી તેમનો કેસ શહેરની કોર્ટમાં ન ચલાવતાં શાહીબાગના સર્કિટ હાઉસમાં ચલાવવાનું ઠરાવ્યું. અંબાલાલ શેઠને તેની જાણ થતાં એ પ્રસંગે હાજર રહેવા માટે પોતાના કુટુંબ માટે રજા મંગાવી તેમાં અમને શિક્ષકોને પણ સામેલ કર્યા, ને અમે સર્કિટ હાઉસમાં પહોંચી ગયા. ખંડ બહુ નાનો હતો. કોર્ટનાં માણસોમાં પબ્લિક પ્રોસીક્યુટર રા. સા. ગિરધરલાલ, સરકારી ઍડવોકેટ સ્ટૅંગમૅન અને ન્યાયમૂર્તિ બ્રૂમફીલ્ડ હતા. તેઓ બધા ગંભીર હતા. ગાંધીજીએ કામકાજમાં કંઇ જ ભાગ ન લેતાં પોતાનું એક સ્ટેટમૅન્ટ વાંચ્યું અને તેમને સજા થઇ. દરમ્યાન મેં ગાંધીજી, કસ્તુરબા, અને સરકારી વકીલના સ્કેચ કર્યા અને એ કોર્ટ-પ્રસંગનું દૃશ્ય ઉપલક રેખામાં નોંધી લીધું

મારી સાથેના શિક્ષક મંડળમાં ઇંગ્લંડના એક શિક્ષક મિ ડબ્લ્યુ. ઇ. સ્ટૅન્ડિંગ કરીને હતા. તે હિંદ વિષે ખૂબ લાગણી ધરાવતા અને અવારનવાર 'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં હિંદના ખબરો લખી મોકલતા. તેમણે આ કેસની નોંધ લખી મોકલી તે સાથે મારા સ્કેચ પણ મોકલ્યા, અને તે એ અહેવાલ સાથે પ્રસિદ્ધ થયાં. એ દ્વારા યુરોપમાં કદાચ પહેલી જ વાર લોકોને ગાંધીજીની આકૃતિ જોવા મળી.

એ વખતે મહાદેવભાઇ પંડિત મોતીલાલજીનું 'ઈન્ડિપેન્ડેન્ટ' પત્ર ચલાવતાં પકડાઈને અલ્લાહાબાદ જેલમાં સજા ભોગવતા હતા તેમના જોવામાં એ 'માન્ચેસ્ટર ગાર્ડિયન' આવ્યું, ને તેમણે ત્યાંથી સ્વામી આનંદ પરના પત્ર દ્વારા એ સ્કેચો માટે અભિનંદન મોકલ્યું.

૧૯૩૬માં ફરી અમદાવાદમાં સાહિત્ય પરિષદનું સંમેલન ભર્યું તે સાથે ગુજરાત કલા પ્રદર્શન ભરવાનું મને અને કનુભાઇને સોંપાયું. ગાંધીજી એ સંમેલનના પ્રમુખ ચુંટાયા હતા. તે ખાસ તક લઇને એ પ્રદર્શન જોવા આવ્યા અને લગભગ પોણો કલાક હું તેમની સાથે ચિત્રો અને ચિત્રકારોનો પરિચય આપતો ફર્યો ત્યાં સુધી બહુ ચીવટથી બધું જોયું. પછી સમેલનના વ્યાખ્યાનમાં પ્રદર્શનને ઉલ્લેખી બોલ્યા કેઃ'આજે ભાઈ રવિશંકરે પ્રદર્શન બતાવ્યું તે જોઈ મારી છાતી ગજગજ ફૂલે છે. દસ વર્ષ પહેલાં આવું કશું ન હતું. પણ આ ચિત્રો લઇને મારાં ગામડાંમાં શું કરું. તેનો વિચાર આવે છે કળાકારો અને સાહિત્યકારો શહેરો તરફ નજર રાખીને જ સર્જનો કર્યા કરે છે અને બીચારાં ગામડાંનાં જનો સાવ નિરક્ષર અને અસંસ્કૃત જીવન ગુજારે છે. તમે ગામડાંની દશા જાણતા હો તો...' આટલું કહેતાં તે ગળગળા થઈ ગયા અને પછી તો ગામડાની કરુણતા ઉપર ઊતરી પડયા. એ વાતની ચોટ પરથી ઘણે વખતે હું મારા વિદ્યાર્થીઓની સહાયથી ગામડાં માટે 'સંસાર ચિત્રાવલિ' કરી શકયો. તેનો લાભ લાખો ગ્રામવાસીઓએ લીધો છે અને હજી પણ સદા એ ફરતી જ રહે છે.

ગાંધીજીનું જીવન અનેકાનેકનું આશ્વાસન અને આલંબન હતું, તેમ મારા જેવા અદના માણસને પણ તેમના તરફ દૃષ્ટિ રાખવાથી સજીવ પ્રેરક બળ અને ચેતનાનો અનુભવ થયો છે એ ઋણનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરી આ હૃદયાંજલિ નમ્રપણે અર્પું છું.

ઉપનિષદની આખ્યાયિકાઓ

લેખક · અંબાલાલ પુરાણી

[ઉપનિષદની આખ્યાયિકાઓ દ્વારા પ્રાચીન કાળમાં આધ્યાત્મિક વિદ્યા શીખવવાની જે પદ્ધતિ હતી તેનો કંઇક અંશે પરિચય આપવા આ વિભાગ શરૂ થાય છે. શાસ્ત્રી કે ગુરુ કહે તે વગર વિચાર્યે કે વગર પ્રશ્ન કર્યે પ્રમાણ તરીકે સ્વીકારી લેવું એવી નિર્મૂળ, નિષ્ક્રિય કે પરાધીન મનોદશાને સાચી આધ્યાત્મિકતા કદી ઉત્તેજન આપે જ નહિ એનો અહીં આપણને પુરાવો મળે છે.

આ વાર્તામાં છેદ ઉડાવવાની—એટલે કે એક પછી એક વિકલ્પોને દૂર કરવાની પદ્ધતિ વડે સત્યનો નિર્ણય કરવામાં આવે છે; અને તે એવી સુંદર રીતે, કે ખરી જ્યોત તે અંતરાત્માની જ્યોત છે, ચેતનાની જ્યોત છે એવી વાંચનારની ખાત્રી થાય છે.]

किं ज्योति ए अयं पुरुष ?

આ પુરુષ કઈ જ્યોતિ સ્વરૂપ છે ?

એક વખત જનક વિદેહી પાસે યાજ્ઞવલ્કય ગયા. તેમણે વિચાર કર્યો કે 'હું આને બોધ આપીશ નહિ—હું એમની સાથે વાત પણ કરીશ નહિ.' પણ તે પૂર્વે એક વાર અગ્નિહોત્ર થતું હતું ત્યાં જનક વિદેહી અને યાજ્ઞવલ્કય ભેગા મળ્યા હતા અને બન્ને વચ્ચે વાતચીત થએલી ત્યારે યાજ્ઞવલ્કયે જનકને એક વરદાન આપેલું હતું. એટલે આ વખતે જનકે પોતાને ફાવે તે પ્રશ્ન કરવા વરદાન માગ્યું. યાજ્ઞવલ્કયે અનુમતિ આપી એટલે જનક રાજાએ તેમને પૂછયું,'હે યાજ્ઞવલ્કય, આ પુરુષ કઈ જ્યોતિ વાળો—કઈ જ્યોતિને ધારણ કરે છે?' યાજ્ઞવલ્કયે કહ્યું,'સમ્રાટ,તે આદિત્યની જ્યોતિ ધારણ કરે છે, કારણ કે આદિત્ય વડે, જ્યોતિ પ્રાપ્ત કરીને માણસ બેસે છે, કર્મ કરે છે, જાય છે, આવે છે અને પાછો ફરે છે.'

'બરાબર છે, યાજ્ઞવલ્કય; પરંતુ જ્યારે સૂર્યનો અસ્ત થાય છે ત્યારે, હે યાજ્ઞવલ્કય, આ પુરુષ પાસે કઈ જ્યોતિ રહે છે ?'

યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો,'ચંદ્રમા ખરેખર તેની જ્યોતિ રૂપ બને છે; કારણ કે ચંદ્રની જ્યોતિ વડે તે બેસે છે, ઊઠે છે, હરે છે, ફરે છે, પોતાનું કામ કરે છે અને પાછો ફરે છે.'

'બરાબર, યાજ્ઞવલ્કય; પણ જ્યારે સૂર્યનો અને ચંદ્રનો પણ અસ્ત થાય છે ત્યારે આ પુરુષ પાસે કઈ જ્યોતિ રહે છે?'

'અગ્નિ, ખરેખર, તેની જ્યોતિ હોય છે; કારણ કે પછી અગ્નિજ્યોતિ વડે તે બેસે છે, ઊઠે છે, કામ કરે છે અને પાછો ફરે છે.'

'બરાબર છે, યાજ્ઞવલ્કય; પણ સૂર્ય-ચંદ્રનો અસ્ત થાય છે ને અગ્નિ શાંત થઈ જાય છે ત્યારે આ પુરુષ કને કઈ જ્યોતિ હોય છે ?'

'વાચા એ જ ખરેખર, એવી જ્યોતિ હોય છે; કારણ કે વાચાની જ્યોતિ વડે તે બેસે છે, ઊઠે છે, કર્મ કરે છે ને પાછો ફરે છે તેથી, હે સમ્રાટ,જ્યાં માણસ પોતાના અવયવોને-હાથને પણ જોઈ શકતો નથી ત્યાં વાચાનો ઉચ્ચાર થતાં ખરેખર તે તરફ માણસ જાય છે.'

'બરાબર છે, યાજ્ઞવલ્કય; પરંતુ જ્યારે સૂર્ય અને ચંદ્રનો અસ્ત થઈ જાય છે, અગ્નિ શાંત થઈ જાય છે અને વાચા બંધ થઈ જાય છે ત્યારે આ પુરુષ કને કઈ જ્યોતિ રહે છે ?'

'આત્મા, ખરેખર, તેની જ્યોતિ હોય છે, કારણ કે આત્માની જ્યોતિ વડે માણસ બેસે છે, હરે છે, ફરે છે, કામ કરે છે અને પાછો ફરે છે.'

(બૃહદરણ્યક અ૦ ૪, બ્રા૦ ૩)

બહારવટાને પંથે [૬] ક્રાન્તિકારી દળ સાથેનાં જીવન-સંસ્મરણો આલેખતી આપકથા

લેખક
જીવરામ જોષી

સત્ય કે અસત્યનો નિર્ણય તે જ કરી શકે જે પક્ષપાત, મતબદ્ધતા કે હિતાહિતથી મુક્ત બની વિચાર કરી શકે છે. તમે કોઈ પણ વિષયમાં પક્ષકાર બનીને વિચારવા બેસો ત્યારે ગમે તે રીતે તમારા પક્ષનું જ સમર્થન કરો. સાચું શું અને ખોટું શું એ તમે નથી વિચારતા.

મારાથી તમંચો ન ઊપડ્યો ને નિર્ણય કર્યા પ્રમાણે ગુપ્તચરને ન મારી શકાયો એમાં મારી કોઈ ને કોઈ નિર્બળતા જ હતી. સારા કે નરસા, સત્ય કે અસત્ય પ્રત્યેક કાર્ય પાછળ કોઇ ને કોઇ કારણ તો હોય જ છે. માનવી જ્યારે એ કારણને વશ બને છે ત્યારે પોતે સાચો છે એમ માનવા કારણો ને દલીલો શોધી જ કાઢે છે. એક માનવીને મારી નાખવો એ કેવું ભયંકર કાર્ય? લૂટવા માટે એક ડાકૂ કોઇને મારી નાખે તો તે પાપ જ છે, તો હું મારી કે મારી જાતની સ્વાધીનતા માટે કોઇને મારી નાખું એ પાપ કેમ નહિ? એકના સ્વાર્થ માટે કરેલું કામ પાપ છે તો મોટા જનસમૂહ માટે કરેલું પણ પાપ જ છે.

આમ મારી નિર્બળતાને હું દલીલોથી પુષ્ટ કરતો ગયો. દલીલ આગળ વધી. એકાદ રડ્યાખડ્યા સરકારી નોકરને મારવાથી શું સ્વરાજ મળશે? જે બ્રિટિશ શક્તિ મહાન જર્મનીને હંફાવી શકી, તે અમારા જેવાના એકલદોકલ પ્રયત્નથી શું હારી જશે? આપણામાં એને હરાવવા જેવી લશ્કરી તાકાત ક્યાં છે? ખરેખર ગાંધીજી ઠીક કહે છે કે, આપણું નિર્બળોનું સાધન અહિંસા અને સત્યાગ્રહ જ છે. આમ સ્વાધીનતા-સંગ્રામના સૈનિકને ન શોભે એવી નિરર્થક દલીલોમાં હું પરોવાઇ ગયો. જેને હું પાંગળી દલીલો સમજતો હતો તેને બળવાન સમજવા લાગ્યો તે કેવળ મારી એક અસફળતાના પ્રસંગને લીધે જ.

દળની સભા મળી અને મારા માટે વિચાર થયો. મને કામ સોંપનારા યુવાનને ઘણો કપરો ઠપકો મળ્યો. મને સજા કરવાનો પણ નિર્ણય થયો; અને એ સજા મોતની જ હતી. ઘણે લાંબે કાળે મને જાણવા મળેલું કે મોતની સજા માટે આગ્રહ રાખનાર ચંદ્રશેખર આઝાદ હતા. તે સામે મારો પરિચય સાધનાર યુવાને વિરોધ કર્યો કે: 'એ દળનો સભ્ય નથી. કેવળ કસોટી માટે જ તેને એ કામ સોંપાયું હતું. તેમાંથી તે પાર ન ઊતર્યો તે કસોટીનું પરિણામ ગણાવું જોઇએ, અપરાધ નહિ. એવા નિર્બળ માનવીનો સંપર્ક સાધવા બદલ અપરાધી ગણો તો હું જ છું અને સજા મને થવી ઘટે.' ક્રાંતિકારી યુવાનો સમાજ ને બુદ્ધિની ટોચે જઈ બેઠેલા હોય છે. યુવાનની આ દલીલ સૌએ સ્વીકારી. છતાં ચંદ્રશેખર આઝાદનો રોષ ઓછો ન થયો.

ચંદ્રશેખર આઝાદ ક્રાંતિકારી દળમાં હજી અગ્રેસર બન્યા ન હતા. છતાં તેમની વીરતા અને બલિદાનની ભાવનાએ તેમને સૌમાં તારવી મૂકયા હતા. તેમના પ્રથમ દર્શને જ મારો આત્મા એમની વીર છટાને નમ્યો હતો. વીરમૂર્તિ રામપ્રસાદ 'બિસ્મિલ'નો જ જાણે બીજો અવતાર: એવી જ લગન અને એવી જ પ્રખર કર્તવ્યનિષ્ઠા.

એક દિવસે કાલિદાસ મને દૂર, વરણાને કિનારે ફરવા લઇ ગયો. ગંભીર ભાવથી તેણે મને કહ્યું: 'તારે એક ભાઈ સાથે જવાનું છે. દળના માણસોને તારે ઉત્તર આપવાનો છે. કદાચ સજા.'

મેં કહ્યું: 'ભલે, હું તૈયાર છું.'

થોડી વારે જેણે મને ગોળી ચલાવવાનું શિક્ષણ આપ્યું હતું તે જ જુવાન આવ્યો. કાલિદાસ ત્યાંથી છૂટો પડ્યો. અમે દૂરના એક ખેતરમાં ગયા. ફણસના ઝાડ નીચે ચારેક જુવાનો બેઠા હતા. મેં સૌને નમસ્તે કર્યા. તેમાંના એક ચંદ્રશેખર આઝાદ હતા. તેમણે પૂછ્યું: 'ક્યાંના છો તમે?'

મેં કહ્યું: 'ગુજરાતનો છું.'

'ત્યારે તો ગાંધીજીની અહિંસાને તમે માન આપ્યું અને ક્રાંતિકારી પ્રવૃત્તિની ઠેકડી કરી ખરું ને?'

મેં કહ્યું: 'હવે મને લાગે છે કે, હિંસા વડે સ્વાધીનતા પ્રાપ્ત કરવી કઠિન છે. આપણો એ પ્રયત્ન નિષ્ફળ જશે.'

'જાય જ;' બીજાએ કહ્યું: 'સૌ એમ જ માને તો નિષ્ફળતા વિના બીજું શું પરિણામ આવે? પણ તમારે એનો પહેલેથી જ વિચાર કરી લેવો હતો. ક્રાંતિકારી દળ સાથે આવી રમત રમવી નહોતી. તમારી કાયરતાને અહિંસાનું ઓથું મળી ગયું.'

'ગમે તેમ કહો, પણ ગોળી ચલાવતાં મારો હાથ ચાલ્યો નહિ. તેમાં ઈશ્વરી સંકેત હશે.'

ચંદ્રશેખર બોલ્યા: 'હા, ગાંધીજી પણ એમ જ કહે છે. આપણે કરવું જોઇએ તે ન કરી શકીએ ત્યારે ઇશ્વરને દોષ દઇએ છીએ. અસફળતામાં સંતોષ માનવા માટે ઈશ્વર સારું સાધન છે ઇશ્વરને જો સંકેત આપવો હતો તો તેણે પહેલેથી કેમ ન આપ્યો?'

બીજો જુવાન બોલી ઊઠ્યો: 'એ બધી વાતો જવા દો. તેમને સંભળાવી દો કે તમારે માટે અમે સજા નક્કી કરી છે; ને તે મોત છે.'

ચંદ્રશેખરે કહ્યું: 'હા, જે ઈશ્વર તમને દોરે છે તેનું સ્મરણ કરી લો. તમારા જેવા કાયરોને અમે એ જ સજા કરીએ છીએ. એ ય એક ઈશ્વરી સંકેત હશે.' હું સહમી ગયો. ગભરાયો નહિ જ. મેં કહ્યું: 'તમે ઈચ્છો તે સજા મને કરી શકો છો. પણ એટલું તો હું કહીશ કે મને હિંસામાં હવે શ્રદ્ધા નથી. એકલદોકલ અધિકારીઓને મારી નાખવાથી આ બ્રિટિશ તંત્ર તૂટી પડે એમ કેમ માની શકાય?'

ચંદ્રશેખરે કહ્યું: 'અમે ય તે જાણીએ છીએ. છતાં અમે એ જ પ્રયત્નોમાં અમારાં જીવન હોમી દેવા નીકળ્યા છીએ. સ્વાધીનતા-સંગ્રામની ભૂમિકા તૈયાર કરવા, દેશના યુવાનોમાં એ પ્રકારનો જુવાળ આણવા અમારે એમ જ કરવું પડશે. એક સાથે મોટી સેના તૈયાર થઇ જાય અને લડાઈ લડી નાખીએ એવું કદી બનતું નથી. એવો સમય આણવા માટે જ આવા પ્રયત્નો થાય છે, એ જ એનું મૂલ્ય છે. અને હિંસા એ પાપ સમજીને આવા પ્રયત્નનો વિરોધ થતો હોય તો એ દોષ ઈશ્વરનો છે. શા માટે એણે પોતાની આવી લીલા પ્રસારી છે? માનવી તરીકે અન્યાય અને દુ:ખમાંથી છૂટવા માટે જે માર્ગ મળે તેનો ઉપયોગ કરવો એ ઈશ્વરે દીધેલી બુદ્ધિનો નિર્ણય છે. પાપ કરનાર સામે પુણ્ય જ કર્યા કરવું એ સુબુદ્ધિ નથી, પણ દુર્બુદ્ધિ છે. એવી દુર્બુદ્ધિ અર્જુનને સૂઝી હતી. પોતાના ભલા માટે સગાં, સંબંધી ઇત્યાદિનો વધ કરતાં તે અચકાયો ત્યારે શ્રીકૃષ્ણે ગીતાનો એને ઉપદેશ કર્યો. તે એટલા માટે જ કે નીચ વૃત્તિથી જે બીજાનાં ઘર, બીજાની સ્ત્રીઓ અને બીજાનું ધન હરી લેવા પ્રયત્ન કરે તે આતતાયી છે અને તેને હણવામાં પાપ નથી.'

મેં ધીરેથી તર્ક કર્યો: 'તો તેવા અંગ્રેજોને મારવા ઉચિત ગણાય; પણ આપણા હિંદીઓ તો પેટ ખાતર એમને સાથ આપી રહ્યા છે. તેમને શા માટે મારવા?'

આઝાદે કહ્યું: 'યુધિષ્ઠિરે એવો જ પ્રશ્ન શ્રીકૃષ્ણને પૂછ્યો હતો કે

ભીષ્મપિતામહ જેવા પૂજ્ય પુરુષને કેમ મરાય? ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે અન્યાયીને સાથ આપનાર ગમે તેવો પવિત્ર હોય, તે પણ દોષિત છે. તેને મારવામાં પાપ નથી.'

હિંસા–અહિંસાની આવી ઊંડી છણાવટ કરીને બેઠેલા આ યુવાનો પર હું મુગ્ધ બની ગયો. ખરેખર હિંસા–અહિંસાનો પ્રશ્ન અંગના આત્માને સ્પર્શી ગયો હતો. ત્યાં હું પાંગળી દલીલો શું કરું?

મેં કહ્યું: 'તમે જે સજા કરશો તે મારે સ્વીકાર્ય છે. હું કશો વિરોધ કરવા ચાહતો નથી; મરવાથી હું ડરતો નથી. પણ મારી ભૂલ સમજવાનો મને એક મોકો આપો તો હું કંઇક કરી છૂટવા મથીશ.'

બીજાએ ગુસ્સે થઇ કહ્યું: 'હવે તમારે માટે ક્રાંતિકારી દળમાં બિલકુલ સ્થાન નથી અને તમારા જેવાને જીવતા છોડી દેવા એ અમારે માટે ભવિષ્યમાં બાધાજનક છે.' પણ મારા છેલ્લા વાક્યની અસર ચંદ્રશેખર આઝાદ સિવાય બીજાઓ ઉપર થઇ. તેમણે જરા છેટે જઇ કંઈક મસલત કરી અને નિર્ણય બાંધ્યો. પાછા આવી મને કહ્યું: 'તમારી એવી લાગણી હોય તો તમને છોડી દેવા તૈયાર છીએ. પણ એક શરત કે આ વાત પથ્થરને કાને પણ ન પડવી જોઇએ.'

મેં કહ્યું: 'એની હું ખાતરી આપું છું; અને એ પણ કહું છું કે મારાથી ભૂલ થઈ ગઈ છે. ફરી મોકો આપો તો કહો તે કરી બતાવું. મને મોતનો ભય નથી. તેમ મને કશી લાલસા પણ નથી.'

આઝાદે કહ્યું: 'તમે છૂટા છો. તમારા માટે અમારી પાસે કોઇ જગ્યા નથી; પણ સ્મરણમાં રાખજો કે આ વાત અહીં જ રહે.'

મેં વચન આપ્યું. બે કલાક સુધી ત્યાં જ બેસી રહ્યા પછી આગળ જવાની મને આજ્ઞા આપી તેઓ ચાલ્યા ગયા. તે પ્રમાણે કરીને હું ઘેર આવ્યો. મને પાછો આવેલો જોઇને કાલિદાસને નવાઈ લાગી. તેને મેં એટલું જ કહ્યું કે: 'મને ઠપકો આપીને તેમણે છોડી દીધો.'

ત્યાર પછી કાલિદાસે ક્રાંતિકારી ચળવળ વિષે મારી સાથે કશી વાત કરી નથી. તેનો ક્રાંતિકારી દળ સાથે કેવો સંબંધ હતો તે પણ હું જાણી શકયો નહિ. એવી વાત હું ઉપાડતો ત્યારે તે ચૂપ રહેતો. પાછળથી તેનો મર્મ હું સમજી શકેલો. સહાયક તરીકે કામ કરવા તે પ્રતિજ્ઞાબદ્ધ બન્યો હતો. અને ખરેખર, તે કામ સંયમથી તે બજાવતો રહ્યો. તેને સૂચના મળેલી કે મારી સાથે દળ વિષે કોઇ પ્રકારની ચર્ચા ન કરવી. અમારો બંનેનો સંબંધ આત્મીય જેવો હોવા છતાં, તેણે પોતાની પ્રતિજ્ઞાનું કદી ઉલ્લંઘન નથી કર્યું. પણ મારું અંતર વ્યથાથી ભરાઇ ગયું. નાનકડી ભૂલે હાથમાં આવેલો ડૂબતાંનો કિનારો છોડાવી દીધો. મારે હવે શું કરવું? ચેન પડે નહિ પાઠશાળામાં ભણવા જવાનું આરંભેલું તે પણ બંધ કર્યું. કેટલાક દિવસો પછી અંગ્રેજી શાળામાં ભણવાનો નિર્ણય કરીને દાખલ થઇ ગયો.

પણ આર્ય સમાજ તો મારું સંસ્કારદાતા ધામ. સ્વામી દયાનંદે આપેલી સ્વગૌરવ અને સ્વાધીનતાની પ્રેરણાથી જ ક્રાંતિકારી ચળવળમાં જીવન હોમી દેવાની લગની મને લાગેલી. ફાંસીને માંચડે લટકનારા વીરોમાં પણ અગ્રગણ્ય ભાગ આર્ય સમાજીઓનો છે અને ગાંધીજીના અસહકારને ટેકો આપી આગળ ધપાવનારા પણ પ્રથમ દશામાં આર્ય સમાજીઓ જ હતા. કાશીનું આર્ય સમાજ સુંદર છે. સવારસાંજ હું ત્યાં જતો. ત્યાં કંઈક શાંતિ મળતી. ત્યાં એક યુવાન સંન્યાસીનો મને પરિચય થયો. તેનું નામ સત્યાનંદ બ્રહ્મચારી હતું. મારી પેઠે તે ય ક્રાંતિકારી ચળવળના શ્રીગણેશ માંડી રહ્યો હતો. મારામાં એવી કંઇ ભાવના છે અથવા જાગી શકે એમ છે, તે જાણવા તેણે દાણો દબાવી જોયો. હું તો આતુર જ હતો. અમારી મૈત્રીનો દોર સંધાયો. પણ તે ઘણો જ કાળજીવાળો સંન્યાસી હતો. તેણે મને સાથે લઇ ક્રાંતિકારી દળની રચના કરવાનો નિર્ણય કર્યો. પાપનું પ્રાયશ્ચિત્ત કરવનો મને જાણે કે ઇશ્વરે ફરી મોકો આપ્યો. મારા આનંદનો પાર ન રહ્યો.

ત્રણ ચારેક મહિના સુધી તો અમે એકબીજાથી ચેતતા રહી વાતો કરતા રહ્યા. સ્વાધીનતા માટે હું જીવન અર્પણ કરવા તૈયાર છું એવી એને ખાતરી થઈ ત્યારે તેણે નિશ્ચિત રૂપે મને વાત કહી. એ સાંભળી હું આનંદવિભોર બની ગયો. (ચાલુ)

નવાં પુસ્તકો

આર આર શેઠની કંપનીનાં પ્રકાશનો


સુલભા: જાણીતા મરાઠી લેખક શ્રી વિ. સ. ખાંડેકરની 'હિરવા ચાફા' નામની સામાજિક નવલકથાનો અનુવાદ: કરનાર–ગોપાળરાવ ગ. વિદ્વાંસ, ૪–૮–૦; **સાગર કથાઓ:** પહેલાંના વખતમાં સાગર ખેડતી વખતે આવતી મુશ્કેલીઓ તથા સાહસોનો આબેહૂબ ચિતાર રજૂ કરતી ૬ સાગરકથાઓનો સંગ્રહ: લેખક–ડુંગરશી ધરમશી સંપટ, ૪–૦–૦; **દીનાનાથ:** જૂની ઢબની ચાર લાંબી વાર્તાઓનો સંગ્રહ:લેખક રમણલાલ ધીરજલાલ શાહ, ૪-૮-૦; **પહાડનાં પુષ્પો:** મહારાણા પ્રતાપના પિતા ઉદયસિંહના વખતની એક ઐતિહાસિક નવલકથાનો પૂર્વાર્ધ, બીજી આવૃત્તિ: લેખક–રમણલાલ વસંતલાલ દેસાઈ, ૨–૮–૦; **સારોદ્ધાર** (ખંડ ૨): વિજ્ઞાન વિષયક જ્ઞાનસમૃદ્ધ લેખોનો બીજો સંગ્રહ:લેૅ. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, ૦-૧૨-૦.

કમલ પ્રકાશન મંદિરનાં પ્રકાશનો

રાજકહાની (ભાગ ૧): શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર કૃત વિખ્યાત બાલોપયોગી પુસ્તકનો અનુવાદ: કરનાર-રમણલાલ સોની. ૧–૨–૦; **સાત ચરિત્રો:** કૉન્ફ્યુશિયસ, તાનસેન, દાદાભાઈ નવરોજજી આદિ સાત મહાપુરુષોનાં ચરિત્રોનો સંગ્રહ: લેખક–નગીનદાસ પારેખ, ૧–૧૨–૦; **હૈમન્તી:** કવિવર રવીન્દ્રનાથ ઠાકુર કૃત સાત સુંદર વાર્તાઓનો અનુવાદ: કરનાર–રમણલાલ સોની, ૨–૦–૦.

કસોટીના જવાબો

(૧) તાળાનો પોણો આનો; પેટીનો એક રૂપિયો ને પોણો આનો. (૨) આઇન્સ્ટાઇન. (૩) ૧-ઠ, ૨-ડ, ૩-ઝ, ૪-ગ, ૫-ઘ, ૬-ખ, ૭-ઙ, ૮-છ, ૯-ક, ૧૦-ઞ, ૧૧-ચ અને ૧૨-ટ. (૪) ચિત્રમાં બતાવ્યા પ્રમાણે.



(૫) (ક) હા. જોકે માછલીને બહાર દેખાય તેવા કાન નથી હોતા પણ જ્યારે તેને કાપવામાં આવે છે ત્યારે તે ઇન્દ્રિય નજરે પડે છે. (ખ) ૩૦૦ ફૂટથી વધુ ઊંડે વનસ્પતિ સારી રીતે ઊગી શકતી નથી. (ગ) બીજગણિતમાં ખબર ન હોય એવી સંખ્યા માટે 'એકસ' મુકાય છે આ કિરણો શોધાયાં ત્યારે તેમના ગુણધર્મ વિષે ચોક્કસ માહિતી નહિ હોવાથી તે 'એકસ' કિરણો કહેવાયાં. (ઘ) અઢી ફૂટ પહોળી (ચ) આ અક્ષરો કોઇ શબ્દ માટે મુકાએલા નથી, પણ ભય અગર દુઃખની સંજ્ઞા તરીકે એટલા માટે વપરાય છે કે તાર માટે યોજાએલા સંકેતમાં તે તરત સ્પષ્ટ સમજાય તેવા (···———···)ને ઝડપથી બીજે સ્થળે મોકલી શકાય તેવા છે. (છ) લગભગ બે કરોડ. (જ) વધુમાં વધુ ૬૨ દિવસ. (ઝ) ઉષ્ણતામાન ૯૮·૪, ધબકારા દર મિનિટે ૭૫.

Our Friends Abroad

[આ પત્રો મેળવનાર · કૃષ્ણવદન જેટલી, ૭ આનંદનગર સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૭]

Melle Camille Donnay
48 Rue Emile Waufers BRUXELLES 2 (Belgium)
25th Sept. '47

પ્રિય મિત્ર,

તમારા સુંદર પત્ર માટે ખૂબખૂબ આભાર. આ મોડા જવાબ માટે હું ઘણો દિલગીર છું. પણ હું રજા પર હતો ત્યાંથી ગયે અઠવાડિયે જ પાછો આવ્યો. અને શાળાનું આ પહેલું અઠવાડિયું હોવાથી ઘણા કામમાં પણ હતો. આથી વહેલા લખવાનું બની ન શક્યું.

હિંદમાં મારે કોઈ પત્રમિત્ર નહિ હોવાથી તમારો રસદાયક પત્ર મળતાં હું ખૂબ ખુશ થયો. મારા વિદ્યાર્થીઓને તો હું પત્રમિત્રત્વ વિષે ભલામણ કરું જ છું. તમારું સરનામું હું બીજી શાળાઓના શિક્ષકોને આપીશ, પણ ખાસ કરીને તો 'La Jeunseese Belge à l'étranger'(Belgian Youth Abroad)નામની સરકારી સંસ્થાને આપીશ. આ સંસ્થા બેલ્જિયમનાં યુવકો તથા શાળાનાં કુમાર-કુમારીઓની દુનિયાના બીજા દેશો સાથે મૈત્રી કરાવી આપી ઉનાળામાં એકબીજા દેશના કુમારોને અરસપરસના દેશોમાં પ્રવાસે મોકલે છે. એ રીતે ગયે વર્ષે મારી શાળાનાં વિદ્યાર્થીઓ ઇંગ્લંડ, હૉલંડ, ફ્રાન્સ, નૉર્વે, સ્વિટ્ઝર્લંડ અને ચેકોસ્લોવેકિયા આદિ દેશોમાં ત્રણ અઠવાડિયાં સુધી ફરીને નવાનવા મિત્રો મેળવી પાછાં આવ્યાં. આ પદ્ધતિ ઘણી જ સોંઘી છે, કારણ કે વિદ્યાર્થીઓને હૉટેલ કે લૉજના પૈસા આપવાના હોતા નથી અને બીજા દેશનાં કુટુંબોમાં જ જઈને રહેવાથી ત્યાંના રીતરિવાજો તથા ભાષા શીખવાનું ઘણું રસિક થઈ પડે છે. આશા રાખીએ કે આ રીતે હિંદી અને બેલ્જિયન તરુણોને પણ એકબીજાના દેશમાં મોકલવાનું કોક દિવસ શક્ય બને.

બેલ્જિયન સાહિત્ય વિષે માહિતીની તમારી શોધમાં હું તમને બનતી સહાય કરીશ. પણ એક વાત પૂછું. તમે કે તમારો કોઈ મિત્ર ફ્રેન્ચ જાણો છો? કારણ અમારા સાહિત્ય તેમજ લેખકો વિષે અંગ્રેજીમાં બહુ લખાયું નથી. છતાં જો તમને ફ્રેન્ચ નહિ જ આવડતું હોય તો હું અંગ્રેજીમાં ભાષાંતર કરવાની બનતી મહેનત કરીશ પણ તમારે તેમાં ઘણું સુધારવું પડશે; કારણ મારું અંગ્રેજી બહુ શુદ્ધ નથી. જર્મન અમલના પાંચ વર્ષ દરમ્યાન તે બોલવાની પણ મનાઇ હતી અને વળી હું એ ભાષાનો ખાસ જાણકાર પણ નથી.

અમારું સાહિત્ય જગતમાં બહુ જાણીતું નથી. આથી મૅટરલિંક (Meterlinck) અને વરહેરન (Verhaeren) વિષે તમે જાણો છો એ જોઇ હું તો આશ્ચર્ય પામ્યો. અમારો દેશ ઘણો નાનો છે. નકશા પર તેને શોધવો પણ મુશ્કેલ પડે. કુલ વસતિ માત્ર ૮૦ લાખની છે. આજે બે ભાષાઓ બોલાય છે : ફ્રેન્ચ અને ફ્લેમિશ (=બેલ્જિયન અસરવાળી ડચ ભાષા) આથી અમારી સંસ્કૃતિ–અને ખાસ કરીને સાહિત્ય–મુખ્યત્વે ફ્રેન્ચ સંસ્કૃતિ પર આધાર રાખે છે. પારીસ અહીંથી ઘણું નજીક છે અને બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક વિનિમય ઘણા મોટા પ્રમાણમાં થાય છે. દેશના ઉત્તર તરફના ભાગમાં ફ્લેમિશ ભાષા બોલાય છે અને ત્યાંના લેખકોનું વલણ હૉલંડ તરફ વધુ છે. તેમનું સાહિત્ય વાસ્તવવાદી હોય છે અને તેમાં ખેડૂતોનાં જીવન તથા ફ્લૅન્ડર્સનાં નાનકડાં ગામોનું ચિત્રણ સવિશેષ હોય છે. પણ મૅટરલિંક જેવા કેટલાક લેખકો વળી જન્મે ફ્લેમિશ હોવા છતાં તેમનું શિક્ષણ ફ્રેન્ચ ભાષામાં થએલું હોઈ તેઓ ફ્રેન્ચમાં જ લખે છે.

અહીંના સાહિત્યકારોનો આછો ખ્યાલ આપવા તમને થોડાંક નામો જણાવું: ચાર્લ્સ દ કૉસ્ટર Charles de Coster(૧૯મી સદી), એણે 'ધ લીજન્ડ ઑાવ થિલ ફ્લેન્સ્પીજેલ' નામે કાવ્યમાં ૧૬મી સદીની સ્વાતંત્ર્યલડતની ભાવનાને ગૂંથી છે. તેનું એ પુસ્તક તો પરદેશોમાં પણ જાણીતું હોઇ તેનો અનુવાદ શોધીને હું મોકલી શકીશ. બીજો કૅમિલ લેમોનિયર (Camille Lamonnier) એ બેલ્જિયમના ગ્રામજીવનનો વાસ્તવવાદી લેખક છે. તે સિવાય, કુરૂબલ (Courou-bel), ક્રેઇન્સ (Krains), સ્ટર્નેટ (Stiernet) ગાર્નર, (Garnir), દ લાત્ર (De Lattre), રેન્સી (Rency) આદિ બીજા લેખકો છે. અમારે ત્યાં કવિઓ તો ઘણા છે: જેમાં મૅક્સ વૉલર (Max Waller), વાન હાસેલ્ટ (Van Hasselt), વાન આરેન્બર્ગ(Van Arenbergh), રોદેનબાખ (Rodenbach), વાન લેર્બેઘ (Van Lerbeghe) અને અલબત્ત, વરહેરન (Verhaeren) મુખ્ય છે. નાટ્યલેખકોમાં એફ. ક્રોમેલિંક (F. Crommelinck) એ અદ્યતન છે અને પારીસમાં તો ખૂબ લોકપ્રિય છે; કારણ કે સામાન્યરીતે અમારા લેખકોની કદર અમારા દેશમાં જલદી થતી નથી. આથી તેઓ પારીસ જાય છે, જ્યાં તેમને સફળતા મળ્યા બાદ જ બેલ્જિયનોને પોતાની સમૃદ્ધિનું ભાન થાય છે.

બિન-વાસ્તવવાદી વિચારસરણીનો લેખક તથા કવિ ફ્રાન્ઝ હેલન્સ (Franz Hellens) પણ સારીપેઠે જાણીતો છે. ઝયાં તુસ્સલ (Jean Toussel) બાળસાહિત્યનો લેખક છે.

ફ્લેમિશ લેખકોમાં વર્મેલેન, (Vermeylen) ટિમરમૅન્સ, (Timmermans) ઈ. ક્લોસ, (E. Cloes), એચ. કૉન્શ્યન્સ, (H. Consience), સ્ટ્રુવેલ્સ વૉલ્શેપ (Streuveles Walschep), વાન દ વોસ્ટીન (Van de Woestyne) જાણીતા છે. તેઓ મુખ્યત્વે વર્ણનાત્મક તથા ગૂઢાત્મવાદી સાહિત્યના સર્જકો છે, જ્યારે ફ્રેન્ચ લેખકો વાસ્તવવાદી, માનસશાસ્ત્રજ્ઞ અને તર્કશાસ્ત્રીઓ છે.

આ સાથે એક બેલ્જિયન કલાકારે દોરેલી એમિલ વરહેરનની તેના જીવનનાં છેલ્લાં વર્ષોની છબિ બીડું છું. તમને કોઈ ખાસ વિષયના લેખક–કાવ્ય, નવલ, નાટ્ય આદિ–ની માહિતી જોઈએ તો લખશો. બીજા પત્રમાં હું તમને તમારા લેખ માટેની સામગ્રી મોકલીશ.

હવે હું મારા વિષે થોડું જણાવું. હું હાઇસ્કૂલમાં શિક્ષક છું. પણ હું યુનિવર્સિટીમાં શિક્ષણ લઈ શક્યો નથી; કારણ કે ૧૯૪૦ માં મારા પહેલા વર્ષમાં જ, તે યુનિવર્સિટીને જર્મન પ્રચાર ખાતામાં ફેરવી નાખવાના નાઝીઓના નિર્ણય સામે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ હડતાળ પાડવાથી યુનિવર્સિટી બંધ થઈ ગઈ અને આમ અમારી બ્રુસેલ્સની આઝાદ યુનિવર્સિટી પાંચ વર્ષ સુધી બંધ રહી અને હવે તો મારે માટે બહુ મોડું થઈ ગયું છે. બ્રુસેલ્સની યુનિવર્સિટી વૈજ્ઞાનિક બુદ્ધિયુક્ત કોઇપણ સૂચનાની સ્વતંત્ર પરીક્ષાની પદ્ધતિ પર રચાએલી છે તથા પૂર્વગ્રહરહિત તર્કશુદ્ધ સંશોધન માટે જાણીતી છે. લૂવેઇન(Louvain)ની યુનિવર્સિટી કૅથોલિક છે, જ્યારે ગૅન્ડ(Gand)ની સરકારી યુનિવર્સિટી ફ્લેમિશ છે અને લીજ (Liege)ની યુનિવર્સિટી માત્ર ફ્રેન્ચ ભાષા માટે છે. પણ બ્રુસેલ્સની યુનિવર્સિટીમાં બંને ભાષાઓને સરખું સ્થાન છે.

૧૯૪૪માં અમારો દેશ મુક્ત થયા પછી મેં ઘણો પ્રવાસ ખેડયો છે. ઇંગ્લંડ, ફ્રાન્સ, (દક્ષિણ પારીસ અને બ્રિટની) હૉલંડ, સ્વિટ્ઝર્લૅન્ડ,

ઑસ્ટ્રિયા આદિ દેશોમાં હું ફર્યો છું અને આ ઉનાળામાં એક મહિનો ડૅમોક્રેટિક યુવકોના ઉત્સવમાં ચેકોસ્લોવેકિયા ગયો હતો. તેમાં ૭૧ દેશના પ્રતિનિધિઓ તથા ૨૦ હજાર યુવકોએ ભાગ લીધો હતો, જેમાં થોડાક હિંદના પણ યુવાનો હતા. તે ઉત્સવમાં એક દિવસ પૂર્વના દેશોના (હિંદ, વિયેટનામ, ઈન્ડોનેશિયા આદિના) સ્વાતંત્ર્ય માટે રાખેલો હતો જેને કલ્પનાતીત સફળતા સાંપડી હતી. ૧૯૪૭ના માર્ચ–એપ્રિલમાં હિંદમાં એક પ્રતિનિધિમંડળ ગએલું તેણે હિંદના યુવકો તથા શિક્ષણની બાબતમાં શું જોયું તે અમને જણાવ્યું. મહાત્મા ગાંધી, પંડિત નેહરૂ અને બીજા નેતાઓએ તે મંડળનું સ્વાગત કર્યું હતું.

આ જ સંસ્થાની બીજી એક International Union of the Students' નામની માત્ર વિદ્યાર્થીઓ માટેની શાખા છે...


પૂરું કરતાં પહેલાં હું તમને તમે મેળવેલા નવ-સ્વાતંત્ર્ય માટે અભિનંદન આપું છું ને ઈચ્છું છું કે અત્યાર સુધી તમારા કચડાએલા ગુલામ દેશમાં હવે આબાદી, શાંતિ ને મુક્તિની ભાવના પ્રસરો.

તમને અને તમારા દેશને શ્રેષ્ઠ શુભેચ્છાઓ સહિત તમારો,

કૅમિલ ડોને (Camille Donnay)

8th Dec. '47

પ્યારા મિત્ર,



આ સાથે નોબેલ ઈનામ મેળવનાર ફ્રેન્ચ લેખક આન્દ્રે જીડ વિષેના લેખનું ભાષાંતર (બની શકે તેટલું સારું) કરી મોકલ્યું છે, જે તમારા લેખ માટે તમને ઉપયોગી થઈ પડશે એમ માનું છું. તેનો મૂળ ફોટોગ્રાફ પાછળથી મોકલીશ. છાપાંમાં છપાએલી છબિ કરતાં તેના ઉપરથી છાપ લેવી સરળ થઈ પડશે. મેં એક વરસ દૈનિક પત્રમાં કામ કર્યું છે, એટલે આવી થોડી બાબતો જાણું છું.

હમણાં અમારી પ્રથમ સત્રાંત પરીક્ષા છે. અહીં શાળાઓ ૧૫મી સપ્ટેમ્બરે શરૂ થાય છે અને ૨૦મી ડિસેમ્બર સુધી ચાલુ રહે છે. વચ્ચે માત્ર ત્રણ દિવસ રજા આવે છે: એક ૧૧મી નવેમ્બરે—તે દિવસે પહેલું મહાયુદ્ધ પૂરું થયું તેની; બીજી ૧૫મી નવેમ્બરે 'રાજવી દિન' ની અને ત્રીજી ૨૪મી સપ્ટેમ્બરે દેશના 'આઝાદી દિન' ની. ૨૦ મી ડિસેમ્બરથી ૫ મી જાન્યુઆરી સુધી બે અઠવાડિયાંની રજા બાદ જુલાઇની ૧૫મી સુધી શાળા ચાલુ રહે છે. તે બાદ ઉનાળાની રજા.

શાળા સવારે ૮ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી અને બપોરે ૨ થી સાંજના ૪ કે ૫ વાગ્યા સુધી ચાલે છે. પણ શિક્ષક તરીકે મારે ૪૫ મિનિટનો એક એવા ૨૨ પાઠ અઠવાડિયાનાં આપવાના હોઈ કોઇક દિવસ તો મારે ૧૦ વાગ્યા પછી જવાનું જ નથી હોતું, તો કોઈ દિવસ ૨ વાગ્યે જવાનું હોય છે. દર શનિવારે આખો દિવસ તથા ગુરુવારે ૯ા પછી હું છુટો હોઉં છું.

આ સાથે વિકટર દ લેવેલે (Vietor de Lavelye) નો એક ફોટોગ્રાફ તમને મળશે. આ ૨૦ મી તારીખે તેના માનમાં મોટો સમારંભ છે. નવલકાર કે સાહિત્કાર કરતાં યે તે વધુ તો પત્રકાર, લોકપત્રિકા–લેખક, પ્રચારક તથા Polemist છે. ગયા યુદ્ધ દરમ્યાન તે લંડનના બી બી. સી. રેડિયો પરથી જર્મન કબજાગીરીમાં પડેલા બેલ્જિયનોને સંબોધીને મુક્ત જગતના સમાચાર



અને નાઝીઓ સા
લડવાની પ્રેરણ
તથા હિંમત આપ
યુદ્ધ પહેલાં તેઓ
મધ્યમ વર્ગની 'લિ
બરલ પાર્ટી'ના એ
મેવ પ્રતિનિધિ હત
[અમારે ત્યાં ચા
પક્ષો છે:(૧) સોશિ
યલ ક્રિશ્ચિયન: કેથો
લિકોને (૨) લિબ
રલ: મધ્યમ વર્ગનો
(૩) સોશિયાલિસ્ટો
નો અને (૪) કૉમ્યુનિસ્ટોનો. યુદ્ધ પહેલાં રેકસીસ્ટ પાર્ટી (નાઝીઓ
નો પક્ષ) પણ હતી. પણ પછી તેના દેશદ્રોહી વર્તનને કારણે તે
દબાવી દેવામાં આવી.]

તમે 'ફ્લૅન્ડર્સના સિંહ' હેન્રી કૉન્શસને વાંચ્યો છે? તે ૧૮૩૦માં થઇ ગએલો ફ્લેમિશ લેખક છે. પ્રજાનો મોટો નીચલો વર્ગ નિરક્ષર હતો તે કાળમાં પ્રજાને વાંચતાં શીખવવાને માટે તેણે દિલની દાઝથી લખવું શરૂ કર્યું અને તે માટે ભૂતકાળની શૌર્ય કથાઓ તથા રોજિંદા જીવનના બનાવોની ચોપડીઓ સાદી ભાષામાં લખવી શરૂ કરી કારણ તે કાળમાં શિક્ષણ માટેનું સરકારી સાહિત્ય જડ, કૃત્રિમ ને અર્થહીન હતું અને એટલું બધું શબ્દાળુ કે મોટા ભાગનાને તો સમજાય જ નહિ. જોકે અત્યારે તે મોટો લેખક ગણાતો નથી, પણ ફ્લેમિશ પ્રજાગણમાં જાગ્રતિ આણવાનું તથા પાછળથી પેદા થએલા શ્રેષ્ઠ કલાકારો માટે પાર્શ્વભૂમિ રચવાનું માન તેને ફાળે જાય છે

તમે મૅટરલિન્ક વિષે લખ્યું છે. મારે કબૂલ કરવું જોઈએ કે મેં કદી રંગભૂમિ પર તેનું 'બ્લૂ બર્ડ' જોયું નથી. કારણ અહીં તે ભજવાતું નથી. પહેલવહેલું તે પ્રજા આગળ ભજવાયું મૉસ્કોમાં. મૅટરલિન્ક એ પ્રશિષ્ટ સાહિત્યકાર ગણાય છે. પણ વિદ્યાર્થીઓ સિવાય તેને ખાસ બીજું કોઈ વાંચતું નથી. મેં તો તેની લગભગ બધી જ કૃતિઓ વાંચી છે અને તેના 'બ્લૂ બર્ડ' તથા બીજાં કાવ્યોમાંથી ખૂબ આનંદ મેળવ્યો છે. જોકે તેના ઉત્કૃષ્ટ ગણાતા કેટલાક નિબંધોમાં વૈજ્ઞાનિક રીતે કેટલીક ભૂલો છે. પણ તેણે એક આખી પેઢીને જે વિચાર કરતાં શીખવ્યું છે અને તત્ત્વજ્ઞાન માટેની જે જિજ્ઞાસા પેદા કરી છે તે નાનુંસૂનું નથી.

અમારે ત્યાં બ્રુસેલ્સમાં પણ સર્વાન્તેસની ચોથી શતાબ્દી ઊજવાઈ હતી. બધી શાળાઓમાં તેના માનમાં એક ખાસ દિવસ રાખવામાં આવ્યો હતો. જ્યારે તેના પુસ્તકનું વાચન અને વિવરણ થયું હતું. ઘણા વખત પહેલાં મે તેનું ડૉન કિક્ઝોટ વાંચેલું અને હજુ પણ તેનો આનંદ માણું છું.

અત્યારે અહીં અમેરિકાનું સાહિત્ય ખૂબ વખણાય છે. હું સ્ટાઇનબેક (Steinbeck) કાલ્ડવેલ (Caldwell), ડ્રૅસર (Dreiser), રાઇટ (Wright), ડોસ પાસોસ (Dos Passos) એ લેખકોને પસંદ કરું છું. અત્યારે તો ભૌતિક અને માનસિક એમ બંને રીતે બેલ્જિયમ પર અમેરિકાની ઘેરી અસર છે. મોટરો અને ડબ્બાઓમાં ભરાઈ આવતા ખોરાકથી માંડીને નિલોનનાં મોજાં સુધી બધું જ અમેરિકન છે! સારીખોટી ફિલ્મો પણ ખરી. અમે અમારું બધું યુરેનિયમ તેમને વેચી દઈએ છીએ, પણ થોડા જ વખતમાં અમે દેવાદાર બનીશું; કારણ કે અમે વેચીએ છીએ તેનાથી ૯ ગણું તેમની

પાસથી ખરાદીએ છીએ. આગ જ જો ચાલે તો આવતી કાલનું શું?

આજે જીવન મુશ્કેલ બન્યું છે. જોકે હાલ તો અહીં અનાજની કડક માપબંધી નથી, અને યુરોપના બીજા પડોશી દેશો કરતાં અમારું નાનકડું બેલ્જિયમ ઓછું દુર્માગી છે ફ્રાન્સ તો અત્યંત ખરાબ સ્થિતિમાં છે અનાજ તો ત્યાં અતિ વિરલ બની ગયું છે અને લોકો ભૂખે મરી રહ્યા છે આથી ત્યાં ઘણી હડતાળો પડે છે. આજકાલ અમે ફ્રાન્સનાં બાળકોને આશરો આપીએ છીએ કે જેથી તેમનાં માતાપિતાને કંઈક રાહત રહે.

ચેકોસ્લોવેકિયાના 'મ્લાડા ફ્રૅન્ટા' પત્ર વિષે હું ઠીક ઠીક જાણું છું પ્રાગમાં હું ત્યાં ગએલો. તેનો સૌથી મોટો લેખક માત્ર ૨૪ વર્ષની ઉમરનો છે. તે માત્ર યુવકો માટે નીકળતું દૈનિક પત્ર છે અને તેનો ફેલાવો લગભગ એક લાખ છે. વળી તેઓ ૫૬ અઠવાડિકો તથા પુસ્તકો પણ બહાર પાડે છે. ચેકોસ્લોવેકિયાનું તે એક અદ્ભુત વર્તમાનપત્ર ગણાય છે. તેને લીધે યુવકોને કેટકેટલી તક મળે છે! સરકાર પોતે તેને રક્ષણ તથા મદદ આપે છે અને યુવકોની સંસ્થાઓ જ તે ચલાવે છે. અમારે ત્યાં એ જાતનું કશું જ નથી. ન મળે પૈસા કે ન મળે ટેકો અને યુવકો પણ એટલા જુદાજુદા પક્ષોમાં વહેંચાએલા છે કે તેમનું બળ તૂટી ગયું છે.

વારુ, હવે બંધ કરું. જીડનો ફોટોગ્રાફ તો હજી મળી નથી શક્યો. જુદી ટપાલથી મોકલીશ દરમ્યાન આ સાથે તેનું રેખાચિત્ર બીડું છું.

કૅમિલ ડોનેની શ્રેષ્ઠ પત્રમિત્રતા.

INDIAN PEN FRIENDS

(1) Babulal Amratlal Vhora, C/o Amratlal Kevaldas Vhora, Mandal, via Viramgam (Dist. Ahmedabad)—Age: 18, Hobbies: Stamp-collecting, autographs, photography; (2) T. D. Patel, Pratap Road, Wankaner (Kathiawar)—20, Stamps, coins; (3) Ramesh C. Shah, C/o C. S. Shah, Zampa Street, Wankaner (Kathiawar)—16, Stamps, coins, photography; (4) Rajanikant S. Shah, C/o Shivlal Damarbhai, Jetha Talakshi Fali, Near Morbhai Dela, Limdi (Kathiawar)—21, Stamps, coins, swimming, science; (5) Rameshchandra A. Shah, C/o A. C. Shah, opp. Rly. Station, Devgad Baria, (Baria State)—18, Stamps, view-cards, sports; (6) Gautam P. Desai, Haladia Street, Sagrampura, Surat — 16, Stamps, coins, photography, sports; (7) Lalbhai P. Patel, C/o Patidar Vidyarthi Mandir, Patan (N. G.)—17, Diary-writing. literature, magazines; (8) Kishorkumar Dipchand Shah, C/o D. V. Shah, Pratap Road, Wankaner (Kathiawar)—16, Stamps, cricket; (9) R. M. Shah, C/o K. T. Shah, Shashi-Sadan, Diwan Para, Wankaner (Kathiawar)—16, Stamps, photography; (10) Dinkerray Mukundray Raval, Vadwali Mehta's Pole, Shahpur, Ahmedabad—23, Drawing, music, reading; (11) Mahendraray Chunilal Shah, Post office, Botad, (Kathiawar)—18, Stamps, coins; (12) Himatlal Shah, C/o C. J. Shah, opp Tower, Botad (Kathiawar)—19, Coins, stamps; (13) Vinaya K. Shah, 372 Upper Chitpur Road, Po. Burra Bazar, Calcutta-7—16, Stamps, photography; (14) Ganesh J. Patel, C/o Patidar Vidyarthi Mandir, Patan (N. G.)—18, Drawing, diary, literature; (15) Labhshankar L. Upadhyaya, Dev Bhuvan, Ciment Road, Station plot, Gondal (Kathiawar)—19, Science, music; (16) Suresh Rasiklal Desai, 1460 Mamunayak's Street, Kaloopur, Ahmedabad—18, Stamps, science; (17) Jayant J. Malavia, C/o Malavia Brothers, Mattancheri (cochin)—18, Cinema, cricket, travelling; (18) Dahyabhai L. Patel B. E, Udach, via Bilimora (B. B. & C. I.) — 26, Travelling; friendship; (19) Jayantilal Ratilal Shah C/o R. M. Shah, 1277 Shamala's street, Raipur, Ahmedabad—17, Stamps, photography, cricket; (20) Jitendra Panalal Shah, Desai Sheri, Baroda—18, Stamps, pictures, instrumental music; (21) Narendra Panalal Shah, Desai Sheri, Baroda—16, Stamps, Movies; (22) Shantilal Shamji C/o P. S. Nandani, opp. Dharmendra College, Jagnath Plot, Street No. 6, Rajkot—16, Science, photography; (23) Jayant Vrajlal Mehta C/o G. V. Mehta, 10 Dr Deshmukh Lane, V. P. Road, Bombay-4—Stamps, coins, photography, swimming; (24) Jayantilal Ashabhai Thakkar, Shihuj, via Nadiad, (Dist: Kaira)-18, Cricket, cycling; (25) Jayant T. Patel, Bajwada, Tamboliwad, Baroda—17, Sports, photography, films; (26) Morarbhai Dayalji Patel, Dola Falia, Matvad, via Jalalpur, (Dist: Surat)—20, Stamps; (27) Jayant Mehta, 'Parimal', 22 Tilak Mandir Road, Vile-Parle, Bombay-24—19, Stamps, photography swimming. (Please mention 'Kumar' Monthly from Ahmedabad India while writing to above pen-friends)

FOREIGN PEN-FRIENDS

(1) J. G. Borremans, 14, Bruxelles, Bavdovin, Belgium; (2) Karl Gunner Knutsson, Last Makergaten, 27 b, Stockholm-1, Sweden; (3) J. P. Adriani Breestraat, 130 A, Leiden, Holland; (4) Prof. W. Star, Apartado 140, Malaga, Espana, Spain. (ફ્લેખ; નરેન્દ્ર આચાર્ય, નવસારી). (1) Joyce Walker, Kulmine, Kekerangu, Marlborough, New Zealand-Age 14; (2) Ellen Turnbull, Waikouaiti, Otago, New Zealand—15; (3) Elizabeth Holmes, 25 Dale street, Newcastle-on-Tyne, Northumberland, England—18; (4) Sylvia Martin, 29 Clanwilliam Street, Chatswood, New South Wales, Australia—19, Stamps, sports photography; (5) Volerie Lewis, P. O. Box 5, Queanpeyan, New South Wales, Australia—16, Stamps, views, sports. (ફ્લેખ; હરસુખ મોદી, મુંબઈ)

પત્રમિત્ર વિભાગને લગતી કોઇ પણ પૃચ્છા કે માહિતી માટે જરૂરી ટપાલખર્ચ બીડવું આવશ્યક છે. તે સિવાય જવાબો અપાતા નથી.



માધુકરી

યુગેયુગે એક અલૌકિકાત્મા,
આ વિશ્વના યજ્ઞમહીં ધરાશે ?
ન તો ય ભૂખ્યો જગ દુષ્ટ આત્મા,
તૃષા ત્યજી શાંત સુરમ્ય થાશે ?

—કૃષ્ણલાલ શ્રીધરાણી

શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડ

ગુજરાતની સંસ્કારિતા અને સાહિત્યમાં વિશિષ્ટ અર્પણ કરવા માટે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી વર્ષોવર્ષ અપાતો રણજીતરામ સુવર્ણચન્દ્રક ઈ. ૧૯૪૬ની સાલ માટે જેમને અપાયો, તે આપણા વિદ્વાન ભાષાશાસ્ત્રી ને સંશોધક તથા ચિંતનશીલ વિવેચક શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડનો જન્મ ઈ. ૧૯૦૨માં કચ્છમાં વાગડમાં જંગી ગામે વડનગરા નાગર ગૃહસ્થ કુટુંબમાં થયો હતો. પણ તેમનું મૂળ વતન તો કાઠિયાવાડનું જેતડિયા ગામ. ત્યાં જ પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરી માધ્યમિક શિક્ષણ માટે તેઓ રાજકોટ ગયા. ત્યાંથી મૅટ્રિકની પરીક્ષા પાસ કરીને તેમણે ઉચ્ચ શિક્ષણ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં તથા કરાચીની દયારામ જેઠમલ કૉલેજમાં પૂરું કર્યું અને ઇ. ૧૯૨૪માં બી.એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી. મૂળથી જ એમની વૃત્તિ અભ્યાસનિષ્ઠ હતી, એટલે સ્વાભાવિકરીતે જ તેમણે આગળ અભ્યાસ ચાલુ રાખી ઇ. ૧૯૨૭માં એમ.એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી.

એમ. એ. થયા કે તરત તેમની વિદ્વત્તા તથા સંસ્કૃત ભાષાના ઊંડા અભ્યાસને કારણે તે જ કૉલેજે (દયારામ જેઠમલ કૉલેજે) પોતાને ત્યાં ગુજરાતી તથા સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમની નિમણૂક કરી લીધી અને થોડા જ વખતમાં તે વિષયોના વિદ્વાન અધ્યાપક તરીકે તે લોકપ્રિય થયા. આમ, કરાચી તેમનું કાર્યક્ષેત્ર બનવાથી સ્વાભાવિકરીતે જ તેમની શક્તિ અને વિદ્વત્તાનો સારો એવો લાભ કરાચીના ગુજરાતી સમાજને મળ્યો ને ત્યાંના સાંકડા ગુજરાતી જાહેરજીવનને વિસ્તૃત બનાવવાના અનેકવિધ પ્રયત્નો કરીને તેમણે ૧૯૨૭ થી ૧૯૪૭ના જૂન સુધી એટલે કે પૂરા બે દાયકા સુધી કરાચીના સાહિત્યિક અને સાંસ્કૃતિક જીવનને એકધારી અને સંગીન સેવા આપી.

તેમની ઊંડી સંશોધક પ્રતિભા તથા ગાઢ વિદ્વત્તાની પ્રતીતિ કરાવતો 'બે ત્રણ નાટકો' નામનો તેમનો પહેલો લેખ 'પુરાતત્ત્વ' માસિકમાં છપાએલો. એ લેખમાં પ્રેમાનન્દનાં નાટકોના કર્તૃત્વ વિષે તેમણે જે ઊંડી અભ્યાસપૂર્ણ ચર્ચા કરી હતી તેને કારણે ગુજરાતના માન્યવર વિદ્વાનોમાં તેમને તત્કાળ સ્થાન મળ્યું, અને એ લેખ તેના ગુણવૈશિષ્ટ્યને કારણે સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના રીપોર્ટમાં પણ લેવાયો. તે પછી તેમની સાહિત્યપ્રવૃત્તિ દિનપ્રતિદિન વધતી અને ખીલતી જ ગઈ. ભાષાશાસ્ત્ર ને ગવેષણા તેમના પ્રિય વિષયો; અને એ વિષયોમાં મહત્તા પ્રાપ્ત કરવા માટે જરૂરી પરિશ્રમ ને ખંત, તથા કાળજી અને તટસ્થતા એમનામાં છે. એક પ્રકાંડ સંશોધકની અનુરક્તિથી તે એ વિષયો પાછળ સતત મચ્યા જ રહ્યા છે, જેનાં પરિણામ સ્વરૂપ આજ સુધીના તેમનાં દરેક ગર્વ લેવા જેવાં અભ્યાસપૂર્ણ પુસ્તકો તથા વીસેક વિશિષ્ટ ગણનાપાત્ર નિબંધો ગુજરાતને મળ્યા છે.

ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસ તથા વ્યાસંગને કારણે તેમણે જુદાંજુદાં સામયિકોનાં સંપાદનનું કાર્ય પણ કર્યું છે. 'નાગરિક'નામના ત્રૈમાસિકના સાત વર્ષ સુધી તથા 'ઊર્મિ' માસિકના બે વર્ષ સુધીના સહસંપાદક તરીકેની તેમની મૂગી પણ મહત્તાપૂર્ણ



માસમાસનાં પંખી-૨૧
ફ્લેમિંગો

સફેદ ને ગુલાબીના કમનીય મિશ્રણવાળ પોતાના દેહથી વાતાવરણને અવર્ણનીય શોભાથી ભરી દેતું આ સુંદર પંખી તળાવ ક દરિયાકાંઠે ટોળાંબંધ વિચરનારું છે. માથું ગરદન ને પૂંછડી ઘેરાં ગુલાબી, અર્ધી પાંખ ને પગ લાલ, આંખો સોનેરી, ને ચાંચ ગુલાબ રંગની, આવી એની રંગયોજના એવી આકર્ષ દેહપ્રભા રચે છે કે એ ઊડતું હોય ત્યારે ગુલાબનું ફૂલ ઊડતું હોય એમ ભાસ થાય છે. ઉત્તર ભારતમાં તેને 'રાજહંસ' કહે છે પણ આપણે ત્યાં તેનું કોઇ વિશિષ્ટ નામ ન હોવાથી તેનું અંગ્રેજી નામ જ ચાલુ રાખ્યું છે.

સ્વભાવે જળચારી આ પંખી દેખાવે બત જેવું છે. માત્ર તેના પગ ને ગરદન સારસ પે શરીરના પ્રમાણમાં વધુ પડતાં લાંબાં છે પણ તેની વિશિષ્ટતા છે તેની ચાંચ. માથાના પ્રમાણમાં ભારે, ખૂબ જાડી ને વચ્ચેથી વળેલી એ ગુલાબી ચાંચને બંને પડખે કરવતી જેવા દાંતા હોય છે. આથી જ્યારે તે જડબાં બંધ કરે છે ત્યારે બંને બાજુ ચાળણી જેવું બની જાય છે. પછી પાણીમાં ઊભું રહી તેમાં માથું એવી રીતે રાખે છે કે જેથી ચાંચ ઉલટી સ્થિતિમાં રહે છે ને જડબું ફાડતાં તેમાં પાણી સાથે વનસ્પતિ તથા નાના જંતુ આવી પ છે. તરત જ ચાંચ બંધ કરી તે મોઢું બહાર કાઢે છે, જેથી ચાંચની પેલી ચાળણીમાંથી પાણી ગળી જઈ માત્ર ખાદ્ય અંદર રહે છે

તેનું સ્થાયી નિવાસસ્થાન તો સ્પેન, આ ફ્રિકા, અરબસ્તાન, ઇરાન આદિ છે; પ ચોમાસાને અંતે તે હિંદમાં આવવા મા છે ને આખો શિયાળો રહી ફરી ઉનાળા પાછું ચાલ્યું જાય છે. માત્ર કચ્છના દરિય કાંઠે તે કાયમ દેખાય છે. ત્યાં હજારો ફ્ મિંગો ભેગાં મળી છીછરા પાણીના વિશા પટમાં રેતીમાં ઇંડાં મૂકે છે. તેનાં બચ્ચાં જ કે તરત એકાદ કલાકમાં જ દોડવા માંડે



કામગીરી કોઇનું પણ ધ્યાન ખેંચે તેવી છે. તેમના ઊંડા સાહિત્યજ્ઞાન તથા સમતોલ વિવેચનશક્તિને કારણે ઈ. ૧૯૩૬માં ગુજરાત સાહિત્ય સભા તરફની ગુજરાતી વાઙ્મયની વાર્ષિક સમીક્ષા કરવાનું કાર્ય પણ તેમને સોંપાયું હતું

શ્રી ડોલરરાયની સંશોધન માટેની તાલાવેલી તથા પરિશ્રમનું નિદર્શક એક બીજું યાદગાર કાર્ય તે કરાચી સંસ્કૃત એસોસીએશન'ની સ્થાપના. પૂનાની પ્રખ્યાત 'ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ'ના જેવી ભૂમિકા પર સ્થપાએલી આ પ્રતિષ્ઠિત સંસ્થા ગવેષણા માટેના તેમના તીવ્ર અનુરાગનું પ્રતીક છે. તેની સ્થાપના કરીને બે વર્ષ સુધી તેનું સંચાલન પણ તેમણે જાતે કરેલું.

છેલ્લાં દસ વર્ષથી તેમણે પ્રાચીન ભારતના સૂત્રબદ્ધ સમયાનુક્રમના અભ્યાસનું મહાભારત કાર્ય હાથમાં લીધું છે, તેના પરિણામ રૂપ Puranic Chronology નામનો અભ્યાસપૂર્ણ ગ્રંથ તેમણે લખ્યો છે, જે હજી સુધી અપ્રસિદ્ધ છે. પણ તે પ્રસિદ્ધ થયા પછી તેમની યશસ્વી કારકિર્દીના કળશ સમો બનશે એમ લાગે છે. આજે તેઓ વલ્લભવિદ્યાનગર (આણંદ)ના વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયમાં ગુજરાતીના અધ્યાપક છે. આદર્શ નાગરિકના જેવું નિરાડંબર, પવિત્ર અને મૂગા સેવાભાવનું એમનું અંગત જીવન ખોટા ફુંપદ કે અનુચિત દ્રવ્યલાલસાથી સદા યે પર રહ્યું છે, અને એમની શીલત્વની સંસ્કારિતા તથા એમનું સૌમ્ય-સાત્ત્વિક વ્યક્તિત્વ એમના અભ્યાસ છતાં રસિક અક્ષરજીવન જેટલાં જ આકર્ષક છે.

ગુજરાત જેવો સુખવસ્તુ પ્રાંત પણ સંશોધન અને ભાષાશાસ્ત્ર જેવા નિતાન્ત પરિશ્રમવાળા વિષયોમાં યે પછાત નથી એ શ્રી ડોલરરાયની પ્રતિભાએ બતાવી આપ્યું છે, અને આપણે આશા રાખીએ કે આથી પણ વધુ મહત્ત્વના અને ચિરસ્મરણીય કાર્ય વડે એઓ ગુજરાતનું નામ ઊજળું કરે.

ખજૂર-ખારેક

ખજૂરના બે પ્રકાર છે: એક તો બસરામાંથી આવે છે તે ખારેક એટલે પિંડખજૂર; અને બીજો, આપણા દેશમાં ખજૂરીનાં જે ઝાડ થાય છે તેનાં ફળ. આપણા દેશમાં ખજૂરી, ખારેક અને જંગલી ખજૂરી, એમ ત્રણ જાતનાં ઝાડ થાય છે. પહેલા પ્રકારમાં, એટલે કે ખજૂરીમાં ફળો નથી થતાં પણ માત્ર રસ ઝરે છે, જે 'ખજૂરની તાડી' તરીકે ઓળખાય છે એની પેદાશ આ દેશમાં ઘણી જ છે. બીજા પ્રકારમાં, એટલે કે ખારેકમાં, પાછાં બે જાતનાં ઝાડ થાય છે: એકમાંથી પીળી અને બીજામાંથી રાતી ખારેક મળે છે. શ્રાવણથી આસો માસમાં એની મોસમ વિશેષ કરીને જોરમાં હોય છે. મજૂરવર્ગ માટે ખજૂર ઇશ્વરદત્ત, સસ્તો અને ખૂબ સુંદર મેવો છે. સિંધ, કચ્છ અને કાઠિયાવાડમાં હજારો મણ ખજૂર વપરાય છે. અરબસ્તાન અને ઇરાનમાં તો એની પેદાશ પાછળ ખૂબ જ લક્ષ અપાય છે અને ત્યાં એના પર લાખોનો વેપાર ચાલે છે. ખારેકનું અથાણું બને છે અને લગ્નપ્રસંગે ખારેક શુભફળ તરીકે વપરાય છે. ખજૂર-ખારેક બન્ને દવામાં પણ ખૂબ કામમાં આવે છે. ખજૂરીનાં પાનમાંથી સાદડી, પંખા, ટોપલા, રસી-દોરડાં વગેરે બને છે. તેનાં ઝાડ તાડ અને નાળિયેરના વર્ગનાં હોય છે અને એટલાં જ ઊંચાં ઊગે છે.

ખજૂર ગાયોને ખવડાવવાથી તે દૂધ વધારે આપે છે. ખજૂર બળદાયક, સ્વાદિષ્ટ, ભારે અને શીત છે. તે રક્તપિત્ત, દાહ, થાક, શ્વાસ, અમ્લપિત્ત અને ક્ષયમાં ગુણકારી તથા ક્ષુધાવર્ધક છે. તે લોહીને સાફ કરે છે અને હૃદય માટે પુષ્ટિદાયક છે. ખારેક તો ઘણા પાક તથા ધાતુપુષ્ટિની દવામાં વપરાય છે. ખજૂરીની તાજી તાડી બહુ જ સરસ મૂત્રલ ઔષધ છે.

ખજૂરના ઠળિયાને બાળીને તેની રાખને કપૂર સાથે મેળવી તેમાં ઘી નાખી મલમ જેવું બનાવી લગાડવાથી ખરજવું થતા દરાજ મટે છે. વળી ખજૂરના ઠળિયાના ચૂર્ણ સાથે પીપર મેળવી મધ સાથે ચટાડવાથી હેડકી મટે છે. ખજૂર સાથે મધ મેળવી આપવાથી રક્તપિત્તમાં સારો લાભ થાય છે. ગરમીમાં ખજૂર તથા આંબલી મેળવીને સ્વાદિષ્ટ શરબત બનાવીને ભોજન સાથે લેવાય છે. શિયાળામાં ઘીમાં ઠળિયા કાઢેલો ખજૂર પલાળીને ખાવાથી સારો પૌષ્ટિક લાભ આપે છે. એનો ખાસ પાક પણ બનાવવામાં આવે છે.

ખર્જુરાસવ નામે પ્રખ્યાત આયુર્વેદિક આસવ ફાર્મસીઓમાં વેચાતો મળે છે. તે સંગ્રહણીમાં સારું કાર્ય કરે છે. જૂની ખાંસીને નાબૂદ કરે છે અને જેને દારૂની ટેવ હોય તેઓની ટેવ આ આસવ લેવાથી છૂટી જાય છે એવો એક બંગાલી ચિકિત્સકનો અનુભવ છે.

ખજૂર તરસ લગાડે છે કારણ ખજૂર અને ખારેક પચવામાં ભારે હોવાથી ખાધા પછી પાણી જરૂરી છે. વળી નાના બાળકોને વધુ આપવાથી પેટમાં કૃમિ થાય છે. ખજૂર સંભાળીને ન ખાનારને દાંતમાં તેના રેષા ભરાઈ જાય છે અને તેમાં સાકરનું પ્રમાણ હોવાથી દાંતમાં ભરાઇ રહે તો નુકસાન કરે છે. માટે ખજૂરખાનારે દાંત માટે ખાસ તકેદારી રાખવી.

આમ ખજૂર ગરીબોને માટે અમૃતતુલ્ય ખોરાક, સમસ્ત માનવજાતિ માટે ઉપયોગી ઔષધ અને વેપારનું ઉત્તમ સાધન છે. તેનું વેચાણ ખાસ કરી અષાઢથી કાર્તિકમાં વધુ હોય છે અને શિયાળાની આ ઋતુમાં પૌષ્ટિક ખોરાક તરીકે તેનું મહત્ત્વ હોઈ તેની ઘણી સ્વચ્છ અને તાજી જાતો બજારમાં વેચાય છે છતાં ય મેવાવાળા ફેરિયા તો તે બારે માસ વેચે છે. (પ્રતિમા)

બેરીલિયમ

સુંદર લીલા રંગનું પાનું તમે જોયું છે? એ હીરા ખૂબ કીમતી હોઇ માત્ર શ્રીમંત લોકો પાસે જ હોય છે. આ પન્ના એટલે બેરીલિયમ નામની એક વિરલ ધાતુના ખનીજ 'બેરિલ'ની જાતો. બેરિલમાં ઍલ્યુમીનિયમ તથા રેતીનું બેરીલિયમ સાથે સંયોજન હોય છે. લીલા પાનાનો રંગ તેમાં રહેલા ક્રોમિયમને આભારી છે. બેરીલિયમ ખરેખર અત્યંત વિરલ ધાતુ છે. આખી દુનિયાની બેરીલિયમની પેદાશ લગભગ ૨૦૦ ટન છે. તેના ખનીજમાં તે માત્ર પાંચ ટકા જેટલું જ હોય છે. હિંદુસ્તાનમાં બેરીલ ઠીક પ્રમાણમાં નીકળે છે.

જો બેરીલિયમ ધાતુ મોટા જથ્થામાં બનાવી શકાય તો તેની ઉપયોગિતાની શકયતાઓ પુષ્કળ છે એમ બધા સ્વીકારે છે. રંગે કલાઈ જેવી આ ધાતુ ઍલ્યુમીનિયમ કરતાં પણ હલકી ધાતુ છે.

ત્રાંબામાં જરા જેટલું બેરીલિયમ ઉમેરવાથી બનતી મિશ્ર ધાતુ ખૂબ મજબૂત થાય છે અને ઘણા ઉપયોગમાં આવે છે. બેરીલિયમ નાઇટ્રેટ પેટ્રોમૅક્સના મૅન્ટલને મજબૂત કરવા માટે વપરાય છે. બેરીલિયમ હવે ગજવેલની બનાવટમાં યે વપરાવા લાગ્યું છે. ક્ષ-કિરણોની ટયૂબો માટે બારીની બનાવટમાં પણ મર્યાદિત ઉપયોગમાં તે લેવાય છે.

બેરીલિયમ પહેલાં ગ્લુસીનમ તરીકે ઓળખાતું, કારણ કે તેનો સલ્ફેટ ક્ષાર સ્વાદમાં સાકર જેવો છે. ઈ. ૧૭૯૮માં બેરીલિયમ સૌ પહેલું છૂટું પાડવામાં આવ્યું. આજે તે આપણા જીવનમાં એટલું મહત્ત્વનું નથી, કેમકે તેના વિકાસમાં મુખ્ય મુશ્કેલી તેના ખનીજની દુષ્પ્રાપ્યતા છે. જ્યારે બીજી ધાતુઓનાં જુદાંજુદાં ખનીજ ખૂબ મળી આવે છે ત્યારે બેરીલિયમનું ખનીજ એક માત્ર બેરિલ જ છે

—ડૉ. નરસિંહ મૂ. શાહ

એક અદ્ભુત જાતનો કાગળ

ઈ. ૧૯૪૩ના જુલાઇ માસમાં અમેરિકન સરકારે તેની સેનાને નકશો ચીતરેલો એક નવી જાતનો કાગળ આપ્યો અને કહ્યું કે તમે ગમે તેવી ખરાબ રીતે આ કાગળ વાપરશો તો યે તે જેવો ને તેવો જ રહેશે. સૈનિકોએ તે કાગળને વીસ વાર પાણીમાં ઝબોળીને નીચોવ્યો, કેટલીયે વાર તેની ગડીઓ વાળીને તેને ઉકેલ્યો, બંદુકના કુંદાથી તેને ટીપ્યો, તેને તેલ લગાડયું, પેટ્રોલમાં ઝબોળ્યો, કાદવમાં નાંખી ગૂંદ્યો, સાબુના પાણીમાં ઉકાળી બ્રશથી ઘસ્યો, જમીન પર પાથરી આખી સેનાએ તેના પરથી કૂચ કરી અને છેવટે તેના પરથી ટૅંક પણ ચલાવી !! આટલો બધો અત્યાચાર એ કાગળ ઉપર કરવા છતાં યે તે કાગળ જેવો ને તેવો જ રહ્યો!

આ આશ્ચર્યકારક કાગળ શોધવાનું માન અમેરિકાની જાણીતી કાગળ બનાવનારી પેઢી એસ. ડી. વૉરન કંપનીને ફાળે જાય છે. દેખાવમાં સાદા કાગળ જેવા જ આ કાગળની બનાવટમાં પ્લાસ્ટિક નામના પદાર્થનો ઉપયોગ થાય છે. કાગળ બનાવવાનો માવો જ્યારે તૈયાર થાય છે ત્યારે તેમાં પ્લાસ્ટિકનો ભૂકો ઉમેરવામાં આવે છે. પછી બધી ક્રિયા સાદા કાગળની જેમ જ થાય છે પ્લાસ્ટિકના કણો કે જે પાણીથી પલળતા નથી તે કાગળના રેસાઓને ખેંચીને બાંધી રાખે છે અને પાણીમાં પલળવાથી પણ તે જુદા થઈ શકતા નથી. આથી કાગળ ફાટતો નથી. પ્લાસ્ટિકને કારણે કાગળમાં અદ્ભુત શક્તિ આવતી હોવાથી જે કાગળના રેસા લાંબા નહિ હોય તેવા કાગળને પણ મજબૂત બનાવવામાં પ્લાસ્ટિકનો ઉપયોગ થશે.

આ અભિનવ કાગળના અનેકવિધ ઉપયોગો થાય છે, જેમાં સૌથી વધુ નકશામાં. ગયા યુદ્ધમાં ૪૦ કરોડ નકશાઓ આ જ કાગળના બનેલા હતા. દક્ષિણ પૅસિફિકમાં તો આ કાગળના નકશાઓ ઘણા ઉપયોગી નીવડયા, કારણકે ત્યાં બીજા કાગળો ફાટી જતા. આ કાગળમાંથી બનાવેલા થેલાઓ પણ ખૂબ મજબૂત અને ઉપયોગી હોય છે. એવા એક થેલામાં ૨૫ શેર લોટ ભરીને, મજબૂત રીતે બાંધીને પ્રખ્યાત નાયગરા ધોધમાં નાખવામાં આવ્યો, અને ધોધ ઉપરથી પડયા પછી ૭ા કલાક સુધી તે પથ્થર વગેરે સાથે અથડાતો રહ્યો. છતાં અંતે જ્યારે એને બહાર કાઢીને જોયું ત્યારે ન તો કાગળ ફાટ્યો હતો કે ન તો લોટ જરા યે ભીનો થયો હતો! તેવા થેલાઓમાં ભરેલો સામાન મહિનાઓ સુધી ખુલ્લા મેદાનમાં પડી રહેતો, છતાં અંદરની વસ્તુ જરા પણ ખરાબ ન થતી.

હવે આ કાગળનો ઉપયોગ કામળા તથા ચાદરો બનાવવામાં થશે. તેમાંથી બનેલી તે વસ્તુઓ ૧૨ કલાક પાણીમાં પલળી રહેવા છતાં ઉપયોગમાં આવે તેવી હશે. વળી અગ્નિ પણ ન બાળી શકે તેવી તે મજબૂત હશે. પ્રવાસ તથા છાવણીઓમાં આ બંને વસ્તુઓ ઉપયોગની છે. પણ આ કાગળનો સૌથી આશ્ચર્યકારક ઉપયોગ તો મકાનો બનાવવાનો છે! કાગળની બાબતમાં સંશોધન કરનારી ઍપલ્ટનની એક પ્રયોગશાળાનું એક આખું મકાન જ કેવળ આ કાગળનું બનાવેલું છે! માત્ર એક ઇંચ જાડી તેની દીવાલો એટલી તો મજબૂત હોય છે કે તેને બીજા કોઇ આધારની જરૂર પડતી નથી. બે વર્ષથી આ મકાન ઊભું છે છતાં તેને કંઈ આંચ આવી નથી. વળી આ મકાનનું ખરચ પણ બહુ ઓછું આવે છે. (વિજ્ઞાન)

પોલીસ ખાતું-આપણા જીવનનું આવશ્યક અંગ

ડિસેમ્બર અંકમાં 'પ્રજા અને પોલીસ' નામના લેખમાં જણાવ્યા મુજબ હવે પોલીસ તરફ જોવાના આપણા દૃષ્ટિકોણમાં ફરક થવાની જરૂર છે. પોલીસ અને પ્રજાના સંબંધો કોઇપણ આઝાદ દેશનાં સામાજિક જીવનની પારાશીશી હોવાથી આપણા પોલીસો પર હવે માત્ર રાજકીય કાયદાપાલનની જ નહિ પણ સાથે સામાજિક કામગીરી પણ આવી પડી છે. આ કાર્ય માટે, દુનિયાભરમાં આદર્શ મનાતા ઈંગ્લંડના જેવા સારી રીતભાતવાળા પોલીસોની આપણે અપેક્ષા રાખીએ છીએ. પણ પ્રજામાંથી સારા, ભણેલા ને કાયદા-કાનૂન સમજી શકે તેવા માણસો પોલીસખાતામાં મળતા નથી એવી પોલીસખાતાના ઇન્સ્પેકટર જનરલ કામટેએ હમણાં કરેલી ફરિયાદ આપણે ધ્યાન આપ ' જેવી છે. એટલું જ નહિ પણ રવિશંકર મહારાજના પ્રયત્નો છતા ગુજરાતમાંથી તો જરૂરી સંખ્યામાં પણ પોલીસો મળતા નથી એ હકીકત પણ વિચાર પ્રેરે તેવી છે. પ્રજાને પીડતી પોલીસની નોકરી તરફ તિરસ્કાર તથા બેદરકારી બતાવવાનો સમય હવે પૂરો થયો છે અને પ્રજાના સામાજિક જીવનના ઘડતર, રખેવાળી અને સેવા બજાવતા ખાતા તરીકે તેમાં ભણેલા, લાયક તથા વિનયશીલ લોકોએ ઉત્સાહથી જોડાવાનો સમય આવી લાગ્યો છે. આજે પોલીસખાતામાં ઇન્સ્પેકટર, કૉન્સ્ટેબલ તથા પોલીસ માટેની ઘણી જગ્યાઓ ખાલી હોવાથી લોકોની જાણ માટે તેની લાયકાતનું ધોરણ નીચે આપ્યું છે:

(૧) સબ-ઈન્સ્પેકટર—અભ્યાસ: ઈન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ કે તેથી વધુ; વયોમર્યાદા: ૨૫ વર્ષ (કે જે ૨૩ વર્ષ કરવામાં આવનાર છે); ઊંચાઇ: ૫ ફૂટ ૫ ઇંચ; છાતી: ૩૩ ઇંચ. (૨) કૉન્સ્ટેબલ: (ક) હથિયારબંધ પોલીસ—અભ્યાસ: લખી વાંચી શકે તેટલો; વયોમર્યાદા: ૧૮ થી ૨૨ વર્ષ; ઊંચાઈ: ૫ ફૂટ ૬ ઇંચ, છાતી: ૨૨ ઇંચ; (ખ) બીનહથિયારી પોલીસ—અભ્યાસ: ઓછામાં ઓછું ચોથું ધોરણ; વયોમર્યાદા: ૧૮ થી ૨૨ વર્ષ; ઊંચાઇ: ૫ ફૂટ ૪ ઇંચ, છાતી: ૨૨ ઇંચ. ટૂંક વખતમાં હથિયારબંધ પોલીસની ઊંચાઈ-મર્યાદા ૫ ફૂટ ૪ ઇંચ અને બીનહથિયારી પોલીસની ૫ ફૂટ ૨ ઇંચ તથા બંનેની વયોમર્યાદા ૩૦ વર્ષ રાખવામાં આવનાર છે.

આશા છે કે વધુને વધુ સુશિક્ષિત લોકો આ આપણા મહત્ત્વના ખાતા તરફ ધ્યાન આપી તેમાં જોડાશે.

•

અવકાશની રંગલીલા

મુંબાઈથી અમદાવાદ જવા માટે હું સાંજે ૪ા વાગે ફરીથી ઊડયો. એરોપ્લેનમાં સંધ્યાકાળની મારી એ પહેલી મુસાફરી હતી. મુંબાઇ પાસેના આકાશમાં વાદળાંઓ સફેદ વરાળ જેવાં આકારનાં કે રૂપહીન થઈને સઘળે વ્યાપી ગએલાં જણાતાં હતાં. સઘળું વાતાવરણ જાણે ધુમ્મસથી કે સફેદ તેજસ્વી ધુમાડાથી ભરેલું હોય એવું ધૂંધળું જણાતું હતું. આ દૃશ્ય અસાધારણતાવાળું તો હતું જ પરંતુ કોઇ અપાર્થિવ, વિચિત્ર ભાવને પ્રેરનારું પણ હતું. નીચે મુંબાઈ

પાસેના સમુદ્રનાં પાણીનો વિસ્તાર અને ઉપર આ તેજસ્વી-ધૂંધળા વાદળાંવાળા આકાશનો વિસ્તાર બન્ને એકબીજામાં ભળી જઈને અસ્પષ્ટ અનંતતામાં વિસ્તરતા હત.. અને એ ધૂંધળા તેજસ્વી વાતાવરણની પેલીપારથી સૂર્યનારાયણ પોતાની પ્રખર પરંતુ એ ધૂંધળા વાદળાંઓના વિસ્તારમાં આવીને અટવાઈ જતી જ્યોતિ-રેખાઓ રેલાવતો હતો. પરિણામે કેવળ ધૂંધળો પ્રકાશ જ દેખાતો! અહીં મેં પ્રથમ જોયું કે પૃથ્વી ઉપર ઊભા રહીને આકાશમાં જે મેઘધનુષ્યની રંગલીલા જોવામાં આવે છે તેને ક્યાંયે ટપી જાય એટલા રંગોના પટો ને રંગની લીલાઓ આકાશમાં ગતિ કરનારા અમારા વિમાનમાંથી જોઇ શકાતાં હતાં! આકાશમાં ઊડીએ છીએ કે પછી, માનવદ્રષ્ટિને અદૃશ્ય એવા કોઈ દ્રષ્ટાના આનંદને ખાતર? કે પછી, અંદરથી બહાર પ્રગટવું, એ પ્રકૃતિ માત્રનું સ્વાભાવિક સ્ફુરણ જ છે? કે પછી અંતરમાં ગૂઢ કે તિરોભૂત એવા સૌંદર્યને બહાર લાવવું—અભિવ્યક્ત કરવું એ વસ્તુ માત્રનો ધર્મ છે તેથી?

થોડી વાર ચારે બાજુ રંગની લીલા થયા કરતી હતી તે જોતાં એમ લાગ્યું કે અમારું વિમાન આકાશમાં સ્થંભી ગયું છે અને તેની ચારે બાજુએ રંગોના રંગો ભર્યું વાતાવરણ ચાલ્યું જ જાય છે. આવો જાંબલી રંગ, અને આવો આસમાની-લાલ રંગની ઝાંખવાળો આસમાની, આવો બદલાતો સુવર્ણની ઝાંખવાળો લીલો, આવો સુંદર ગુલાબી કદી જોયા ન હતા અને કલ્પી પણ ભાગ્યે જ શકાય.

વસંતપંચમી

ઋતુરાજ વસંતની પધરામણીનો તહેવાર તે વસંતપંચમી. તેનું નિર્માણ શાસ્ત્રો અને ધર્માચાર્યોએ કર્યું નથી. પણ કવિઓ ને ગાયકો, યુવકો ને રસિકોએ તેને સર્જ્યો છે. શિશિરની પ્રખર ઠંડી જઈને વ્યાપતી વસંતની ખુશનુમા આબોહવામાં વૃક્ષોને નવપલ્લવ ધારણ કરતાં જોઈ, સૃષ્ટિમાં નવજીવનનો સંચાર થતો જોઈ, કોને આનંદ ન થાય? કોનું હૈયું ઉન્માદનો ધબકાર ન અનુભવે? એ ભાવનાનો આવિષ્કાર એટલે 'વસંતપંચમી' નો તહેવાર.

મહા માસની સુદ પાંચમે આવતો આ તહેવાર, આમ, કુદરતનો તહેવાર છે. કુદરતમાં તે વખતે આકર્ષક ફેરફારો થવા માંડે છે. વાયુમાં ઉષ્મા આવે છે, વૃક્ષોને નવીન કુંપળો ફૂટવા માંડે છે. મહોર-મંજરીઓ ખેરે છે તથા ફૂલો પૂર બહારમાં ખીલે છે. રંગબેરંગી પતંગિયાંનો સ્વૈરવિહાર શરૂ થાય છે, વાતાવરણને માદક બનાવતો કોયલ કૂજવા માંડે છે, પક્ષીઓ કલ્લોલ કરે છે ને હવા મધુગંધિત બને છે. આમ્રમંજરીની સુગંધ, શુભ્ર અભ્રોની વિવિધતા અને મંદ ગતિએ વહેતાં ઝરણાં તથા નદીઓનું સૌંદર્ય એક અનોખું જ વાતાવરણ ઊભું કરે છે. ધરતીમાતા અમૃત સમાં મધુર ફળોની લ્હાણ કરે છે અને સમસ્ત સૃષ્ટિમાં નવચેતનનો ધબકાર વ્યાપી રહે છે. જેમની રહેણીકરણી કુદરતથી વિખૂટી થઇ નથી, કુદરતને રંગે જે રંગાય છે તે વસંતના નવા પ્રાણનો આ ધબકાર વગર કહ્યે અનુભવે છે ને તેની વધામણીનો ઉત્સવ વસંતપંચમીને દિવસે ઊજવે છે.

આ તહેવાર જુદેજુદે સ્થળે વિવિધ રીતે ઊજવાય છે. તેમાં યે મંદિરોમાં તો તે વિશેષ રૂપે ઊજવાય છે. દેવીનાં મંદિરોમાં વાદ્ય, નૃત્ય, ગાન આદિથી ધામધૂમપૂર્વક ઓચ્છવ થાય છે. કેટલેક ઠેકાણે વળી ઋતુમાં મળતાં પન્હુ આદિ સુંદર ફળો લોકોમાં વહેંચવાનો રિવાજ છે. શ્રીમંત તથા રસિક લોકો પોતાના મિત્રમંડળ સાથે વનભોજન. મિષ્ટાન્નસેવન, જલક્રીડા, ગાયનવાદન આદિ સમારંભો યોજી તે દિવસ આનંદપ્રમોદમાં વિતાવે છે. સામાન્ય જનતા પરસ્પરને કેસૂડાંનો રંગ છાંટી આનંદની રસલ્હાણ માણે છે. આ તહેવાર મુખ્યત્વે ઉત્તર હિંદમાં વધુ પળાય છે; દક્ષિણ બાજુ તે ખાસ પળાતો લાગતો નથી. બંગાળમાં તો એ શ્રીપંચમી તરીકે મોટા પ્રમાણમાં ઊજવાય છે. તે દિવસે નૈવેદ્ય તથા સુગંધિત પદાર્થો અર્પણ કરીને લક્ષ્મીની પૂજા કરવા સાથે સરસ્વતીની પ્રતિમાનું પણ યથાવિધિ પૂજન થાય છે અને ઘરનાં નાનાંમોટાં સૌ સરસ્વતીદેવીને નમસ્કાર કરી માનતા માને છે. તે દિવસે લેખનકાર્ય બંધ રાખવામાં આવે છે. બીજે દિવસે સરસ્વતી-દેવીની મૂર્તિને મોટા ઠાઠમાઠથી નજીકના જલાશય તરફ લઈ જઈ ભક્તિભાવપૂર્વક તેમાં પધરાવવામાં આવે છે. વસંતનો આ તહેવાર પ્રાચીન કાળમાં રોમમાં પણ ઊજવાતો. રોમન પંચાંગમાં વસંતા-રંભના આ દિવસનો ઉલ્લેખ પણ મળી આવે છે.

વસંત એ આમ તો રતિ-મદનની ઋતુ ગણાય, પણ તેમનાં મંદિરો નહિ હોવાથી આ દિવસે લક્ષ્મી ને વિષ્ણુની પૂજા થાય છે. વસંતકાળમાં આવતા વિવાહ, જનોઈ આદિ મંગલ પ્રસંગોની શરૂઆત પણ આ દિવસથી થાય છે.

બધી ઋતુઓમાં વસંત સૌથી વધુ ઉત્સાહવર્ધક છે. પ્રાણી માત્ર પર તે વખતે આકર્ષક કાન્તિ ચઢે છે. તે ઉત્સાહને છાજે એવી ભાવના અને જેવું પ્રસન્ન રૂપ સૃષ્ટિ ધારણ કરે છે તેવી પ્રસન્ન વૃત્તિ આપણે પણ ધારણ કરવી જોઇએ. આ તહેવારને દિવસે શહેર આદિના લોકો વનભોજન, પર્યટન આદિ કાર્યક્રમો મોટા પ્રમાણમાં યોજી કુદરત સાથે સીધો સંપર્ક સાધે તે પણ ઈચ્છવા યોગ્ય છે.

માસમાસના તહેવારો-૨

ત્યારે પૃથ્વી પરના રંગો અને અને રંગોનો પટ પણ, જાણે વિસ્તારને પામે છે. પૃથ્વી ઉપર કદી નહિ જોએલા એવા રંગો અહીં દેખાવા લાગ્યા, એટલું જ નહિ પરંતુ તે ક્ષણેક્ષણે બદલાતા પણ હતા. એ જોઈને મને હિમાલય યાદ આવ્યો. સાંભળ્યું છે કે હિમાલયનાં હિમાચ્છાદિત શિખરોપર જ્યારે સૂર્યોદય કે સૂર્યાસ્ત થાય છે ત્યારે ત્યાં રંગની પણ અનંત લીલા વિસ્તરે છે, કલ્પનાતીત રંગોની લ્હાણી ત્યાં થાય છે અને કોઈ દૃષ્ટા જ્યાં હોતો નથી ત્યાં, અખંડ મૌનની નીરવતામાં પ્રકૃતિ પોતાની સૌંદર્ય સમૃદ્ધિની ભવ્યતાનો આવિર્ભાવ કરે છે. કોને માટે? પોતાના કલાસર્જનમાં આત્મતૃપ્તિ શોધતા કોઇ કલાકાર પેઠે 'स्वांत: सुखाय' —પોતાના જ અંતરના સંતોષ માટે?

થોડી વારે જાણે રૂના ઢગલા અદ્ધર લટકતા હોય તેમ વાદળાંઓ લટકતાંલટકતાં ને ધીમેધીમે ગૌરવપૂર્વક સરવા લાગ્યાં. અમે વાદળાંઓના છુટાછુટા આ ઢગલાઓને જોઇ શકતા એટલું જ નહિ પરંતુ એના મોટાંમોટાં પડછાયાઓ જમીન પર પડતા તે પણ અમે જોઈ શકતા. ત્યાર પછી ચારે બાજુએ એટલાં તો ઘન વાદળાં પ્રસરી ગયાં કે જમીન પણ દેખાતી બંધ થઇ. લાગ્યું કે અમે હવે વાદળાંથી ઉપર આવેલા આકાશમાં એટલે કે જાણે સ્વર્ગલોકમાં હતા! અમારી અને પૃથ્વીની વચ્ચે વાદળાંઓ આવેલાં હતાં તે અંતરિક્ષનો પ્રદેશ બન્યો અને તેની નીચેની જમીન એ પાર્થિવલોક, એમ ત્રિલોક જાણે પ્રત્યક્ષ થયા!

—અંબાલાલ પુરાણી

જાન્યુઆરી તવારીખ

તા. ૧ દેશભરમાંથી અનાજના અંકુશો નાબુદ.

તા. ૩ ચીન સરકાર પાસેના બધા પૈસા ખલાસ થયાની ચીન નાણાંમંત્રીની જાહેરાત.

તા. ૪ હિંદની માફક બ્રહ્મદેશ પણ આઝાદ બન્યો. થાકીન નૂન વડા પ્રધાન નીમાયા.

તા. ૫ યુક્ત પ્રાંતમાં ૧૨ લાખ માણસોનું પ્રાંત રક્ષા દળ તૈયાર કરવાની જાહેરાત.

તા. ૬ કરાંચીમાં મોટા પાયા પર રમખાણ. હિંદે કાશ્મીરનો પ્રશ્ન સલામતી કાઉન્સિલ આગળ રજૂ કર્યો.

તા. ૧૦ ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધના સેનાનાયક મહારાજા કુંવર સહની જપ્ત કરેલી માલમિલકત બિહાર સરકારે તેના વારસોને પાછી આપવાનો હુકમ.

તા. ૧૩ ડાકોરના પ્રખ્યાત રણછોરાયજીનાં મંદિરમાં હરિજનોનો પ્રવેશ.

તા. ૧૩ હિન્દુ મુસ્લીમ એકતા સ્થાપવા માટે મહાત્માજીના ઉપવાસ.
પંદરચી વારના ઉપવાસ.

તા. ૧૫ ભાવનગરમાં પ્રથમવાર જ પ્રજાકીય વચગાળાની સરકારની સ્થાપના.

તા. ૧૮ અગ્રણી નેતાઓએ કોમી એકતા માટે ખાત્રી આપવાથી મહાત્માજીએ ઉપવાસ છોડયા.

તા. ૨૦ ઇન્ડોનેશિયન પ્રજાસત્તાક અને ડચો વચ્ચે સુલેહ થઇ જેથી ૨૯ માસથી ચાલતું યુદ્ધ બંધ થયું.

તા. ૨૨ સ્વીટ્ઝર્લૅન્ડ ખાતેના હિંદી એલચીતરીકે શ્રી ધીરૂભાઇ ભુલાભાઇ દેસાઇ નિમાયા.

તા. ૨૩ કાઠિયાવાડનાં દેશી રાજ્યોનું એક એકમ સૌરાષ્ટ્ર રચવાનો નિર્ણય.

તા. ૨૬ નામાંચા શહેર ચિકાગોમાં કિશોરોમાં વધી પડેલી ગુનાખોરી અટકાવવા ૧૮ વર્ષના અંદરના કિશોરોને કોઇ પુખ્ત ઉમરના માણસ વગર રાતના ૧૦ વાગ્યા પછી બહાર નીકળવાની મનાઇ થઇ.

તા. ૩૦ પ્રાર્થના સભા પર જતા રાષ્ટ્રપ્રાણ મહાત્મા ગાંધીજી પર નથુરામ વિનાયક ગોડસે નામના એક મહારાષ્ટ્રી હિંદુએ ૩ ગોળીઓ છોડી. ૩૫ મિનિટ બાદ ૫-૪૦ મિનિટે મહાત્માજીનું મૃત્યુ.

તા. ૩૧ જમનાકાંઠે રાજઘાટ પર ૧૦ લાખ લોકોની ભવ્ય શોકાંજલિ સાથે મહાત્માજીને અંતિમ સંસ્કાર. આજથી ૪૪ વર્ષ પહેલાં એરોપ્લેન શોધી કાઢનાર રાઈટ ભાઇઓ પૈકી બીજા ભાઇ મિ ઑર્વિલ રાઇટનું ૭૬ વર્ષની વયે અમેરિકામાં મૃત્યુ.

આ માસ ફેબ્રુઆરી ઈતિહાસમાં

તા. ૩ હિંદને ચૂસીને પાયમાલ કરનાર અંગ્રેજોનું હિંદમાં પ્રથમ આગમન, ૧૬૧૩.

તા. ૫ ચૌરીચૌરામાં લોકોએ ૨૧ પોલિસોને અને ૧ સબ ઈન્સ્પેકટરને મારી નાખ્યા, ૧૯૨૨. આમ અહિંસાનો ભંગ થવાથી મહાત્માજીએ સત્યાગ્રહ પાછો ખેંચી લીધો.

તા. ૮ કુમારોને રોચક વૈજ્ઞાનિક તથા સાહસિક કથાઓના લેખક જુલે વર્નનો જન્મ, ૧૮૨૮.

તા ૧૦ રશિયાએ જાપાનને કચડવા યુદ્ધ જાહેર કર્યું, ૧૯૦૪. (જેમાં અંતે તેજ હાર્યું.)

તા. ૧૨ હિંદને જ માતૃભૂમિ બનાવનાર અંગ્રેજ વિભૂતિ દીનબંધુ એન્ડ્રુઝનો જન્મ, ૧૮૭૧.

તા. ૧૪ વિખ્યાત શોધસફરી કૅપ્ટન કૂકનું હવાઇ બેટના વતનીઓને હાથે મૃત્યુ, ૧૭૭૯.

તા. ૧૮ બંગાળના મહાન સંત તથા પરમ જ્ઞાની ગૌરાંગ મહાપ્રભુનો જન્મ, ૧૮૪૫.

તા. ૧૯ ખગોળશાસ્ત્રમાં પાયાની શોધો કરનાર કોપર્નિકસનો જન્મ, ૧૪૭૩.

તા. ૨૦ ભરતપુરનો કિલ્લો જીતવાનો અંગ્રેજોનો ત્રીજો પ્રયાસ પણ નિષ્ફળ ગયો, ૧૮૦૫.

તા. ૨૬ આલ્બા બેટ ઉપર દેશનિકાલ કરવામાં આવેલો નેપોલિયન ત્યાંથી છટકયો, ૧૮૧૫.

તા. ૨૮ કોલંબસના સાહસિક સહસફરી યાનેઝ પીન્ઝોને ઍમેઝોન નદી શોધી, ૧૫૦૦.



આ માસની વ્યક્તિ-વિશેષ: **ટૉમસ આલ્વા એડિસન**

આપણા રોજના વપરાશનો વીજળીનો દીવો ને ગ્રામોફોન જેમાં વિશિષ્ટ છે એવી પોતાની અનેક અદ્ભુત શોધોને કારણે આજના યાંત્રિક અને વીજળિક યુગના પ્રણેતા ગણાતા આ વિચક્ષણ વિજ્ઞાનશાસ્ત્રીનો જન્મ અમેરિકાના ઓહાયો પ્રાંતમાં મિલાન મુકામે એક ડચને ત્યાં ઈ. ૧૮૪૭ની ૧૧મી ફેબ્રુઆરીએ થએલો. માત્ર ત્રણ જ મહિના શાળાનું શિક્ષણ લઇ ૭ વર્ષની વયે તેણે ઘેર જ સ્વબળે અભ્યાસ કરવા માંડયો અને પોતાની જન્મજાત સંશોધનશીલ પ્રતિભાને કારણે એટલી નાની વયે પણ ઘરમાં જ નાનકડી પ્રયોગશાળા સ્થાપીને પ્રયોગ શરૂ કર્યા. તેને માટે જરૂરી પૈસા મેળવવા ટ્રેનમાં છાપાં વેચવાનું શરૂ કરીને પછી ટ્રેનમાં જ છપાતું પોતાનું એક નાનકડું છાપું તેણે કાઢવા માંડેલું. પણ એક વાર પોતાની ભૂલને કારણે ગાડીમાં અકસ્માત થવાથી તે ધંધો છોડી દઈ તારથી સંદેશા મોકલવાનું કામ તે શીખ્યો. તેમાં પણ તેણે નવીનવી શોધો કરી અને ૨૨ વર્ષની વયે મતગણત્રી યંત્રની પોતાની શોધનું પહેલું પેટંટ મેળવ્યું.

નસીબ અજમાવવા તે ન્યૂ યૉર્ક આવ્યો ત્યારે ખિસ્સામાં રાતી પાઈ પણ નહોતી. બે દિવસના કડાકા પછી ત્રીજે દિવસે શેર બજારના ભાવો તારથી નોંધતી એક કંપનીની ઑફિસમાં તે બેઠો હતો ત્યાં એકાએક તારનું યંત્ર તૂટી ગયું. તત્કાલ તેણે તે સમું કરી આપતાં શેઠે તેણે યંત્ર વિભાગનો ઉપરી બનાવ્યો! પછી તો તેણે પોતાની જુદી કંપની શરૂ કરી અને તાર મોકલવાની પદ્ધતિમાં અનેક શોધો કરી જેમાંથી તેને સારા પૈસા મળ્યા.

એ પૈસા વડે તેણે તાર મોકલવાનાં યંત્રો (Tape machine) બનાવવાનું કારખાનું શરૂ કરવાની સાથેસાથે ચુનંદા સહાયકો ભેગા કરી, નાની પ્રયોગશાળા સ્થાપી શોધખોળ શરૂ કરી ને થોડા જ સમયમાં તારના એક જ દોરડા વડે એકીસાથે ૪ સંદેશા મોકલવાની પદ્ધતિ, નવું ટાઈપ રાઈટર, મીમિયોગ્રાફ, કાર્યક્ષમ ટેલિફોન આદિ અનેક શોધો કરી. પણ તે જગપ્રસિદ્ધી પામ્યો તે તો તેની ઈ. ૧૮૭૭માં બહાર પડેલી ગ્રામોફોનની શોધને કારણે. ત્યાર બાદ તેના ઈતિહાસ–પ્રસિદ્ધ વીજળીને લગતા પ્રયોગો શરૂ થયા અને ૪૦,૦૦૦ ડૅલરના ભોગે હજારો પ્રયોગો કર્યા બાદ ઇ. ૧૮૭૯માં તેણે પેલો જગપ્રસિદ્ધ કાર્બનના તારવાળો વીજળીનો ગોળો શોધી કાઢયો! એ સિવાય વીજળી ઉત્પન્ન કરતા યંત્રથી માંડી ગોળા સુધી તેણે અનેક અવનવી શોધો કરી, જેને કારણે આજના 'વીજળી યુગ'નો પાયો નંખાયો. ઈ. ૧૮૮૯માં તેણે સૌ પહેલો મૂક સીનેમા જગત આગળ રજૂ કર્યો અને આગળ ઉપર તેમાં સુધારો કરીને તેને બોલતો પણ કર્યો. રેડિયોની શોધમાં સહાયભૂત થતી 'એડિસન ઇફેકટ' ની શોધ પણ તેણે એ જ અરસામાં કરેલી.

અચલ કીર્તિ અને અઢળક લક્ષ્મી મેળવીને જગતનો આ વિજ્ઞાનશિરોમણિ જ્યારે ઈ. ૧૯૩૧ના ઑકટોબરની ૧૮મી એ મૃત્યુ પામ્યો ત્યારે જગતને ચરણે પોતાની ૧૧૦૦ ઉપરાંત ઉપયોગી શોધો તેણે મૂકેલી, જે તેની કીર્તિના જ્વલંત સ્મારક સમી બની રહી છે.

તું પાપ સાથે નવ પાપી મારતો

મહાત્માજીને તેમના આશ્રમમાં મળવા ગએલા કેટલાક પરદેશી પત્રકારો પૈકી એક, વિનય ખાતર પોતાના બૂટ બહાર કાઢીને અંદર ગયો તે જોઈ બાકીના પત્રકારોએ તેને અસભ્ય, અસંસ્કૃત કહીને વગોવવા માંડતાં તે બીચારો ભોંઠો પડી ગયો. મહાત્માજીએ તેને આશ્વાસતો મર્માળો કટાક્ષ કર્યો, 'જેઓનાં મોજાં ફાટેલાં ન હોય તેમને પોતાના બૂટ કાઢવાનો અધિકાર છે.' ગંભીર બનેલી તે બેઠકમાં હાસ્યનું મોજું ફરી વળ્યું અને પેલા વગોવનારાઓને મીઠી ચીમકી મળી.

કહેવતની કથા: 'અગસ્ત્યના વાયદા' કદી ન પૂરો થાય એવો વાયદો આપનાર માટે વપરાતી આ કહેવત પાછળ એવી કથા છે કે એક વખતે મહા તપસ્વી અગસ્ત્ય ઋષિને કાને વાત ગઈ કે વિન્ધ્યાચળ પર્વત ખૂબ ઊંચો વધવાને કારણે દેશમાં અંધઃકાર વ્યાપી જઈ લોકોને ખૂબ હેરાનગતિ થાય છે. તરત તે મહાસામર્થ્યશાળી મુનિ તે પર્વત પાસે જતાં વિન્ધ્યાચળે તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેમ કરતાં જેવો તે આડો પડ્યો તેવા જ અગસ્ત્ય ઋષિએ તેને આજ્ઞા કરી કે જ્યાં સુધી હું દક્ષિણેથી જઈ પાછો ન આવું ત્યાં સુધી તારે આમ આડા પડ્યા રહેવું. આવો વાયદો આપી તે દક્ષિણ ભારતમાં ચાલ્યા ગયા, અને લોકોના હિત માટે ફરી ઉત્તર તરફ ન જતાં દક્ષિણમાં જ આશ્રમ સ્થાપીને રહ્યા. આમ વિન્ધ્યાચળને આપેલો વાયદો કદી પૂરો થયો જ નહિ અને તે આડોને આડો જ રહ્યો. આ કહેવતને મળતી બીજી કહેવતો: 'વાયદે ગયું તે વાએ ગયું', 'દાસ જીનકુ કહે કાલ, ઊનકે કોન હવાલ', 'વાયદા પર વાયદો તેમાં કોણ કાઢે ફાયદો?' વગેરે.

ગણિત–ગમ્મત

'૧, ૨, ૩, ૪, ૫' અને '૫, ૬, ૭' એ બે ક્રમિક સંખ્યાનાં જૂથમાં વિલક્ષણ સંબંધ રહેલો છે. પહેલા જૂથની વચલી સંખ્યા ૩ કરતાં બીજા જૂથની વચલી સંખ્યા ૬ બમણી છે. તેવી જ રીતે પહેલા જૂથની પહેલી અને છેલ્લી સંખ્યાના સરવાળા (૧+૫=૬) કરતાં બીજા જૂથની પહેલી અને છેલ્લી સંખ્યાનો સરવાળો (૫+૭=૧૨) પણ બમણો થાય છે. વળી $૧^{૨}+૨^{૨}+૩^{૨}+૪^{૨}+૫^{૨}=૫૫$ કરતાં $૫^{૨}+૬^{૨}+૭^{૨}=૧૧૦$ પણ બમણા થાય છે.

—મ. ના. ખત્રી



અકબરનો પડેલો આ ઉપરનો ૧૭૫ ગ્રેનનો રૂપિયો ઘાટમાં તો સામાન્ય છે, પણ તે અમદાવાદની ટંકશાળમાં પાડેલો છે એ તેની વિશિષ્ટતા ખાતર અહીં આપ્યો છે. તેમાં કાંગરીવાળા ચોરસની વચ્ચે 'જલાલુદ-દીન મુહમ્મદ અકબર બાદશાહ ઘાઝી ૯૮૨ (હીજરી સન)' એમ લખેલું છે અને ચોમેરના હાંસિયામાં 'અસ્સુલતાનુ લ આઝમ ખલ્લદ અલ્લાહુ તઆલા મુલ્કહુ વ સલ્તનતહુ ઝુરીબ દરૂ-સ-સલ્તનતી અહમદાબાદ (સલ્તનતના અહમદાબાદ મથકે પાડેલો)' એવા લખાણનો ભાગ જણાય છે.

અનેકાર્થી શબ્દ: **સેર**=મોતી, મણકા વગેરે પરોવેલો દોરો; તેવી માળા; હવા ખાવી તે અથવા સહેલ; ઘાસનું ચપટું પાન કે સળી; ધાર કે ધારા; શિરા કે નસ.



કલાકણિકા : રૂપાની ઉપસાવેલી બેનમૂન કારીગરીવાળું બ્રહ્મદેશનું વાટકા જેવું પાત્ર.

ક્રિસ્ટમસ વખતે અભિનંદન કાર્ડ મોકલવાની પ્રથા ઇ. ૧૮૪૪માં ઇંગ્લંડમાં રાણી વિક્ટોરિયાના રાજ્ય-અમલમાં ડૉબસન નામના ચિત્રકારે શરૂ કરેલી.

આરસપહાણ પરના ડાઘા દૂર કરવા માટે લીંબુનો રસ અને મીઠું અરધો કલાક તેના પર ચોપડી રાખવું અને પછી સારી પેઠે ઘસીને ધોઈ નાખવાથી સાફ થશે.

દુનિયામાં સૌથી મોટું પુસ્તકાલય ફ્રાન્સનું રાષ્ટ્રીય પુસ્તકાલય (Bibliotheque Nationale France) છે. તેમાં એક અબજ ઉપરાંત પુસ્તકો છે



વિલીન થતી જીવનજ્યોત તરીકે એક જ રેખામાં આલેખેલી ગાંધીજીની છબિ
(ચિત્રકાર બંસીલાલ વર્મા)



'કબા ગાંધી' નામથી જાણીતા, મહાત્માજીના પિતાશ્રી કરમચંદ ઉત્તમચંદ ગાંધી



જમણી બાજુ : 'પ્રાર્થના'–૧૯૪૨-૪૫ના યરવડાના છેલ્લા બંદીવાસ દરમ્યાનની ત્યાંની મહાત્મા ગાંધીજીની જીવનચર્યા પૈકી એકના દૃશ્યનું આલેખન કરતું વૂડકટ ચિત્ર : ચિત્રકાર–ધીરેન ગાં

ગુજરાતમાંની હિંદુ મહાસભાનું વિસર્જન કરો

અમદાવાદે જલદી પહેલ કરવી જોઇએ

તે ગુજરાતના હિતમાં છે

ગુજરાતભરની હિન્દુ મહાસભા વિખરાઈ જવી જોઇએ અને તેમાં અમદાવાદે પહેલ કરવી જોઇએ. જો આમ નહિ કરે તો હિન્દની પંચ્યાશી ટકા હિન્દુ કોમને તે નુકશાન કરશે, કારણ કે અંદરોઅંદરનો આંતરવિગ્રહ મળેલી આઝાદીનો નાશ કરશે.

પૂ૦ મહાત્માજીનો હિન્દુ મહાસભાની વ્યક્તિએ નાશ કર્યો તે ગુજરાતની હિન્દુ મહાસભાને લાંછન છે અને ગુજરાતની પ્રજા હિન્દુ મહાસભાની કોઈ પણ વ્યક્તિને ક્રૂર, હિંસક રૂપે જોશે. મતભેદ હોય, પણ તેથી નેતાઓનો અને તેમાં યે વિશ્વનેતા ઠરેલા પૂ૦ ગાંધીજીનો પ્રાણ લેવો એ પેઢીઓ સુધી માફ થઈ ન શકે તેવો દેશનો દ્રોહ છે. ભલે દેશવ્યાપી હિન્દુ સભાનો તેમાં હાથ ન હોય ને કોઇ એકાદ જિલ્લાની હિન્દુ સભાનો હાથ હોય, પણ તે સસ્થાનું નામ જ હવે દેશદ્રોહી ગણાશે. ન ગમતું થઇ ગયું છે માટે ગુજરાતભરના હિન્દુ મહાસભાવાદીઓ જરા યે વિલંબ વિના હિન્દુ મહાસભાનું વિસર્જન કરશે એવી આપને દર્દભરી, તાકીદભરી સૂચના છે.

મારા કૉંગ્રેસ ભાઇઓને પણ વિનંતી છે કે હવે હિન્દી સંઘ વિસ્તારમાં રાજદ્વારી સંસ્થાઓ જુદીજુદી ન જોઇએ એક જ **'હિન્દી સઘ'** એ સંસ્થા રાખી, બીજી સંસ્થાઓ બંધ કરી, કાઠિયાવાડની જેમ પ્રજા સંસ્થાઓનું એકમ કરીને હિન્દી સંઘને રાજ્ય કરવા દેશો તો દેશ આબાદ થશે: કારણ એકમનું જ્ઞાન બીજાને આપતાં પહેલાં આપણે અપનાવીએ તો ઠીક થશે.

સંસ્થાઓનો મોહ છોડો. હિન્દ સર્વનું છે અને રહેશે. તે પર સર્વની સત્તા ને સર્વનો માલિકીહક્ક છે. વાડાપાડા તથ પક્ષ પૂ૦ બાપુજીની યાદગીરીમાં છોડી દેવા જોઇએ.

ખેડૂત ઑફિસ
૨૪૫૬, ભદ્ર
અમદાવાદ

લિ૦ આપનો
રેવાશંકર હરિશંકર ત્રિવેદી
હિંદી સંઘ એક જ સંસ્થા રહે તેવું ઈચ્છનાર
કૉંગ્રેસમેન